# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.નુરભાઈ દાઉદભાઈ રાજપુરા(ફતે)(કેસરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ગુલામઅલી નુરભાઈ રાજપુરા(ફતે)
રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન મીકદાદઅલી ખરોડીયા
રૂા.૧૦૦/- મો.શેરબાનુ અહેસાનઅલી ભટ્ટ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન મંજૂરઅલી ખરોડીયા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન હસનઅલી ખણુશીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન ઈરશાદએહમદ રાજપુરા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ દાઉદભાઈ રાજપુરા
રૂા.૫૦/- મો.રહીમબેન કાસમભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.અમીનાબેન હાસમભાઈ ખરોડીયા
રૂા.૫૦/- મો.રસુલબેન ઈબ્રાહીમભાઈ રાજપુરા
રૂા.૨૫/- મો.આબેદાબેન હસનઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.સુલેમાનભાઈ દાઉદભાઈ રાજપુરા
રૂા.૨૫/- મો.ઝોહરાબેન આબિદહુસૈન મસી
રૂા.૧૦૦/- મો.વલીભાઈ દાઉદભાઈ રાજપુરા(ફતે)

**રૂા.૨૧૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ અલાદભાઈ બટ્ટી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**રૂા.૧૫૦૦/- મો.હાજી નશીરભાઈ વજીરભાઈ સેલીયા(ભૂરા) (કાકોશી), મો.મંજૂરહુસૈન નશીરભાઈ સેલીયા, મો.આબેદાબેન મંજૂરહુસૈન સેલીયા, મો.જમીલહુસૈન મંજૂરહુસૈન સેલીયા, મો.શાકિરઅલી મંજૂરહુસૈન સેલીયા, મો.હુસૈનાબેન ખાદિમહુસૈન પટાવટ, મો.સાકેરાબેન મોહસિનઅલી ભાગળીયા, મો.નફીસાબેન હસનઅબ્બાસ સેલીયા તરફથી મર્હૂમા મો.હાજીયાણી સકીનાબેન હાજી નશીરભાઈ સેલીયા(ભૂરા)(કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

**મર્હૂમ મો.રહીમભાઈ યારમદ કડીવાલા (સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.હલીબેન રહીમભાઈ કડીવાલા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન ઝુલ્ફિકારઅલી પિયારજી
રૂા.૧૦૦/- મો.હનીફાબેન અહમદભાઈ અસામદી

**મર્હૂમ મો.ગુલામહુસૈન દાઉદભાઈ ખણુશીયા(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ફાતમાબેન ગુલામહુસૈન ખણુશીયા
રૂા.૧૦૦/- મો.ગુલામભાઈ વજીરભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.અનવરઅલી ગુલામભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.શેરઅલી સુલેમાનભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી સુલેમાનભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર વલીભાઈ ભગત
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી વલીભાઈ ભગત
રૂા.૧૦૦/- મો.સકીનાબેન દાઉદભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.ઝયનબબેન અબ્બાસભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન તાહેરઅલી કોવડીયા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન અનવરઅલી વાઘ
રૂા.૧૦૦/- મો.રૂકૈયાબેન ગુલામહુસૈન મસી
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ઈમદાદઅલી ભૂરા
રૂા.૧૦૦/- મો.સાકેરાબેન મહંમદઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન અકબરઅલી ઢુઢા
રૂા.૧૦૦/- મો.કનીઝફાતમા ગુલામહુસૈન ખણુશીયા

રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતમા ગુલામહુસૈન ખણુશીયા
રૂા.૧૦૦/- મો.મંજૂરફાતમા ગુલામહુસૈન ખણુશીયા
રૂા.૧૦૦/- મો.અઝમતફાતમા અનવરઅલી ખણુશીયા
રૂા.૧૦૦/- મો.અસગરઅલી અનવરઅલી ખણુશીયા
રૂા.૧૦૦/- મો.મદીનાબેન ગુલામમોહંમદ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી તાહેરઅલી ખણુશીયા
રૂા.૫૦/- મો.કનીઝફાતમા તાહેરઅલી ખણુશીયા
રૂા.૨૫/- મો.મોહસિનઅલી ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૫/- મો.અહેસાનઅલી ઈમ્દાદઅલી ભૂરા
રૂા.૫૦/- મો.આરેફાફાતમા મહંમદઅલી દાંત્રેલિયા
રૂા.૨૫/- મો.ઈસ્મતફાતમા ગુલામઅબ્બાસ મસી
રૂા.૨૫/- મો.બાકરઅલી ઈમ્દાદઅલી ભૂરા
રૂા.૨૫/- મો.મોહંમદઈલિયાસ અકબરઅલી ઢુઢા
રૂા.૧૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ ભટ્ટા

રૂા.૨૦૧/- મો.નૂરમહંમદ હાજી ફતેભાઈ મોમિન(દમણ)તરફથી તેમની નવાસી મકબૂલફાતેમા ઈસ્માઈલભાઈ સુથારની શાદીની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૧/- મો.મર્હૂમ શરીફભાઈ પીરમોહંમદભાઈ માણુસીયા(જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૨૦/- મો.એહસાનઅલી ગુલામભાઈ થરાદરા(વાઘણા)તરફથી મર્હૂમ કાસમભાઈ નશીરભાઈ મસી અને મર્હૂમા સકીનાબેન કાસમભાઈ મસીની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.હૈદરઅલી યૂસુફભાઈ મુખી સુરપુરા તથા તેમનાં મહોરદાર(સુરપુર)તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત કરીને વતન પરત આવ્યા તેની ખુશાલી પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરત અમ્માફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૦/- મો.શેરઅલી યૂસુફભાઈ કોવડીયા(કનાઈ)તરફથી તેમના પુત્ર ઈરશાદ એહમદ તથા પુત્રી રહેમતફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.**

રૂા.૨૦૦/- મો.ઈબ્રાહીમભાઈ જલાલભાઈ દેધરોટીયા(કનાઈ)તરફથી તેમના પુત્ર સિરાજએહમદની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખણુશીયા(કનાઈ)તરફથી તેમની પુત્રી તનવીરફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મો.મર્હૂમ રહીમભાઈ યારમદ કડીવાલા(સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ઈકબાલભાઈ વલીભાઈ મસી તથા તેમનાં મહોરદાર રહેમતબેન ઈકબાલભાઈ મસી(મહેરપુરા)તરફથી તેઓ ઉમ્રહ તથા ઝિયારત કરવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.નજમાબેન હૈદરઅલી આગલોડીયા(પીંપોદર)તરફથી તેમણે B.Sc. (Nursing)ની પરીક્ષા પાસ કરી તેની ખુશાલી પ્રસંગે.


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે તથા મકાનના પ્લોટ તથા ફ્લેટ બુકીંગ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.


**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدۡنِیۡ عِلۡماً وَارۡزُقۡنِیۡ فَهۡماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)




અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૧૦ ❖ ૧૦, જૂન-૨૦૧૨

૧૯, રજબ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૦

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨ હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૯ |
| ❋ અહાદીસ | ૧૦ |
| ❋ ગડમથલ | ૧૨ |
| ❋ દુરૂદ શરીફની ફઝીલત | ૧૩ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❋ નહજુલ અસરાર | ૨૫ |
| ❋ મશાયખવાણી | ૨૯ |
| ❋ સૈયદાએ આલમ(સલા.અ.)નો મોઅજિઝો શાયરી સ્વરૂપે | ૩૩ |
| ❋ નબવી અદાલત | ૪૩ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૫ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૭ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૯ |
| ❋ અલ ઈર્શાદ | ૫૧ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૪ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૭ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |


## ઊઘડતે પાને...

મુફઝ્ઝલ બિન ઉમરથી રિવાયત.

એમનું બયાન છે,

એક દિવસ મેં હઝરત અબૂ અબ્દુલ્લાહ ઈમામ જાફર સાદિક(અ.)ને અરજ કરી,

'શું આપ મને આપનાં જદ્દાએ માજિદા હઝરત ફાતેમા ઝહરા(સલામુલ્લાહે અલૈહા)ની વિલાદતની કોઈ વાત સંભળાવશો ?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'હા, સાંભળો. જયારે હઝરત ખદીજા સિદ્દિકાના નિકાહ હઝરત રસૂલિલ્લાહ(સ.)ની સાથે થયા તો મક્કાની ઓરતોએ તેમની સાથેના સઘળા સંબંધો કાપી નાખ્યા. એમની પાસે ન તો કોઈ ઓરત આવતી હતી કે ન કોઈ આપની સલામ કરતી હતી અને ન તો કોઈ બીજી ઓરતોને આપને પાસે આવવા દેતી. આવી પરિસ્થિતિ જોઈને હઝરત ખદીજા ખૂબ જ પરેશાન રહેવા લાગ્યાં. એમને સૌથી વધારે ચિંતા તો હઝરત રસૂલે ખુદા(સ.)ની થતી હતી.

ટૂંકમાં, જયારે આપના મુબારક બતનમાં હઝરત ફાતેમા ઝહરા(સ.) આવ્યાં તો આપ એ જ વખતથી પોતાની માતાનો જીવ બહેલાવવા માટે એમની સાથે વાતચીત કર્યા કરતાં હતાં અને તેમને સબ્ર અને ધીરજ રાખવાની નસીહત કરતાં હતાં. પરંતુ આ બાબત હઝરત ખદીજાએ હઝરત રસૂલિલ્લાહ(સ.)ને બતાવી ન હતી.

એક દિવસની વાત છે.

આં હઝરત(સ.) પોતાના ઘરમાં દાખલ થયા તો આપ(સ.)એ સાંભળ્યું કે હઝરત ખદીજા કોઈની સાથે વાતો કરવામાં મશગૂલ છે.

આપ(સ.)એ પૂછ્યું,

'અય ખદીજા ! અહીંયાં તો કોઈ માણસ દેખાતો નથી તેમ છતાં તમે કોની સાથે વાતો કરી રહ્યાં છો ?'

તેમણે અરજ કરી,

'યા હઝરત ! આ બચ્ચું કે જે મારા પેટમાં છે તે ઘણી વખત મારી સાથે વાતો કર્યા કરે છે જેના કારણે મારું દિલ ખુશ થઈ જાય છે.'

આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'અય ખદીજા ! અલ્લાહ તઆલાએ જિબ્રઈલ(અ.) દ્વારા મને એવી ખબર આપી છે કે જે આપણા માટે ખુશીનું કારણ છે. આ બચ્ચું એક દીકરી છે કે જે તમારી સાથે વાતચીત કરી રહેલ છે. આ દીકરી તાહિરા (પવિત્ર) છે. અલ્લાહ તઆલા આ દીકરીની નસલથી ઈમામોને પેદા કરશે કે જેમને અલ્લાહ તઆલા વહીનો સિલસિલો સમાપ્ત થઈ ગયા પછી મારા વસી અને દુનિયામાં પોતાના ખલીફા મુકર્રર ફરમાવશે કે જે મારી નસલ કહેવાશે.'

ત્યાર પછી તો હઝરત ખદીજા પોતાની દીકરી સાથે વાતો કરતાં અને પોતાના જીવને બહેલાવતાં રહ્યાં એટલે સુધી કે વિલાદતનો સમય નજીક આવી ગયો. તેમણે કોઈકને બની હાશમ અને કુરૈશની સ્ત્રીઓ પાસે મોકલી જેથી પ્રસૂતિ વખતે તેઓ મદદ કરે. પરંતુ તેમણે તો એવો જવાબ આપ્યો કે તમે તો અમારી વાત માની જ નહીં અને અબ્દુલ્લાહના યતીમ (મોહંમદ(સ.)) સાથે નિકાહ કર્યા કે જે બિલકુલ ફકીર અને નિર્ધન છે તેથી અમે તો નહીં આવીએ અને આ કામમાં અમે તમારી મદદ નહીં કરીએ.

આ સાંભળીને હઝરત ખદીજાને ખૂબ દુઃખ થયું અને હજુ તો તેઓ એવી ચિંતામાં જ બેઠેલાં હતાં અને વિચાર કરી રહ્યાં હતાં એવામાં આપની પાસે ચાર સ્ત્રીઓ, ઘઉવર્ણા રંગની, લાંબા કદની, (જેવી ખાસ કરીને બની હાશમની ઓરતો હોય છે) આવી. આ અજાણી સ્ત્રીઓને જોઈને તેઓ સ્હેજ ગભરાયાં તો તેમનામાંથી એકે કહ્યું,

'અય ખદીજા ! ગભરાવાની કોઈ જરૂર નથી. અમે તો તમારા રબ તરફથી (દાયણનું) કામ કરવા આવ્યાં છીએ. આ હઝરત આસિયા બિન્તે મઝાહિમ છે કે જે જન્નતમાં તમારી સહેલી બનશે. આ હઝરત મરિયમ બિન્તે ઈમરાન છે, આ હઝરત મૂસા(અ.)ની સગી બહેન કુલસુમ છે અને હું ઈબ્રાહીમ(અ.)ની બીબી સારા છું.'

ત્યાર પછી તો તેમનામાંથી એક જમણી

બાજુએ બેસી ગયાં, એક ડાબી બાજુએ, એક સામેની બાજુએ અને એક પાછળની બાજુએ બેસી ગયાં. ત્યાર પછી હઝરત ફાતેમા તાહિરા અને મુતહ્હરાની વિલાદત અમલમાં આવી. જયારે આપનો જનમ થયો તો આપના ચહેરામાંથી એક એવું નૂર નીકળ્યું કે જેની રોશની મક્કાના દરેક ઘરમાં પહોંચી ગઈ બલ્કે પૂર્વથી પશ્ચિમ સુધી જમીનની સપાટી ઉપર કોઈ એવી જગ્યા બાકી ન હતી કે જયાં તેમનું નૂર પહોંચ્યું ન હોય.

ત્યાર પછી જન્નતમાંથી દસ હૂરો આવી. દરેકની સાથે એક થાળ અને એક લોટો હતો જેમાં આબે કૌસર ભરેલું હતું અને જે સન્નારી હઝરત ખદીજાની સામે બેઠેલાં હતાં તેમણે એક હૂરના હાથમાંથી લોટો લીધો અને હઝરત ફાતેમા (સલા.અ)ને આબે કૌસરથી ગુસલ આપ્યું. ત્યાર પછી બે કપડાં બહાર કાઢ્યાં કે જે દૂધ કરતાંય વધારે સફેદ અને મુશ્ક અને અંબર કરતાંય વધારે ખુશ્બૂદાર હતાં. એક કપડામાં આપને લપેટી દીધાં અને બીજું કપડું દુપટ્ટાની માફક માથા ઉપર નાખી દીધું. ત્યાર પછી તેમની સાથે કંઈક બોલવાની ઈચ્છા જાહેર કરી તો હઝરત ફાતેમા(સલા.અ.)એ શહાદતૈનનો કલમો પોતાની જીભ ઉપર જારી કર્યો અને ફરમાવ્યું,

**'અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વ અન્ન અબી રસૂલલ્લાહ સૈયદુલ અંબિયા વ અન બઅલી સૈયદુલ અવસિયા વ વલદી સાદતલ અસ્બાત.'**

(અર્થાત : હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય (બીજો કોઈ) ખુદા નથી અને એ કે મારા પિદરે બુઝુર્ગવાર અલ્લાહના રસૂલ અને અંબિયાઓના સરદાર છે અને એ કે મારા શૌહર અવસિયાઓના સરદાર છે અને મારા દીકરાઓ આગળની નસલોના (અર્થાત પૌત્રો, વગેરેના) સરદાર છે.)

ત્યાર પછી આપે એ ચારેય ઓરતોનાં નામ લઈ લઈને સલામ કરી. તે બધી ઓરતો હસવા લાગી. હૂરોએ એકબીજાને હઝરત ફાતેમા(સ.અ.)ની વિલાદતની મુબારકબાદી આપી. આકાશવાસીઓએ પણ એકબીજાને મુબારકબાદી આપી. ત્યાર પછી આસમાન પર એક એવું નૂર જાહેર થયું કે ફરિશ્તાઓએ આવા પ્રકારનું નૂર કદી જોયું ન હતું.

ટૂંકમાં તે ઓરતોએ હઝરત ખદીજાને કહ્યું,

અય ખદીજા ! લઈ લો, આ આપની બેટીને કે જે બિલકુલ તાહિરા અને મુતહ્હરા છે. પાક અને સાફ છે. પ્રતાપી છે અલ્લાહ તેને તેની નસલમાં બરકત આપશે.'

ત્યાર પછી હઝરત ખદીજાએ તેમને ખુશી ખુશી લઈ લીધાં, છાતી સાથે લગાવી દીધાં અને પોતાનું દૂધ પાયું.

હઝરત ફાતેમા(સલા.અ.) એક દિવસમાં એટલું બધાં વધતાં હતાં જેટલું સામાન્ય બાળકો એક મહિનામાં વધતાં હોય છે અને એક મહિનામાં એટલું બધું વધતાં હતાં કે જેટલાં સામાન્ય બાળકો એક વર્ષમાં વધતાં હોય છે. (અમાલી શેખ સદૂક)

(બિહારૂલ અન્વાર,ભાગ-૩, બાબ-૧, પેજ-૮ થી ૧૦માંથી ભાષાંતરિત)

*

મઆફી અલ અખબારમાં છે.

સદીર સૈરફીએ હઝરત અબુ અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક(અ.)થી અને તેમણે પોતાના પિતાથી રિવાયત કરી છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'મારી બેટી ફાતેમા(સલા.અ.)નું નૂર જમીન અને આસમાનની ખિલ્કતના પહેલાં પેદા થયું.'

કોઈએ આપને અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! એનો મતલબ એ છે કે શું જનાબે ફાતેમા(સલા.અ.) ઈન્સાની મખ્લૂક નથી?'

આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'ફાતેમા(સલા.અ.) ઈન્સાનની શકલમાં એક હૂરા છે.'

તેણે ફરીથી અરજ કરી,

'યા નબીઅલ્લાહ ! આ હૂરા ઈન્સાની શકલમાં કેવી રીતે ?'

આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'આલમે અર્વાહમાં હઝરત આદમ(અ.)ની ખિલ્કતના પહેલાં અલ્લાહ તઆલાએ પોતાના નૂરમાંથી ફાતેમા(સલા.અ.)ના નૂરને પેદા કર્યું. તે અમુક અરસા સુધી અર્શના પીંડની નીચે નૂરના કુબ્બા(નાના ગુંબદ)માં રહ્યું.'

તેણે અરજ કરી,

'યા નબીઅલ્લાહ ! ત્યાં જનાબે ફાતેમા(સલા.અ.)નો ખોરાક શું હતો ?'

આપ(સ.)એ ફરમાવ્યું,

'પરવરદિગારે આલમની તસ્બીહ અને તકદીસ, તહ્લીલ અને તહ્મીદ*. પરંતુ જ્યારે અલ્લાહે હઝરત આદમ(અ.)ને પેદા કર્યા અને તેમની સુલ્બથી મને પેદા કર્યો અને એવું ઈચ્છ્યું કે મારી સુલ્બથી ફાતેમા(સલા.અ.)ને પેદા કરે તો તેમના નૂરને જન્નતમાં સફરજનના સ્વરૂપમાં બનાવી દીધું. તે સફરજન જિબ્રઈલ(અ.) લઈને આવ્યા અને બોલ્યા, અય મોહંમદ ! **અસ્સલામો અલૈક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.**'

મેં કહ્યું,

'અય મારા દોસ્ત જિબ્રઈલ ! **વ અલૈકસ્સલામ વ રહમત.**'

તેમણે કહ્યું,

'અય મોહંમદ ! અલ્લાહ તઆલા આપને સલામ કહે છે.'

મેં કહ્યું,

'સલામ તેના તરફથી છે અને તેની તરફ જ પાછા ફરવાનું છે.'

જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'અય મોહંમદ ! આ એક સફરજન છે કે જેને જન્નતમાંથી અલ્લાહ તઆલાએ આપના માટે તોહફા તરીકે મોકલ્યું છે.'

મેં તે સફરજન લઈને મારી છાતી સાથે લગાવ્યું.

જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'યા મોહંમદ ! અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે કે તેને આપ ખાઈ જાઓ.'

મેં કહ્યું,

'ખૂબ સરસ.'

ત્યાર પછી હું તેને ખાવા લાગ્યો તો મેં જોયું કે તેમાંથી એક નૂર નીકળ્યું. મેં થોડો વિલંબ કર્યો.

જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'અય મોહંમદ ! આપ તેને ખાવામાં વિલંબ ન કરો કેમકે આ નૂર એ(ઈસ્મતે મઆબ)નું છે કે જેનું નામ આસમાન પર **મન્સૂરા** છે અને જમીન ઉપર ફાતેમા(સલા.અ.) છે.'

મેં કહ્યું,

'અય મારા દોસ્ત જિબ્રઈલ ! તેનું નામ આસમાન ઉપર મન્સૂરા અને જમીન ઉપર ફાતેમા શા માટે છે ?'

જિબ્રઈલ(અ.)એ કહ્યું,

'તેમનું નામ જમીન ઉપર **'ફાતેમા'** એટલા માટે છે કે તે પોતાના શીઆઓને જહન્નમથી છોડાવશે અને પોતાના દુશ્મનોને પોતાની

---

* તસ્બીહ એટલે 'સુબ્હાનલ્લાહ'નો ઝિક્ર
તક્દીસ એટલે અલ્લાહની પાકીઝગીનો ઝિક્ર
તહ્લીલ એટલે લાઈલાહા ઈલ્લલ્લાહનો ઝિક્ર
તહ્મીદ એટલે અલ્લાહની હમ્દનો ઝિક્ર
તકબીર એટલે 'અલ્લાહુ અકબર'નો ઝિક્ર

મોહબ્બતથી જુદા રાખશે. અને આસમાન ઉપર તેમનું નામ મન્સૂરા એટલા માટે છે કે અલ્લાહ તઆલાનો ઈર્શાદે ગિરામી છે :

وَيَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُونَ
بِنَصْرِ اللَّهِ ۚ يَنصُرُ مَن يَشَاءُ

**વ યૌમએઝીય્યફરહુલ મોમિનૂન બે નસરિલ્લાહ યન્સોરો મૈયશાઓ.**

(સૂરએ રૂમ, આયત-૪ થી ૫)

(અર્થાત : એ દિવસે મોમિનો અલ્લાહની સહાયતાથી ખુશ થઈ જશે અને તે ઈચ્છશે તેમની સહાયતા કરશે.)

એનો અર્થ એવો થયો કે (અલ્લાહની નુસરત-સહાયતાથી મુરાદ ફાતેમા(સલા.અ.) છે) ફાતેમા(સલા.અ.) પોતાના દોસ્તો, મોહિબ્બો અને શીઆઓને પોતાની સહાયતાથી ખુશ કરશે.

(મઆની અલ અખબાર) ✻


Najarmohammad Vijapura
99 98 98 67 77

**યામ લેસર ટેક**

**હોટલ તેમજ ઓફિસ માટે એક્રેલીક બોર્ડ વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.**

- **LED Board (Single & Multi Colour)**
- **Box Letter Board**
- **Acrylic Board & Trophy**
- **Redium & Vinyle Board**
- **Flex & Glowsign Board**

**::::: Laser Cutting In :::::**
Wood, Acrylic, MDF, Paper, Ply &Leather
**::::: Laser Engraving In :::::**
Wood, Acrylic, MDF, Paper, Ply, Glass, Leather

**Shop No.6, 1st Floor, Samrudhi Complex, Nr. L.I.C. Office, Opp. Nyay Mandir Bus Stand, Himmatnagar.**

Website : www.yamlasertech.com
E-mail :- yamlasertech@gmail.com


## 'ફાતેમા' નામ રાખવાનું કારણ શું

**(૧) યૂનુસ બિન ઝૈબાન :**

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ એક વખત યૂનુસ બિન ઝૈબાનને પૂછ્યું,

'તમને ખબર છે કે '**ફાતેમા**'નો શું મતલબ થાય છે ?'

રાવીનું બયાન છે કે મેં અરજ કરી,

'મૌલા ! આપ જ ઈરશાદ ફરમાવો.'

આપ(અ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'તેનો અર્થ એ થાય છે કે દરેક બૂરાઈ અને બદીથી દૂર રાખવામાં આવેલ અને આ જ કારણ છે કે આપના નિકાહ માટે હઝરત અલી અમીરુલ મોમિનીન(અ.) જેવી મુકદ્દસ ઝાતને અને ઉચ્ચ સદ્‌ગુણોવાળી વ્યક્તિને પસંદ કરવામાં આવી. આપના સિવાય અવ્વલીન અને આખેરીનમાં આદમ(અ.)થી લઈને કયામત સુધી જનાબે ફાતેમા(અ.)નો કોઈ કૂફુ અને હમસર (સમાન અને સમકક્ષ) ન મળત.'

(અમાલી શેખ સદૂક અલલ અશ્શરાએઅ અલ ખિસાલ)

**(૨) ખલીફા મન્સુર :**

ખલીફા મન્સૂરે પોતાના બાપથી અને તેણે તેના દાદાથી રિવાયત કરી છે કે એક વખત ઈબ્ને અબ્બાસે મોઆવિયાથી કહ્યું,

'તમને ખબર છે ખરી કે જનાબે ફાતેમા(સલા.અ.)નું નામ 'ફાતેમા' શા માટે રાખવામાં આવ્યું છે ?'

તેણે કહ્યું, 'ના.'

ઈબ્ને અબ્બાસે કહ્યું,

'એટલા માટે કે તેઓ અને તેમના દોસ્તદારોને જહન્નમથી બિલકુલ અલગ રાખવામાં આવ્યા છે

અને આ બાબત મેં જનાબે રસૂલિલ્લાહ(સ.) પાસેથી સાંભળી છે.' (ઉયૂન અખબાર અર્ર રિઝા)

**(૩) હઝરત ઈમામ રઝા(અ.) :**

હઝરત ઈમામ રઝા(અ.)એ પોતાના પવિત્ર પિતાથી રિવાયત કરી છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે મેં મારી બેટીનું નામ **ફાતેમા** એટલા માટે રાખ્યું છે કે અલ્લાહે તેને અને તેના દોસ્તોને જહન્નમથી બિલકુલ જુદા રાખ્યા છે.' (ઉયૂન અખબાર અર્ર રિઝા)

**(૪) યઝીદ બિન અબ્દુલમલીક :**

યઝીદ બિન અબ્દુલ મલીકે હઝરત અબૂ જાફર(અ.)થી રિવાયત કરી છે કે જ્યારે હઝરત ફાતેમા સલામુલ્લાહે અલૈહાની વિલાદત થઈ તો અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને આં હઝરત(સ.)ની જબાન મુબારક પર મુકર્રર કરી દીધો જેના કારણે આપ(સ.)એ પોતાની બેટીનું નામ ફાતેમા રાખ્યું અને ફરમાવ્યું,

'અય ફાતેમા ! મેં તમને ઈલ્મ આપીને જહ્લ (અજ્ઞાનતા)થી છોડાવી દીધી, તહારત આપીને હૈઝથી દૂર રાખી.'

હઝરત ઈમામ અબૂ જાફર(અ.) ફરમાવે છે,

'પછી ખુદાની કસમ, અલ્લાહે હઝરત ફાતેમા(સ.)ને એટલું બધું ઈલ્મ અર્પણ કરી દીધું કે તે જહાલત (અજ્ઞાનતા)ની પાસે કદી પણ નથી ગયાં અને જાહેરી અને બાતિની નજાસતથી દૂર રાખ્યાં.'

(ઉયૂન અખબાર અર્ર રિઝા)

**(૫) હઝરત જા'ફર બિન મોહંમદ(અ.) :**

હઝરત જાફર(અ.) બિન મોહંમદ(અ.) બિન અલી(અ.)એ પોતાના પિદરે બુઝુર્ગવારથી રિવાયત કરી છે કે એક વખત હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાની બેટીને ફરમાવ્યું,

'અય ફાતેમા ! તમને ખબર છે ખરી કે તમારું નામ **ફાતેમા** શા માટે રાખવામાં આવ્યું છે ?'

હઝરત અલી(અ.)એ (કે જે ત્યાં મોજૂદ હતા તેમણે) અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! ઈરશાદ ફરમાવો કે તેમનું નામ **ફાતેમા** શા માટે રાખવામાં આવ્યું ?'

આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'એટલા માટે કે આ અને તેના દોસ્તદારો જહન્નમથી સંબંધ ધરાવતા નથી.'

(ઉયૂન અલ અખબાર અર્ર રિઝા(અ.))

**(૬) મોહંમદ બિન મુસ્લિમ સકફી :**

મોહંમદ બિન મુસ્લિમ સકફીની રિવાયત છે કે મેં હઝરત અબૂ જાફર(અ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે આપે એવો ઈરશાદ ફરમાવ્યો કે ફાતેમા ઝહરા(સલા.અ.) જહન્નમના દરવાજા પર ઊભાં રહેશે. જ્યારે કયામતના દિવસે દરેક માણસની પેશાની ઉપર લખી દેવામાં આવશે કે **'આ મોમિન છે'** અને **'આ કાફિર છે'**. અને આપના કોઈ મોહિબ માટે તેના ગુનાઓની વિપુલતાના કારણે એવો હુકમ થશે કે તેને લઈ જાઓ જહન્નમમાં. જ્યારે તે જહન્નમના દરવાજા ઉપર પહોંચશે તો આપ તેની પેશાની પર લખેલું જોશે ત્યારે અલ્લાહથી અરજ કરશે,

'અય મારા પરવરદિગાર ! અય મારા માલિક! તેં તો મારું નામ ફાતેમા રાખ્યું છે અને મારા કારણે તેં મારા મોહિબ્બોને અને મારી ઓલાદના મોહિબ્બોને જહન્નમથી નજાતનો વાયદો ફરમાવ્યો છે અને તારો વાયદો હક છે. તું કદી તારા વાયદાની વિરૂધ્ધ વર્તતો નથી.'

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે,

'અય ફાતેમા ! તમે સાચું કહ્યું. બેશક મેં જ તમારું નામ ફાતેમા રાખ્યું છે અને તમારા કારણે મેં તમારા મોહિબ્બોને અને તમારી ઓલાદના મોહિબ્બોને જહન્નમથી નજાત આપવાનો વાયદો કર્યો છે અને ખરેખર મારો વાયદો સાચો છે. હું

કદી પણ મારા વાયદાની વિરૂધ્ધ કરતો નથી. મેં તો મારા આ બંદાને જહન્નમ તરફ એટલા માટે મોકલ્યો છે કે તમે તેની શફાઅત કરો અને હું તમારી શફાઅતને કબૂલ કરું જેથી મારા મલાઈકા, મારા નબીઓ અને રસૂલો તેમજ મૌકૂફ કરેલા લોકો જોઈ લે કે મારી નજીક તમારી કદર અને મંઝેલત શું છે. અચ્છા, હવે જે માણસની પેશાની ઉપર તમે મોમિન લખેલું જુઓ તેને પોતાની સાથે લઈ જાઓ અને જન્નતમાં દાખલ કરો.'

(ઉયૂન અલ અખબાર અર્ રિઝા)

**(૭) કલ્બી :**

કલ્બીએ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) બિન મોહંમદ(અ.)થી રિવાયત કરી છે કે આપનું બયાન છે કે હઝરત રસૂલિલ્લાહ(સ.)એ હઝરત અલી(અ.)ને ઈરશાદ ફરમાવ્યો,

'અય અલી ! તમે જાણો છો ખરા કે ફાતેમાનું નામ **ફાતેમા** શા માટે રાખવામાં આવ્યું છે ?'

હઝરત અલી(અ.)એ અરજ કરી,

'આપ જ ઈરશાદ ફરમાવો.'

આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'એટલા માટે કે આ અને તેના શીઆહ જહન્નમથી બિલકુલ મુક્ત છે.'

(અલ અબાના ઈબ્ને બત્હા કિતાબ મૌલા ફાતેમા, ઈબ્ને બાબવીયા, શરફુન્નબી ખરકોશી)

**(૮) અબુ હુરૈરા :**

અબુ હુરૈરાથી રિવાયત છે કે હઝરત અલી(અ.)એ ફરમાવ્યું કે હઝરત ફાતેમા(સ.)નું નામ **ફાતેમા** એટલા માટે રાખવામાં આવ્યું છે કે જે તેમની સાથે મોહબ્બત કરશે તે જહન્નમથી છૂટી જશે.' (તારીખે અબૂ અલી સલામી)

**(૯) જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી :**

જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી રિવાયત છે કે નબીએ કરીમ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે મારી બેટીનું નામ **ફાતેમા** એટલા માટે રાખવામાં આવ્યું છે કે તે અને તેની સાથે મોહબ્બત કરનારા જહન્નમથી આઝાદ છે.

(ફિરદોસ અલ અખબાર શેરવિયા)

**(૧૦) એક નવું કારણ :**

અબ્દુલ્લાહ બિન હસન બિન હસનથી રિવાયત છે કે તેમનું બયાન છે કે એક વખત હઝરત અબુલ હસન(અ.)એ મને ફરમાવ્યું,

'શું તમને ખબર છે ખરી કે મારી પત્ની જનાબે ફાતેમા(સલા.અ.)નું નામ **ફાતેમા** કેમ રાખવામાં આવ્યું છે ?'

મેં અરજ કરી,

'એટલા માટે કે તે નામ અને બીજાં નામોની વચ્ચે તફાવત છે.'

આપ(અ.)એ ફરમાવ્યું,

'પરંતુ આ પણ એક નામ જ છે ને ? અચ્છા, સાંભળો. હું બતાવું કે તેનું કારણ શું છે. વાસ્તવમાં આ નામ એટલા માટે રાખવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાને કોઈ પ્રસંગ બનવા પહેલાં જ તેનું ઈલ્મ હોય છે. તેથી અલ્લાહ તઆલાને ખબર હતી કે જનાબે રસૂલિલ્લાહ(સ.) (જનાબે ખદીજાના પછી) જુદા જુદા કબીલાની સ્ત્રીઓ સાથે નિકાહ કરશે અને પછી એ લોકો કે જેમની બેટીઓ આપના નિકાહમાં આવશે તેઓ આપના પછી આપની નિયાબત પર વારસાગત રીતે કબજો જમાવવાની ઈચ્છા રાખશે. એટલા માટે જ્યારે હઝરત ફાતેમા(સલા.અ.)ની વિલાદત થઈ તો અલ્લાહ તઆલાએ તેમનું નામ ફાતેમા રાખ્યું અને

**G. K. Corner Solution 129**

(૧) કોલકત્તા (૨) પોપટની ડિઝાઈન (૩) ઘૂઘરા (૪) ઉપનિષદો (૫) ઉત્તરપ્રદેશ (૬) રિઝર્વ બેન્કના ગવર્નરની (૭) કેન્સર

નિયાબત અને વિરાસત તેની ઓલાદમાં ગણી. જનાબે ફાતેમાની હયાતીથી એવા સઘળા માણસોની તમન્નાઓ અને લોભ કરવાનું કાર્ય કપાઈ ગયું.

(ઉયૂન અલ અખબાર અર્ર રિઝા)

**(૧૧) મોહંમદ બિન અલી બિન હુસૈન બિન ઝૈદ:**

મોહંમદ બિન અલી બિન હુસૈન બિન ઝૈદે હઝરત ઈમામ રઝા(અ.)થી અને આપે પોતાના પિતાથી અને તેમણે હઝરત અલી(અ.)થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું,

'મેં હઝરત રસૂલિલ્લાહ(સ.)ને એવો ઈરશાદ ફરમાવતાં સાંભળ્યા છે કે આપ(સ.)એ ફરમાવ્યું હતું કે હઝરત ફાતેમા(સ.)નું નામ **ફાતેમા** એટલા માટે રાખવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ તેમનો અને તેમના શીઆઓનો જહન્નમથી સંબંધ તોડી નાખ્યો છે. તેઓ અલ્લાહથી મુલાકાત કરશે એવા ઈમાન અને તૌહીદની સાથે કે જેવું હું લઈને આવ્યો છું.' *


હસનઅબ્બાસ જી સેલીયા મો. ૯૯૦૯૯૦૬૧૮૯

# મોઝેઈક આર્ટ્સ

ડીઝાઈન & પ્રીન્ટ્સ

**હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય ધંધાઓને લગતી તમામ સ્ટેશનરી, માર્કેટીંગ અને પેકેજીંગ મટીરીયલનું ડીઝાઈનીંગ અને પ્રીન્ટીંગ માટે મળો**

- વીઝીટીંગ કાર્ડ
- ફાઈલ
- મેનુ
- બોક્ષ
- સ્ટેશનરી
- નેપકીન પ્રીન્ટીંગ
- સ્ટીકર
- આમંત્રણ કાર્ડ
- બ્રોશર
- લગ્ન કંકોત્રી
- પેમ્ફલેટ
- ફ્લેક્ષ બેનર

૬, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પીટલ ની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૬.

# અકીલા હોમિયોપેથીક ક્લીનીક

**ડૉ. મંજુરહુસૈન એ. વિજાપુરા** (B.H.M.S.)

**હોમિયોપેથીક કન્સલ્ટન્ટ**

**દર શનિવારે હિંમતનગર ખાતે નીચેના સ્થળે અને સમયે મળશે.**

**ભાગ્યોદય ડેરીની બાજુમાં, પોલોગ્રાઉન્ડ – મહાવીરનગર રોડ, હિંમતનગર.**

**સમય : સવારે ૧૦–૩૦ થી ૧–૦૦ સાંજે ૪–૦૦ થી ૭–૦૦**

**દર રવિવારે માત્ર એપોઈન્ટમેન્ટથી મળશે.**

**મો. ૯૪૨૮૦ ૮૯૧૧૦**

**નોંધ : અમદાવાદ ખાતેના ક્લીનીક ઉપર સોમવારથી શુક્રવાર સુધી રાબેતા મુજબ મળશે.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

وَقَالَ ارْكَبُوا فِيهَا بِسْمِ اللَّهِ مَجْرَاهَا وَمُرْسَاهَا ۚ إِنَّ رَبِّي لَغَفُورٌ رَحِيمٌ ﴿٤١﴾

અને નૂહે (પોતાનાં બાલ બચ્ચાં તથા અનુયાયીઓને) કહ્યું કે તે(વહાણ)માં સવાર થઈ જાઓ, તેનું ચાલવું તથા થંભી જવું અલ્લાહના નામથી જ છે; નિઃસંશય મારો પરવરદિગાર મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

(પારો-૧૨, સૂરએ હૂદ, આયત-૪૧)

---

وَنَادَىٰ نُوحٌ رَبَّهُ فَقَالَ رَبِّ إِنَّ ابْنِي مِنْ أَهْلِي وَإِنَّ وَعْدَكَ الْحَقُّ وَأَنْتَ أَحْكَمُ الْحَاكِمِينَ ﴿٤٥﴾

અને નૂહે પોતાના પરવરદિગારને અરજ કરી કે હે મારા પરવરદિગાર ! ખરેખર મારો પુત્ર મારી અહલ (ઓલાદ)માંથી છે, અને તારો વાયદો સાચો છે અને તું સૌથી બેહતર નિર્ણય કરનાર છે.

(પારો-૧૨, સૂરએ હૂદ, આયત-૪૫)

---

قَالَ يَا نُوحُ إِنَّهُ لَيْسَ مِنْ أَهْلِكَ ۖ إِنَّهُ عَمَلٌ غَيْرُ صَالِحٍ ۖ فَلَا تَسْأَلْنِ مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ ۖ إِنِّي أَعِظُكَ أَنْ تَكُونَ مِنَ الْجَاهِلِينَ ﴿٤٦﴾

(અલ્લાહે) કહ્યું કે હે નૂહ ! તે તારી અહલમાંથી નથી જ, બેશક તેનાં કૃત્યો સારાં ન હતાં, માટે જે વસ્તુની તને જાણ નથી તેના વિષે મારાથી સવાલ કર નહીં; હું તને નસીહત કરું છું કે ક્યાંક તું જાહિલો માંહેનો થઈ ન જાય !

(પારો-૧૨, સૂરએ હૂદ, આયત-૪૬)

---

قَالَ رَبِّ إِنِّي أَعُوذُ بِكَ أَنْ أَسْأَلَكَ مَا لَيْسَ لِي بِهِ عِلْمٌ ۖ وَإِلَّا تَغْفِرْ لِي وَتَرْحَمْنِي أَكُنْ مِنَ الْخَاسِرِينَ ﴿٤٧﴾

(નૂહે) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! નિઃસંશય હું તારાથી એ વાતની પનાહ માગું છું કે તારાથી એવી વાતનો સવાલ (ન) કરું કે જેની મને જાણ ન હોય; અને અગર તું મને માફ નહીં કરે અને મારા પર દયા નહીં કરે તો હું હાનિ ભોગવનારાઓ માંહેનાં થઈ જઈશ. (૪૭)

(પારો-૧૨, સૂરએ હૂદ, આયત-૪૭)



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
ઈર્શાદાતે
રસૂલ(સ.)

## ૧૨ રસૂલલ્લાહ(સ.અ.વ.) ઉપર દુરૂદ અને સલવાત

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

إِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهُ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ۚ يٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ﴿٥٦﴾

**'તેમાં શંકા નથી કે અલ્લાહ અને તેના ફરિશ્તાઓ પયગમ્બર અને તેમની આલ ઉપર દુરૂદ મોકલે છે. તો હે ઈમાનવાળાઓ! તમે પણ દુરૂદ મોકલતા રહો અને બરાબર સલામ કરતા રહો.'**

(સૂરએ અહઝાબ, આયત-૫૬)

(૧૧૬) જે કોઈ મારા પર દુરૂદ મોકલે છે તો અલ્લાહ અને તેના ફરિશ્તાઓ તેના ઉપર દુરૂદ મોકલે છે. જો તેઓ વધારે પ્રમાણમાં દુરૂદ મોકલે અથવા ઓછા પ્રમાણમાં મોકલે તો પણ. *(ઉસૂલે કાફી, જિલ્દ-૪)*

(૧૧૭) તમારો મારા પર દુરૂદ મોકલવાનો અમલ તમારી દુઆઓ કબૂલ કરાવે છે અને તમારા આ'માલ પાક હોવાનું કારણ છે.

*(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૨૧૪)*

(૧૧૮) જયારે કોઈ **'સ્વલ્લલ્લાહો અલૈહે વ આલેહી વસલ્લમ'** કહે છે તો અલ્લાહ કહે છે તું પણ સલામત રહે અને જે **'સ્વલ્લલ્લાહો અલા મોહંમદ'** તો કહે પરંતુ આલ પર દુરૂદ ન મોકલે તો આવું કરનાર જન્નતની મહેંક નહીં પામી શકે કે જે પાંચસો વર્ષના અંતરથી સૂંઘી શકાય એવી હશે.

*(અમાલી સદૂક, મજલિસ-૬૦, હદીસ-૬)*

(૧૧૯) મારા પર મોટા સાદે દુરૂદ મોકલો કારણ કે તેમ કરવાથી નિફાક નાબૂદ થાય છે.

*(ઉસૂલે કાફી)*

(૧૨૦) જેની સામે મારું વર્ણન કરવામાં આવે અને તે મારા પર દુરૂદ ન મોકલે તો તે જહન્નમનો હકદાર બનશે અને અલ્લાહની રહેમતથી દૂર થશે.

*(રૌઝતુલ વાએઝીન, સફા-૩૨૪)*

(૧૨૧) જેની સામે મારું નામ લેવામાં આવે અને (તેમ છતાં) તે મારા પર દુરૂદ ન મોકલે તો આવી વ્યક્તિ કંજૂસ છે.

*(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૬૧)*

(૧૨૨) જે બંદો મારા પર એક વખત દુરૂદ મોકલશે તો અલ્લાહ તેના પર દસ વખત દુરૂદ મોકલશે. જે બંદો મારા પર દસ વખત દુરૂદ મોકલશે તો અલ્લાહ તેના પર હજાર વખત દુરૂદ મોકલશે અને જેના પર અલ્લાહ હજાર વખત દુરૂદ મોકલશે તેને કદી જહન્નમનો અઝાબ નહીં કરે.

*(જામેઅ અલ અખબાર, સફા-૬૯)*

(૧૨૩) હું કયામતના દિવસે ત્રાજવા પાસે ઊભો હોઈશ અને જે કોઈના ગુનાહોનું પલ્લુ નેકીઓના પલ્લા કરતાં ભારે હશે તો તે વખતે હું તેના તરફથી મારા ઉપર મોકલેલી સલવાતને તેની નેકીઓના પલ્લામાં મૂકીશ એટલે સુધી કે તેની નેકીઓ ભારે થઈ જાય.

*(તરાએકુલ હકમ, જિલ્દ-ર, સફા-૧૨૪)*

(૧૨૪) જ્યારે કોઈ બંદો કોઈ કિતાબમાં મારા નામ ઉપર દુરૂદ લખે છે તો જ્યાં સુધી તે કિતાબ રહે છે ત્યાં સુધી ફરિશ્તાઓ તે બંદા માટે મગ્ફેરતની દુઆ કરતા રહે છે.

*(સફીનતુલ બિહાર, જિલ્દ-ર, સફા-૫૦)*

(૧૨૫) જ્યારે કોઈ બંદો મારા ઉપર એક વખત દુરૂદ મોકલે છે તો અલ્લાહ તેના માટે સલામતીનો દરવાજો ખોલી નાખે છે.

*(જામેઅ અલ અખબાર, સફા-૬૯)*

(૧૨૬) કયામતના દિવસે મારી સૌથી નજીક એ લોકો હશે કે જેઓ મારા પર પુષ્કળ પ્રમાણમાં દુરૂદ મોકલે છે.

*(જામેઅ અલ અખબાર, સફા-૬૯)*

(૧૨૭) જે બંદો એવું કહે કે, 'હે અલ્લાહ ! તું હઝરત મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.) ઉપર દુરૂદ મોકલ', તો અલ્લાહ તેને બોત્તેર શહીદોનો સવાબ એનાયત કરશે અને તે ગુનાહોથી એવી રીતે પાક થશે કે જાણે આજે જ તેનો જન્મ થયો હોય. *(રૌઝતુલ વાએઝીન, સફા-૩૨૩)*

(૧૨૮) જે બંદો જુમ્આના દિવસે મારા પર એકસો વખત દુરૂદ મોકલશે તો અલ્લાહ તેના ૮૦ વર્ષના ગુનાહ માફ કરશે.

*(જામેઅ અલ અખબાર, સફા-૭૦)*

(૧૨૯) કોઈ દુઆ એવી નથી હોતી કે જેના અને આસમાનની વચ્ચે પડદો ન હોય પરંતુ જ્યારે દુઆ માગનાર મોહંમદ(સ.) પર અને આલે મોહંમદ(સ.) પર દુરૂદ મોકલે છે તો આ પડદો વચ્ચેથી ખસી જાય છે અને દુઆ ઉપર પહોંચી જાય છે. જો તે દુરૂદ નથી મોકલતો તો દુઆ ઉપર પહોંચતી નથી.

*(જામેઅ અલ અખબાર, સફા-૭૧)*

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૯

**(૧) મક્કા શહેર નીચેનામાંથી કયા ઉપનામથી ઓળખાય છે ?**

(A) ઉમ્મુલ કુરા (B) તયબા (C) યસરબ

**(૨) જનાબે ફાતેમા(સલા.અ.)ના નામની પાછળ 'ઝહરા' ઉપનામ લગાડવામાં આવે છે. આ 'ઝહરા' શબ્દનો અર્થ શું થાય ?**

(A) આસમાનનો સિતારો

(B) પ્રકાશિત (C) પાકિઝા

**(૩) શીઆહ મઝહબમાં કોઈ બાબતમાં કિયાસ (અટકળ) કરવાને કેવી બાબત ગણવામાં આવે છે ?**

(A) હરામ (B) મુસ્તહબ (C) મકરૂહ

**(૪) અલ્લાહના માર્ગમાં કોઈ વસ્તુ સમર્પિત કરી દેવાની ક્રિયાને શું કહેવાય છે ?**

(A) ફના ફિલ્લાહ (B) ફી સબીલિલ્લાહ

(C) ફી અમાનિલ્લાહ

**(૫) હઝરત મૂસા પયગમ્બર(અ.)ના પિતાનું નામ શું છે ?**

(A) ઈમરાન (B) આઝર (C) ઝકરીયા

**(૬) બયતુલ મુકદ્દસમાં આવેલ સોનેરી ગુંબજવાળી મસ્જિદ કયા નામથી ઓળખાય છે ?**

(A) મસ્જિદે અક્સા (B) મસ્જિદે સખ્રા

(C) મસ્જિદે નમરા

**(૭) જનાબે ફાતેમા(સલા.અ.) આકાશી વસ્તીમાં કયા ઉપનામથી મશહૂર છે ?**

(A) ઝહરા (B) મન્સૂરા

(C) તાહિરા


**(૮) ઈરાકના પાટનગર બગદાદ પાસે થઈને કઈ નદી વહે છે ?**

(A) ટાઈગ્રીસ નદી (B) યુફ્રેટીસ નદી

(C) નાઈલ નદી

# ગ ડ મ થ લ ૨૩૮

:::::: સંપાદક:::::
મો. જી. વાય. પટેલ
(મહેરપુરા)



**::::: આડી ચાવીઓ :::::**

(૧) સજ્જનતા, કુલીનતા, સુશીલતા (૪)
(૩) સચ્ચાઈ, સત્યતા, યથાર્થતા (૪)
(૬) ઘૃણા, તિરસ્કાર (૪)
(૮) કુસ્તીબાજ (૨)
(૯) તે નમાઝ સાથે સંબંધિત છે (૩)
(૧૧) સિરિઆનું એક પ્રખ્યાત શહેર (૩)
(૧૨) ઈચ્છા, અભિલાષા (૩)
(૧૩) વરસાદ પડવાનો એક પ્રકાર (૪)
(૧૬) ધીરજ, સહનશીલતા (૩)
(૧૭) કલાકાર (૪)
(૧૮) કમી, ઘટાડો (૩)
(૨૦) ધન, પૈસા (૨)
(૨૧) ઓછું, થોડું (૨)
(૨૨) પગ, પગલું (૩)
(૨૪) પાકેલું ધાન્ય (૩)
(૨૬) છડીદાર, છડી લઈને આગળ ચાલનાર (૩)
(૨૭) નાકામ, અભાગી, મુરાદ વગરનો (૪)
(૨૯) વધારો, વૃધ્ધિ, ફાયદો (૪)
(૩૦) બાંહેધરી, જામીનગીરી (૪)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) દુષ્ટતા, બદી, ઉપદ્રવ (૪)
(૨) શરીર, દેહ (૨)
(૩) સત્ય (૨)
(૪) એક ફૂલનું નામ (૩)
(૫) ઉત્કટ ઈચ્છા ધરાવનારો (૫)
(૭) ઘેર ઘેર ફરીને માગવાની ક્રિયા (૩)
(૧૦) સફળ, કામયાબ (૪)
(૧૧) સમકક્ષ, બરોબરીયો (૪)
(૧૪) કેન્દ્ર, મધ્યસ્થ સ્થળ (૪)
(૧૫) નવરાશ (૪)
(૧૭) હુકમ, આદેશ, સનદ (૪)
(૧૯) સન્માનિત, પ્રખ્યાત, નામાંકિત (૫)
(૨૧) આવતી કાલે (૨)
(૨૨) ગોર, મૃતદેહને દાટવાની જગ્યા (૩)
(૨૩) કા'બામાં લટકાવેલા એક બુતનું નામ (૩)
(૨૫) આઘાત, ચોટ (૩)
(૨૮) જીવનની સમાપ્તિ (૨)

## ગડમથલ નં.૨૩૭નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ય | ૨ સ | મ | | | ૩ અ | વ | ૪ સ | જા |
| ક | | દા | | ૫ જ | ફા | | | ફી | |
| ત | | ૬ ક | દી | મ | | ૭ ન | | ૮ ના | ૯ ફ |
| લ | | ત | | ૧૦ રા | હે | હ | ક | | સા |
| | ૧૧ લ | | ૧૨ સ | ત | | જુ | | ૧૩ હા | દ |
| ૧૪ ફિ | ઝઝા | | ખા | | ૧૫ ફુ | લ | | મી | |
| દ | | ૧૬ ક | વ | સ | ર | | ૧૭ સ | | ૧૮ ત |
| ૧૯ ક | ૨૦ દા | | ત | | ૨૧ આ | સિ | ફ | | દ |
| | વ | | | ૨૨ ઔ | ન | | દ | | બી |
| ૨૩ ક | ત | મી | ર | | | ૨૪ સ | ર | વ | ર |

# દુરૂદ શરીફની ફઝીલત

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*કોઈ પણ શાળા હંમેશાં બીજી શાળાથી બે રીતે અલગ પડતી હોય છે.*

- *સ્કૂલ યુનિફોર્મ (ગણવેશ) દ્વારા*
- *સ્કૂલના આદેશો (નિયમો) દ્વારા*

*કોઈ પણ શાળાને તેના વિદ્યાર્થીઓને ઓળખી કાઢવામાં સ્કૂલ યુનિફોર્મ મદદરૂપ થાય છે તેથી તે તેના વિદ્યાર્થીઓની **ઓળખની નિશાની** હોય છે. જ્યારે સ્કૂલના આદેશો (નિયમો) એવી **માર્ગદર્શક બાબતો** હોય છે કે જે સ્કૂલના કોઈ પણ વિદ્યાર્થીને નિખાલસ બનવામાં મદદરૂપ બનશે. શાળાની સરહદમાં અસુઘડ યુનિફોર્મ પહેરેલો વિદ્યાર્થી કદાચ **સજાને પાત્ર બનશે** અને તેમાં **તેની પોતાની બદનામી પણ થશે** પરંતુ જે વિદ્યાર્થી **શાળાના આદેશોનું ઉલ્લંઘન કરે છે** તેને શાળામાંથી કાઢી મૂકવામાં આવે છે અથવા તો તેને **તેની શાળામાંથી બરતરફ કરવામાં આવે છે** કેમકે તેનું વર્તન બીજા વિદ્યાર્થીઓને નુકસાન કરી શકે તેમ હોય છે અને સાથે સાથે તે શાળાનું નામ પણ બદનામ કરતો હોય છે.*

→ ***શાળાના નિયમોનું અક્ષરસઃ પાલન કરવું** કોઈ પણ વિદ્યાર્થી માટે અગત્યની બાબત છે જેથી કરીને **શાળાના સત્તાધારીઓ તેને ચાહે** અને તે પોતે પણ **તેની શાળા માટે એક સારો પ્રતિનિધિ** બની શકે.*

જ્યારે આ બાબતને આપણે ઈસ્લામ ધર્મ સાથે જોડી દઈએ તો બે બાબતો એવી છે કે જેનાથી કોઈ પણ મુસ્લિમ બીજા મુસ્લિમ બિરાદરોથી અલગ પડી શકે છે :

- પોતાની ઈબાદતો દ્વારા
- કુરાનના આદેશોનું પાલન કરવાની નિય્યત દ્વારા

એવો મુસલમાન કે જે નિયમિતપણે નમાઝ પઢતો હોય તેને **ઈબાદતગુઝાર મુસલમાન** તરીકે ઓળખવામાં આવે છે. આ રીતે જોઈએ તો તે બાબત **તેની ઈબાદતની ઓળખની નિશાની** છે. ચાલો આપણે એ જોઈએ કે કુરાન આપણી ઈબાદતોની બાબતમાં શું કહે છે :

- 'અને મેં જિન્નાતોને અને ઈન્સાનોને એટલા માટે પેદા કર્યા છે કે તેઓ **મારી ઈબાદત કરે.**'

(સૂરએ અઝ ઝારિયાત, આયત-૫૫)

જિન્નાતો અને ઈન્સાનોને પેદા કરવા પાછળનો હેતુ અલ્લાહ(સુ.વ.ત.)ની ઈબાદત કરવાનો છે. જ્યારે આપણે તેની બંદગી કરીએ છીએ ત્યારે આપણે તેની સાથે જોડાઈ જઈએ છીએ અને આપણા અસ્તિત્વના હેતુને પરિપૂર્ણ કરીએ છીએ. ફરીથી નીચેની આયતમાં તે વધુમાં ફરમાવે છે :

- 'અને જે માણસ **(ઈબાદતમાં) કોશિશ કરે છે** તો **બસ પોતાના જ માટે કોશિશ કરે છે** (કેમકે) એમાં તો સંદેહ નથી કે <u>**ખુદા આખી દુનિયાની ઈબાદતોથી બેનિયાઝ (બેપરવા) છે.**</u>'

(સૂરએ અન્કબુત, આયત-૬)

ઉપરની આયત જણાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.) દુનિયાની બધા જ પ્રકારની ઈબાદતોથી બેનિયાઝ છે. તે આત્મનિર્ભર છે અને તેથી જ તો તે આપણી ઈબાદતોનો મોહતાજ નથી. આપણી ઈબાદતો **આપણી પોતાની ભલાઈ** માટે હોય

છે. જો આપણે નિયમિતપણે ઈબાદત કરતા રહીશું તો આપણે આપણી જાતને **ફાયદો પહોંચાડીશું** અને જો આપણે ઈબાદત નહીં કરીએ તો નુકસાન આપણું પોતાનું જ થવાનું. પરંતુ જ્યારે આપણે પહેલી આયત ઉપર ફરીથી ચિંતન-મનન કરીએ કે જે એવું જણાવે છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ જિન્નાતો અને ઈન્સાનોને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે, તો આપણને એવો વિચાર કરવાની ફરજ પડે છે કે કોઈ **એવી ખાસ પ્રકારની ઈબાદત હોવી જ જોઈએ કે જેને બજાવી લાવવામાં આવે તો તે આપણને તે(અલ્લાહ)ની સાથે જોડી દેશે અને આપણને પેદા કરવા પાછળનો જે હેતુ છે તેને પરિપૂર્ણ કરશે.**

→ આવી ઈબાદતને ઓળખી કાઢવા માટે આપણે આગળ વધીએ એ પહેલાં ચાલો આપણે અહીં થંભી જઈએ અને **કેટલીક કુરઆની આજ્ઞાઓ - આદેશો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો** પ્રયત્ન કરીએ કે જે **આપણી જાતને નિખાલસ બનાવવામાં મદદ કરશે** અને **આપણને** ધર્મના **એક સારા પ્રતિનિધિ પણ બનાવશે** અને **અલ્લાહ(સુ.વ.ત.)ની ચાહના પણ પ્રાપ્ત કરાવશે.**

આના માટે ચાલો આપણે સૂરએ ફાતિહાની નીચેની આયતો જોઈએ : દરેક નમાઝની શરૂઆતમાં આ સૂરાની તિલાવત કરવી વાજિબ છે.

- 'અમને સીધો રસ્તો બતાવજે, **એ લોકોનો રસ્તો કે જેના ઉપર તેં ઈનામ ફરમાવ્યું છે...'** (સૂરએ ફાતેહા, આયત-૬ થી ૭)

દરેક મુસલમાન ઉપરની આયતોની તિલાવત અચૂકપણે કરે છે અને આ રીતે તે એવા **સીધા રસ્તાની હિદાયત પ્રાપ્ત કરવા માટે વિનંતી કરે છે** કે જેના ઉપર **થોડાક પસંદગીપાત્ર લોકો ચાલ્યા છે કે જેમના ઉપર અલ્લાહ (સુ.વ.ત.)એ અગણિત નેઅમતો નાઝિલ કરી છે.** જો આપણે બધા એમણે બતાવેલા રસ્તાનું અનુસરણ કરીશું તો આપણે આપણા ધર્મના એક સારા પ્રતિનિધિ બનવા માટે અને અલ્લાહ (સુ.વ.ત.)ની અગણિત નેઅમતો મેળવવા માટે લાયક બનવા હકદાર બનીશું.

સ'લાબી પોતાની તફસીરમાં **અબુ હુરૈરા**ની એક હદીસ ટાંકે છે કે જે જણાવે છે કે સૂરએ ફાતેહાની ઉપરની આયતમાં જે **સીધા રસ્તાનો** ઉલ્લેખ કરવામાં આવેલ છે **તે રસ્તો મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.)એ અપનાવેલો રસ્તો છે.**

(સંદર્ભ : સ'લાબી તેમની તફસીરમાં, વાકી ઈબ્ને જર્રાહે તેમના વિવેચનમાં)

આ રીતે જોઈએ તો એક સારા મુસ્લિમ બનવાનો કુરઆની આદેશ તો એ છે કે **પયગમ્બરે પાક(સ.) અને તેમની પાક આલ (અ.મુ.સ.)**એ અપનાવેલા માર્ગને અપનાવવો.

ફરીથી ઉપરોક્ત આદેશના મહત્વને સૂરએ શુરામાંની નીચેની આયત ઉપર મનન કરવાથી ખૂબ સારી રીતે સમજી શકાશે :

- 'અય રસૂલ(સ.) ! તમે કહી દો કે હું મારી રિસાલતની તબ્લીગનો બદલો **મારા કરાબતદારોની મોહબ્બત** સિવાય કંઈ નથી માગતો.' (સૂરએ શુરા, આયત-૨૩)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) પયગમ્બરે પાક(સ.)ને એવું સૂચન કરે છે કે તમે તેવીસ વર્ષો સુધી, તમારી રિસાલત દરમિયાન, જે સખત મહેનત કરી છે તેના બદલામાં તમારી ઉમ્મત પાસે **તમારા નજીકના સગા સંબંધીઓ (કરાબતદારો) સાથેની મોહબ્બત** માગી લો.

ઉપરની આયતમાં નજીકના સંબંધીઓનો

સંદર્ભ **અલી(અ.), ફાતેમા(સલા.) અને તેમના સંતાનો** તરફ છે.

(સંદર્ભ : સ'લાબી, સુયુતિ, બૈઝાવી, બુખારી, મુસ્લિમ, એહમદ ઈબ્ને હમ્બલ, અલ્લામા ઝમખશરી, ભાગ-૩, પેજ-૬૮)

રિસાલતની મહેનતનો બદલો અહલે-બૈતની મોહબ્બત છે. આથી વધુમાં એવું અનુમાન પણ કરી શકાય કે જો કોઈ માણસ ઉપરની આયત તરફ ધ્યાન આપી રહ્યો ન હોય તો તે પોતાના ઈમાનનું જોખમ ખેડી રહ્યો છે અને રિસાલતનો અનાદર કરી રહ્યો છે. અને તે કદાચ ઈસ્લામના દાયરામાં પણ ન રહી શકે. તેથી જ તો પયગમ્બરે પાક(સ.)એ ફરમાવ્યું છે :

- '**મારી અહલે-બૈતની મોહબ્બત** ઉપર જ **ઈસ્લામની બુનિયાદ** કાયમ છે.' (સંદર્ભ : કન્ઝુલ અમ્માલમાંથી પસંદગી પેજ-૯૪)

→ આ રીતે **ઈસ્લામના વર્તુળમાં રહેવાનો** કુરઆની આદેશ તેમજ (ઈસ્લામ) ધર્મના **સાચા પ્રતિનિધિ બનવા** માટે **અહલે-બૈત(અ.) સાથેની મોહબ્બત** છે. તેમની સાથે મોહબ્બત કરીને અને તેમના જીવનમાંથી અને તેમની તાલીમમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને જ **આપણે સીધા રસ્તા ઉપર અડીખમ રહીએ છીએ.**

ચાલો હવે આપણે આપણું ધ્યાન પાછું નમાઝો ઉપર કેન્દ્રિત કરીએ. આપણે નમાઝ વિષેની નીચેની આયત જોઈએ કે જે નમાઝ કોઈ પણ મુસ્લિમ માટે દિવસમાં પાંચ વખત બજાવી લાવવી વાજિબ છે.

- '**તો એ નમાઝીઓની તબાહી છે કે જે પોતાની નમાઝથી ગાફેલ રહે છે કે જેઓ (લોકોને) દેખાડવા માટે પઢે છે** અને દરરોજની મામુલી વસ્તુઓને પણ ત્યજી દેતા નથી.'

(સૂરએ માઉન, આયત-૪ થી ૭)

જો કે તે (નમાઝ) ઈબાદતનું સર્વોચ્ચ સ્વરૂપ છે તેમ છતાંય **અલ્લાહ એવા લોકોને વખોડી કાઢે છે** કે જેઓ **પોતાની નમાઝ એવી રીતે પઢે છે** કે તે **એક દેખાવ બની જતી હોય** છે.

આ રીતે જોઈએ તો અલ્લાહ(સુ.વ.ત.)ને એવી 'નમાઝ' પસંદ છે કે **જે નિખાલસ હોય અને માત્રને માત્ર એકલા તેને જ ખુશ કરવા માટે બજાવી લાવવામાં આવી હોય.**

આ બાબતને મગજમાં રાખીને ચાલો હવે આપણે નીચેની આયત જોઈએ :

- 'એમાં શંકા નથી કે **ખુદા અને તેના ફરિશ્તાઓ પયગમ્બર (અને તેમની આલ) ઉપર દુરૂદ મોકલે છે <u>તો અય ઈમાનદારો ! તમે પણ દુરૂદ મોકલતા રહો</u>** અને બરાબર સલામ કરતા રહો.'

(સૂરએ અહઝાબ, આયત-૫૬)

આ આયત જણાવે છે કે અલ્લાહ(સુ.વ.ત.) અને તેના ફરિશ્તાઓ પયગમ્બરે પાક(સ.) ઉપર દુરૂદ મોકલીને તેમના ઉપર દુઆ સલામ પાઠવે છે. અલ્લાહ(સુ.વ.ત.) વધુમાં 'મોમિનોને' પયગમ્બરે પાક(સ.) ઉપર *'દુરૂદ'* અને સલામ મોકલવાનો હુકમ પણ કરે છે. જ્યારે આપણે આ આયત ઉપર વિચાર કરીએ છીએ તો આપણે એવું અનુમાન કરી શકીએ કે પયગમ્બરે પાક(સ.) ઉપર **દુરૂદ અને સલામ મોકલવી તે ઈમાનદારોનું કાર્ય છે કેમકે આયત તેમને સંબોધીને કહેવામાં આવી છે;** જે કોઈ આ મુજબ કરે છે તે પોતાની જાતને **મોમિન** બનવા માટે લાયક બનાવે છે, તે સાચો મોમિન બને છે. તેથી જેમ નમાઝ બજાવી લાવવી એ મુસલમાનની ઓળખ છે તેમ **<u>દુરૂદ મોકલવી એ 'મોમિન'ની ઓળખ છે.</u>**

ફરીથી, જ્યારે નમાઝ પઢતી વખતે આપણે દેખાવ કર્યા વગર નિખાલસ બનવાની જરૂર છે

પરંતુ <u>**દુરૂદ શરીફ તો જાહેરમાં મોટા અવાજે પઢવામાં આવે છે.**</u> અલ્લાહ(સુ.વ.ત.)એ આપણે જે દુરૂદ પઢીએ તેની પધ્ધતિની બાબતમાં કોઈ બંધનો મૂક્યાં નથી. **હકીકતમાં ઈબાદતનું આ એક માત્ર એવું સ્વરૂપ છે કે જેમાં અલ્લાહ (સુ.વ.ત.) દુરૂદ પઢવામાં આપણી સાથે જોડાય છે.** જ્યારે બીજી બધી ઈબાદતોમાં તે આપણાથી બેનિયાઝ છે.

જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે કોઈએ પયગમ્બરે પાક(સ.)ને પૂછ્યું કે મોમિનોએ કેવી રીતે એટલે કે કયા શબ્દોમાં આપના ઉપર સલવાત અથવા દુરૂદ મોકલવી જોઈએ? તો આપે ફરમાવ્યું,

***'યા અલ્લાહ ! રહેમત વરસાવજે મોહંમદ(સ.) અને આલે મોહંમદ(સ.) ઉપર** જેવી રીતે કે તેં ઈબ્રાહીમ(અ.) અને આલે ઈબ્રાહીમ(અ.) ઉપર રહેમત અને દુરૂદ મોકલી હતી. ખરેખર તું દરેક પ્રકારના વખાણને પાત્ર છે અને સૌથી વધારે મહાન છે.'*

તેથી જ્યારે જ્યારે પાક પયગમ્બર(સ.) ઉપર દુરૂદ મોકલવામાં આવે છે ત્યારે ત્યારે તેમની પવિત્ર આલ ઉપર પણ એવી જ દુરૂદ મોકલવામાં આવે છે. તેથી જ તો નીચેની આયત ફરમાવે છે કે -

- 'અને અમે તેમનો ઝિક્ર પાછળ આવનારી પેઢીઓમાં બાકી રાખ્યો કે જેથી દરેક રીતે **આલે યાસીન પર સલામ જ સલામ છે.**'

(સૂરએ સાફફાત, આયત-૧૨૯-૩૦)

અલ્લાહ(સુ.વ.ત.) **'આલે યાસીન'** ઉપર, તેમના કાર્યોની પ્રશંસા કરતાં, પોતાના સલામ મોકલે છે વળી તે એવું વચન આપે છે કે તેમનાં કાર્યો આગામી પેઢીઓમાં બાકી રહેશે. તેથી **જ્યારે આપણે તેમનાં નેક કાર્યોની પ્રશંસા કરીએ છીએ ત્યારે આપણે અલ્લાહની ઈચ્છાની ફરમાબરદારી કરી રહ્યા હોઈએ છીએ** અને આ રીતે એક પગલું આગળ વધીને આપણે આપણી જાતને નિખાલસ બનાવીએ છીએ.

ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મરૂદિયાએ ઈબ્ને અબ્બાસના હવાલાથી એક હદીસ ટાંકી છે કે ઉપરની આયતમાં <u>**આલે યાસીન (શબ્દો) આલે મોહંમદ(સ.)નો સંદર્ભ બતાવે છે.**</u>

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૫, પેજ-૨૮૬)

ફખ્રુદ્દીન રાઝી લખે છે કે અહલે-બૈત પાંચ બાબતોમાં પયગમ્બરે પાક(સ.)ની સાથે સમાનતા ધરાવે છે :

- પ્રથમ તો સલામ(મોકલવા)ની બાબતમાં કેમકે અલ્લાહે ફરમાવ્યું, અય પયગમ્બર ! તમારા ઉપર સલામ થાય અને વળી તેણે એવું પણ ફરમાવ્યું, **'આલે યાસીન ઉપર સલામ થાય.'**
- બીજું નમાઝોમાં દરેક તશહ્હુદ પછી **અલ્લાહની રહેમતની દુઆ કરવાની બાબતમાં.**
- ત્રીજું **તેમની પાકીઝગીની બાબતમાં** કેમકે સર્વશક્તિમાને (અલ્લાહે) પયગમ્બર(સ.)ને **'તા-હા'** કહ્યા (સૂરા-૨૦) અને તેમણે અહલે-બૈતની પાકીઝગીની બાબતમાં આયત નાઝિલ કરી છે. (૩૩.૩૩)
- ચોથું એ કે તેમના ઉપર ***'સદકો'*** **હરામ હોવાની બાબતમાં.**
- પાંચમું **મોહબ્બતની બાબતમાં** કેમકે અલ્લાહ ફરમાવે છે કે **આપણે પયગમ્બર (સ.)નું અનુસરણ કરવું જોઈએ અને અલ્લાહ આપણને ચાહે તેવી પરિસ્થિતિ તેઓ પેદા કરશે.** વળી તેણે એવું પણ ફરમાવ્યું, **'કહે કે હું મારા કરાબતદારોની મોહબ્બત સિવાય બીજો કોઈ બદલો માગતો નથી.'**

(સંદર્ભ : Stairway to Heaven, Yousuf N. Lallji, December 1975, Bombay

Edition, Page-38)

ઉપર દર્શાવેલી આયતો જ માત્ર એવા પ્રસંગો નથી કે જ્યારે અલ્લાહ(સુ.વ.ત.)એ અહલે-બૈત ઉપર સલામ મોકલ્યા હોય. વળી નીચેની આયતમાં તે પોતાની બરકતો અને રહેમતો પણ મોકલે છે.

- **'અય (નબીની) અહલે-બૈત !** તમારા ઉપર **ખુદાની રહેમતો અને તેની બરકતો** (નાઝિલ થાય).' (સૂરએ હુદ, આયત-૭૩)

જ્યારે જ્યારે પયગમ્બરે પાક(સ.) મૌલા અલી(અ.)ના ઘરની મુલાકાતે જતા ત્યારે ત્યારે આપ(સ.) ઘરના દરવાજાને પકડી રાખતા અને ફરમાવતા, **'અસ્સલામો અલૈકુમ યા અહલે-બૈત!'** (સંદર્ભ : દુર્રે મન્સૂર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૫, પેજ-૧૯૮, ૧૯૯)

કુરાનમાં અહલે-બૈત ઉપર જુદા જુદા પ્રસંગોએ પોતાની રહેમતો અને બરકતો અને મહેરબાનીઓ વરસાવીને અને પયગમ્બરે પાક(સ.) અને આપની આલ ઉપર સલામો મોકલવાનો મોમિનોને હુકમ કરીને અલ્લાહ (સુ.વ.ત.)એ આ આદેશનું મહત્વ આપણને બતાવ્યું છે. શાફઈએ વધુમાં ઉપરના કુરઆની આદેશને નીચેના શબ્દોમાં બહાલી આપી દીધી છે જે શબ્દો અહલે-બૈતની સાથે મોહબ્બત રાખવાની અને તેમના ઉપર દુરૂદ મોકલવાની અગત્યતાને પ્રદર્શિત કરી છે.

- 'અય પયગમ્બર(સ.)ની અહલે-બૈત ! **તમારી સાથે મોહબ્બત રાખવાની કુરાન શરીફમાં ફરજ પાડવામાં આવી છે.** આપને મળેલા વિશેષાધિકારો વિષે એટલું જ કહેવું પૂરતું છે કે **જે કોઈ આપના ઉપર દુરૂદ ન મોકલે તેની નમાઝ બાતિલ છે.**'

(સંદર્ભ : ઈબ્ને હજરની સવાએકે મોહર્રકા, પેજ-૮૮, નબાહાનીની શરફુલ મોઅબ્બદ, ઈમામ અબુ બક્ર શહાબુદ્દીનની રિશાફતુસ્સા'દી)

→ એક બાજુ અલ્લાહ(સુ.વ.ત.) એવું ફરમાવે છે કે તેણે જિન્નાતો અને ઈન્સાનોને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે જ્યારે બીજી બાજુ તે એવું ફરમાવે છે કે તે આપણી બધાયની ઈબાદતોથી બેપરવા છે ત્યાર પછી તે પવિત્ર પયગમ્બર(સ.) અને તેમની પવિત્ર આલ ઉપર દુરૂદ મેકલવાની બાબતમાં આપણી સાથે જોડાઈ જાય છે. જો આપણે અલ્લાહ(સુ.વ.ત.)ના આ અમલ ઉપર મનન કરીએ તો આપણે એવું તારણ કાઢી શકીએ કે અલ્લાહ(સુ.વ.ત.)એ જિન્નાતો અને ઈન્સાનોને પયગમ્બરે પાક(સ.) અને તેમની પવિત્ર આલ ઉપર દુરૂદ અને સલામ મોકલવા માટે પેદા કરેલા છે. **નમાઝના અંતે દુરૂદ મોકલવામાં ન આવી હોય તેવી નમાઝ બાતિલ થઈ જાય છે. સર્વ શક્તિમાન અલ્લાહે તેમને કુરબાનીઓ માટે અને ઈસ્લામના પ્રચાર માટે તેમણે જે મુસીબતો વેઠી છે એનો અધિકાર તેમને આપેલ છે.** જ્યારે આપણે નબી(સ.)ના ઘરાનાના ઈમામોની જિંદગી તરફ નજર કરીએ તો આ બાબત આપણને વધારે સારી રીતે સમજાશે. તેમની જિંદગીઓ મુસીબતોથી ભરપૂર હતી અને બારમા ઈમામ મહદી(અ.) કે જે ગયબતમાં છે તેમના સિવાય બધાયને જુલ્મથી શહીદ કરવામાં આવ્યા હતા. તેમને ઉમ્મત માટે એક નમૂના તરીકે પેદા કરવામાં આવ્યા છે અને પયગમ્બરે પાક(સ.) અને તેમની પવિત્ર આલ ઉપર દુરૂદ મોકલવી તે **એક એવો શિષ્ટાચાર છે કે જેને અનુસરવાથી અલ્લાહ(સુ.વ.ત.)ની કુરબત હાસિલ થશે.**

પ્રથમ વિભાગના અંતે આપણે એવું અનુમાન તારવ્યું નથી કે જો આપણે તેમને ચાહવાના અને

તેમને અનુસરવાના કુરાનના આદેશને અનુસરીશું તો આપણે ઈસ્લામના એક સારા પ્રતિનિધિ બનવા માટે નિખાલસ બનીશું અને **અલ્લાહ(સુ.વ.ત.) પણ આપણને ચાહશે** બીજા ધર્મોનો આપણા તરફનો પ્રેમભાવ અને વલણ જ એક માપદંડ છે કે આપણે આપણા દીનના કેવા સારા પ્રતિનિધિ બન્યા છીએ પરંતુ અલ્લાહની આપણા તરફની મોહબ્બતને આપણે કેવી રીતે માપી શકીશું? ચાલો ફરીથી કુરાનમાંથી જ આનો જવાબ મેળવવાનો પ્રયત્ન કરીએ :

● 'એ જ તો છે કે **જે પોતે** તમારા ઉપર **દુરૂદ (રહેમત) મોકલે છે** અને તેના **ફરિશ્તાઓ પણ** જેથી તમને **કુફ્રના અંધકારોમાંથી બહાર કાઢીને (ઈમાનની) રોશનીમાં લઈ જાય** અને **ખુદા તો ઈમાનદારો ઉપર ખૂબ મહેરબાન છે.'**

(સૂરએ અહઝાબ, આયત-૪૩)

ઉપરની આયત ઉપર વિચાર કર્યા પહેલાં ચાલો આપણે પાછા સૂરએ અહઝાબની આયત નં. ૫૬ તરફ પાછા જઈએ કે જેમાં અલ્લાહ(સુ.વ.ત.) અને તેના ફિરશ્તાઓ પોતાના દુરૂદો સલામ પયગમ્બરે પાક(સ.) ઉપર મોકલે છે. આપણે એ બાબત જોઈ લીધી છે કે **અલ્લાહ(સુ.વ.ત.) વધુમાં ઈમાનદારોને** તે આયતમાં **સંબોધે છે અને એવું કરવાનો તેમને હુકમ કરે છે.**

ચાલો હવે ઉપરની આયત ઉપર મનન કરીએ. અહીં વળી પાછો **અલ્લાહ(સુ.વ.ત.) અને તેના ફરિશ્તાઓ** 'મોમિનો' ઉપર, તેમને અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર કાઢીને હિદાયતની રોશનીમાં લાવવા માટે, પોતાની **દુરૂદો મોકલે છે.** વધુમાં તે આયત જણાવે છે કે અલ્લાહ(સુ.વ.ત.) **મોમિનો ઉપર મહેરબાન છે.** દુરૂદનાં બન્ને સ્વરૂપોમાં તફાવત છે. **અલ્લાહ અને તેના ફરિશ્તાઓ પયગમ્બરે પાક(સ.) ઉપર અને તેમની આલ ઉપર જે દુરૂદ મોકલે છે** તે <u>તેમનો અધિકાર</u> છે. **અલ્લાહ (સુ.વ.ત.) અને તેના ફરિશ્તાઓ** મોમિનો ઉપર જે **દુરૂદ મોકલે છે** તે **<u>અલ્લાહની મોમિનો ઉપરની મહેરબાની</u>** છે. જ્યારે **કોઈ મોમિન અહલે-બૈત ઉપર દુરૂદ મોકલવાના હકને પૂર્ણ કરે છે** તો અલ્લાહ(સુ.વ.ત.) અને તેના ફરિશ્તાઓ તેના ઉપર દુરૂદ મોકલે છે, તેઓ **તેને શુધ્ધ (પાક) બનાવી દે છે** અને આ રીતે **<u>તે અલ્લાહની મોહબ્બત માટે લાયક બની જાય છે.</u>**

શુધ્ધિકરણનું જે પ્રમાણ કોઈ મોમિન પ્રાપ્ત કરી લે છે તેનું માપ સારામાં સારી રીતે આપણા પ્યારા પયગમ્બર(સ.)ના નીચેના શબ્દો દ્વારા કાઢી શકાય છે.

● 'જે કોઈ **આલે મોહંમદની મોહબ્બતમાં** મૃત્યુ પામે છે તે **શહીદ** મરે છે અને જુઓ, જે કોઈ આલે મોહંમદની મોહબ્બતમાં મૃત્યુ પામે છે તે એવી રીતે મૃત્યુ પામશે કે જાણે તેના (બધા જ) **ગુના માફ કરી દેવામાં આવ્યા.**

વધુમાં આપ(સ.)એ એવું ઉમેર્યુ કે 'અને જુઓ કે જે કોઈ આલે મોહંમદની મોહબ્બત ખાતર મૃત્યુ પામે છે તો અલ્લાહ **તેની કબરને રહેમતના ફરિશ્તાઓ માટેની ઝિયારતગાહ** બનાવી દેશે.'

(સંદર્ભ : ઝમખ્શરી તેની તફસીરમાં, ઈમામ સ'લાબી તફસીરે કબીરમાં)

→ જુદી જુદી આયતો ઉપર ચિંતન-મનન કરીને હવે આપણે દુરૂદ શરીફના અને આપણા જીવનમાં અહલે-બૈતની મોહબ્બતના કુર્આની આદેશને અનુસરવાના મહત્વને સમજી ગયા છીએ. દરેક અમલ કે જે અગત્યનો હોય તેની સાથે જુદા જુદા

ફાયદા સંકળાયેલા હોય છે. દુરૂદ શરીફના અમલને અંજામ આપતાં આપણે કયા ફાયદા મેળવીએ છીએ તે પણ ચાલો આપણે જોઈ લઈએ.

'*આસારે હૈદરી*'માં પેજ-૩૪૮-૩૪૯ (ઈમામ હસન અસ્કરી(અ.) દ્વારા કરવામાં આવેલ કુરઆનની તફસીર) પયગમ્બરે પાક(સ.)ના દુરૂદના ઝિક્રનું તેમના જીવનમાં કેટલું મહત્વ છે તે દર્શાવતો આપની ઉમ્મતને સંબોધીને કહેવામાં આવેલ ખુત્બો નીચે મુજબ આપેલ છે :

- 'અય ઉમ્મતે મોહંમદ ! ખબરદાર ! જ્યારે તમારા ઉપર કોઈ દુઃખો અને મુસીબતો આવી પડે તો તમે પણ **'મોહંમદ વ આલે મોહંમદ'**નો ઝિક્ર કરવાનું ચાલુ રાખો જેથી કરીને સર્વશક્તિમાન અલ્લાહ તમારા આ ઝિક્ર ખાતર તમારી મદદ કરવા અને મુસીબતના વખતે શયતાનો ઉપર ફતેહ પ્રાપ્ત કરવા ફરિશ્તાઓને મોકલશે અને તમારામાંના દરેકની સાથે તમારી જમણી બાજુએ એક ફરિશ્તો હોય છે કે જે તમારાં નેક કાર્યોની નોંધ રાખે છે અને તમારી ડાબી બાજુએ એક ફરિશ્તો હોય છે કે જે તમારાં બદકાર્યોની નોંધ રાખે છે. અને દરેકની સાથે ઈબ્લીસ તરફથી પણ બે શયતાનો હોય છે કે જે તેના દિલની અંદર વસવસો પેદા કરીને તેને ગુમરાહ કરવાના પ્રયત્નો કરે છે. (એ વખતે) તેણે અલ્લાહના નામનો ઝિકર કરવો જોઈએ અને <u>લા હાઉલ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ વ સ્વલ્લલ્લાહો અલા મોહંમદીંવ વ આલેહિત્તૈયેબીન</u> કહેવું જોઈએ. આને લીધે તે બન્ને શયતાનોને ફિટકાર મળશે અને તેઓ ઈબ્લીસ લઈનની પાસે પાછા જશે અને એવી ફરિયાદ કરશે કે આ વ્યક્તિની બાબતથી અમે ત્રાસી ગયા છીએ જેથી થોડા વધારે શયતાનો દ્વારા અમારી મદદ કર. ત્યાર પછી તે મરદૂદ તેમને એટલી હદે મદદ કરે છે કે આવા એકના બદલામાં એક હજાર મદદગારો મોકલવામાં આવે છે અને તેઓ બધા ભેગા થાય છે અને અલ્લાહના આ બંદાની તરફ આવે છે અને જ્યારે તેઓ આવી કાર્યવાહીનું આયોજન કરે છે ત્યારે તે (બંદો) અલ્લાહના નામનો ઝિકર કરે છે અને **'મોહંમદ વ આલે મોહંમદ'** ઉપર દુરૂદ મોકલે છે અને આને કારણે પેલા દુષ્ટ શેતાનોને કોઈ માર્ગ સૂઝતો નથી અને તે(બંદા)ના ઉપર કાબૂ મેળવવા માટે અશક્તિમાન બની જાય છે.'

ત્યાર પછી આપણા પાક પયગમ્બર(સ.) ફરમાવે છે કે જો તમે એવું ઈચ્છતા હો કે ઈબ્લીસ હંમેશાં સૂઝેલી આંખોથી અને ઝખમોથી પીડાતો રહે તો પછી તમે તમારી જાતને **અલ્લાહની ફરમાબરદારીમાં રાખો** અને **તેના નામનો ઝિકર કરવામાં તલ્લીન રહો** અને **'મોહંમદ વ આલે મોહંમદ' ઉપર દુરૂદ મોકલતા રહો** અને જો તમે આની અવગણના કરશો તો પછી તમે ઈબ્લીસના પંજામાં સપડાઈ જશો અને તેના કેટલાક બદમાશ ચેલાઓ તમારી પીઠ ઉપર હંમેશાં સવારી કરતા રહેશે.'

- *મિશ્કાત* માં હઝરત અનસના હવાલાથી એક હદીસ નોંધવામાં આવી છે, તેમના કથન અનુસાર પાક પયગમ્બર(સ.)એ દુરૂદ શરીફનો ઝિકર કરવાનું મહત્વ આ રીતે બતાવ્યું છે :

'એ કે જે મારા ઉપર એક *દુરૂદ* મોકલે છે, સર્વશક્તિમાન અલ્લાહ તેના ઉપર દસ વખત સલામ મોકલે છે, તેના દસ ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને તેના દસ દરજ્જા વધારી દેવામાં આવે છે.'

- *સહીહ તિરમિઝી*માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મ'સૂદના હવાલાથી પયગમ્બરે પાક(સ.)ની નીચેની હદીસનો ઉલ્લેખ કરવામાં આવેલો છે :

'કયામતના દિવસે લોકોમાંથી મારી સૌથી

નજીક એવા લોકો હશે કે જેમણે સૌથી વધારે પ્રમાણમાં મારા ઉપર દુરૂદ શરીફ મોકલી હોય.'

● સહીહે બુખારીમાં દુરૂદ શરીફની ફઝીલતનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવ્યો છે :

'જ્યારે અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ કોઈ દુઆ માગવામાં આવે છે તો તેનો કદી પણ સ્વીકાર થતો નથી સિવાય કે સૌ પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો સના કરવામાં આવી હોય અને પાક પયગમ્બર(સ.) ઉપર દુરૂદ શરીફ મોકલવામાં આવી હોય.'

→ અલ્લાહ(સુ.વ.ત.) હંમેશાં આપણને પયગમ્બરે પાક(સ.) અને તેમની પાક આલ ઉપર દુરૂદ મોકલવાનો જે હક છે તેને પરિપૂર્ણ કરવામાં આપણી હિદાયત કરતો રહે અને આપણા આ'માલના બદલામાં બન્ને જહાનમાં પોતાની અસીમ રહેમત આપણા ઉપર મોકલતો રહે. સહીફએ કામેલામાંની નીચેની દુઆ સાથે આપણા બધાયના માટે દુઆ માગીને મારા આ લેખનું સમાપન કરવાનું હું પસંદ કરીશ.

'યા અલ્લાહ ! અય તું કે જેણે મોહંમદ(સ.) અને તેમના વંશજોને સન્માન અને મહત્તા અર્પણ કરીને વિશિષ્ટ બનાવ્યા અને જેમને રિસાલતની પદવી અર્પણ કરી અને વસીલો બનાવીને વિશેષ યોગ્યતા અર્પણ કરી, જેમને નબીઓના વારસદાર બનાવ્યા અને જેમનાથી જાનશીનો અને ઈમામોની પરંપરાને પરિપૂર્ણ કરી, જેમને ભૂતકાળનું અને ભવિષ્યકાળનું જ્ઞાન શીખવાડ્યું અને લોકોનાં દિલોને જેમના તરફ ઝુકાવી દીધાં !

બારે ઈલાહા ! મોહંમદ(સ.) અને તેમના પાક અને પવિત્ર વંશજો પર રહેમત વરસાવજે અને અમારી સાથે દીન, દુનિયા અને આખેરતમાં એવો વ્યવહાર કરજે કે જે તારા માટે શોભાસ્પદ છે. ખરેખર તું દરેક વસ્તુ પર કાબૂ ધરાવનાર અને શક્તિમાન છે.' આમીન. ✻

## General Knowledge Corner

129

**(૧) 'લંડન આઈ' જેવું એક જ વિરાટ ચકડોળ ભારતના કયા શહેરમાં તૈયાર કરવાનું આયોજન કરવામાં આવનાર છે ?**
(A) મુંબઈમાં (B) દિલ્હીમાં
(C) કોલકત્તામાં

**(૨) બનાસકાંઠા જિલ્લામાં 'મોચી ભરત' તરીકે ઓળખાતી ડિઝાઈનોમાં મુખ્યત્વે શું જોવા મળે છે ?**
(A) પોપટની ડિઝાઈન (B) લોકપરંપરા
(C) ફૂલ પાંદડીની ડિઝાઈન

**(૩) ગુજરાતમાં સામાન્ય રીતે નીચેનામાંથી કઈ મીઠાઈ દિવાળી દરમિયાન જ ખાસ બનાવવામાં આવે છે ?**
(A) મોહનથાળ (B) મગજ
(C) ઘૂઘરા

**(૪) 'સા વિદ્યા યા વિમુક્તયે' વાક્ય નીચેના પૈકી કયા ગ્રંથમાંથી લેવામાં આવ્યું છે ?**
(A) અથર્વવેદ (B) ઋગ્વેદ
(C) ઉપનિષદો

**(૫) વસ્તી ગણતરીના તાજા આંકડા મુજબ ભારતમાં સૌથી વધારે ગ્રામીણ વસ્તીવાળુ રાજ્ય નીચેનામાંથી કયું છે ?**
(A) મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ
(C) ઝારખંડ

**(૬) રૂા. ૧૦ની નોટ પર કોની સહી હોય છે ?**
(A) કેન્દ્રીય નાણા સચિવની
(B) રિઝર્વ બેન્કના ગવર્નરની
(C) કેન્દ્રિય નાણા મંત્રીની

**(૭) કીમો થેરાપી કયા રોગની સારવાર સાથે સંબંધિત છે ?**
(A) કેન્સર (B) ન્યૂમોનિયા (C) હૃદયરોગ

# The Excellence of '*Durood*'

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

***In the name of Allah, Most Gracious, Most Merciful.***

*There are two ways in which one school is usually differentiated from the other:*

- *By School Uniform*
- *By School Mandates*

*A school uniform helps a school to identify its students; thus it is a* ***mark of identification*** *of its students. While school mandates are* ***the guidelines*** *which* ***would help to groom a student****. A student wearing an* ***untidy uniform*** *at school premises might* ***get punished*** *and would* ***earn a bad name for himself****, but a student who* ***disobeys school mandates*** *is removed or* ***rusticated from his school*** *as his behaviour could harm other students and also earn a bad name for the school.*

➔ *It is important for a student to* ***follow the school mandates with perfection*** *so that he is* ***loved by the authorities*** *and can become* ***a good ambassador of his school****.*

When we relate this with Islam there are again two ways a Muslim can be differentiated from other fellow Muslims:

- By his Prayers
- By his willingness to obey the Quranic Mandates

A Muslim who prays regularly is identified as a **devout Muslim**. Thus it is a mark of **identification of his devotion**. Let us see what Quran says regarding our prayers:

- *"Aur Maine jinnon aur aadmiyon ko issi gharaz se paida kiya ki wo* ***Meri ibadat karein."*** *– (Surah-e-Adh Dhariyat, ayah 55)*

  *"(I have not created the jinns and men* ***but to worship Me****)"*

The objective behind the creation of *Jinn* and Men is to worship Allah (SWT). When we worship Him we are united with Him and fulfill the objective of our existence. Again He further says in the following ayah:

- *"Aur jo shakhs **(ibadat main) koshish karta hai** to **bas apne hi waaste koshish karta hai** (kyunke) usmain to shak hi nahin ke **Khuda saare jahan ki ibadaton se beniyaaz hai"** – (Surah-e-Ankabut, ayah 6)*

  *"(And **whoever strives hard (in prayers)**, he **strives only for his own soul**; most surely **Allah is Self-sufficient, above (prayers of) the worlds.)"***

The above ayah says that Allah (SWT) is above all the prayers of the worlds. He is self-sufficient and hence independent of our prayers. Our prayers are for **our own good**. If we pray regularly we ourselves would be **benefited.** And if we don't pray the **loss is our own.** But when we reflect back on the first ayah that says Allah (SWT) has created *Jinn* and men to worship Him we are forced to contemplate that there must be **a specific prayer which if offered would unite us with Him and fulfill His objective of creating us.**

➔ Before we proceed with identifying such a prayer let us stop here and try **to focus on a few Quranic Mandates** that would **help us groom ourselves** and make **us a good ambassador** of the religion and **be loved by Allah (SWT).**

For this let us see the following ayahs from *Surah-e-Fateha;* this *Surah* is mandatory to be recited in the beginning of every *namaz.*

- *"Humain seedha raasta dikha, **un logo ka raasta jin per Tu ne inaam farmaya**…" – (Surah-e-Fateha Ayah 6-7)*

  *("Show us the straightway, **the way of those on whom Thou hast bestowed Thy Grace...")***

Invariably every Muslim recites the above lines and thus **prays to be guided on the straight path** which is treaded by **the selected few who are bestowed by Allah (SWT)'s limitless Grace**. If we follow the path shown by them we would be groomed to be a good ambassador of our religion and be worthy of Allah (SWT)'s limitless Grace.

Sa'labi in his *tafseer* quotes a tradition from **Abu Hureira** which says that the '**straight path'** mentioned in the above ayah of *Surah-e-Fateha* **is the path taken by Mohammed (SAW) and the children of Mohammed (SAW).** *(Ref: Sa'labi in his Tafseer, Waki ibn-e-Jarrah in his commentary).*

Thus the Quranic Mandate to become a good Muslim is to follow the path taken by the **holy Prophet (SAW) and his holy Progeny (pbut).**

Again the importance of above mandate can be best understood by contemplating on the following ayah from *Surah-e-Shura:*

- *"Ae Rasool (SAW) tum kehdo ke main apni tableegh-e-risalat ka* ***apne karabatdaron ki mohabbat*** *ke siwa tumse koi sila nahin maangta" – (Surah-e-Shura, ayah 23)*

  *"('Say: I do not ask of you any reward for it but* ***love for my near relatives'****)"*

In the above ayah Allah (SWT) instructs the holy Prophet (SAW) to ask the *Ummah* to **love his near relatives** in lieu of the hard-work which he undertook during his Prophethood of 23 years.

The near relatives mentioned in the above ayah refer to **Ali (A.S) & Fatema (A.S) and their children**. *(Ref: Sa'labi, Suyuti, Baidhavi, Bukhari, Muslim, Ahmed ibn Hambal, Allama Zamkhashri Vol 3, P 68).*

The reward of the Prophethood is the love of *Ahl-ul-bait.* It can be hence further inferred that if someone is not giving heed to the above ayah he is risking his faith and dishonoring the Prophethood. And **he may not remain in Islam;** that is why the holy Prophet (SAW) has said that:

- "In the **love for my *Ahl-ul-bait*** lies **the foundation of Islam**" *(Ref: Selections from Kanz-ul-Ummal, P 94).*

➔ Thus the Quranic Mandate **to remain in Islam** and **be a true ambassador** of the religion is **to love the *Ahl-ul-bait***. By loving them and getting inspired by their lives and teachings **we remain on the straight path**.

Let us shift our focus back on prayers now. We will see the following ayah on *namaz,* which is mandatory for any Muslim to offer 5 times a day:

- *"To* ***un namaziyon ki tabahi hai jo apni nanaz se ghafil rehte hain jo dikhane ke waaste karte hain*** *aur roz marra ki ma'mooli cheezein bhi aariyat nahin dete." – (Surah-e-Ma'un, 4-7)*

  *"(So* ***woe to the praying ones****, Who* ***are unmindful of their prayers, Who do (good) to be seen,*** *And withhold the necessaries of life.)"*

Though it is the highest form of prayer **Allah (SWT) disapproves those** who **display their *namaz*** in such a manner that **it becomes a showoff**.

Thus Allah (SWT) likes that *'namaz'* **which is subtle and offered only for the purpose of pleasing Him and Him alone.**

Keeping this in mind let us see the following ayah now:

- *"Iss main shak nahin ke* ***Khuda aur uske farishte paighambar (aur unki aal) per durood bhejte hai to ae imaandaro tum bhi durood bhejte raho*** *aur* ***baraabar salaam karte raho****". – (Surah-e-Ahzaab, ayah 56)*

*"(Surely **Allah and His angels bless the Prophet;** **<u>O you who believe!</u>** call for **<u>(Divine) blessings on him</u>** and **<u>salute him with a (becoming) salutation</u>.)"***

The ayah says that Allah (SWT) and His angels bless the holy Prophet (SAW) by way of sending *'durood'* on him. Allah (SWT) further orders the ***'believers'*** to send *durood* and *salams* to the holy Prophet (SAW) in return. While we ponder upon the above ayah we can infer that to send *'durood'* and salutations on the holy Prophet (SAW) is the **work of believers as the ayah has been addressed to them**; whoever does so qualifies to be a ***Momin;*** **he becomes a true believer.** Thus the way offering *namaz* is the identification of a Muslim, **<u>offering *durood* is the identification of a *'Momin'*</u>**.

Again, while offering *namaz* we need to be subtle without showoff, but **<u>*durood* is offered a loud in public</u>**. Allah (SWT) has not kept any restrictions in the way we offer *durood.* In fact it is the **<u>only form of prayer where Allah (SWT) joins us in offering *durood*</u>** while for other prayers He is above them.

When this verse was revealed, someone asked the Holy Prophet (SAW) as to how i.e. in what words should the believers recite '*Salawat'* or *'Durood'* to him. He said:

*"O Lord! Bestow **Thy Mercy and Grace upon Mohammed and the Progeny of Mohammed** as Thous didst bestow Thy mercy and blessings upon Ibrahim and the progeny of Ibrahim, verily Thou art the Most praised and the Most Glorious One."*

So whenever *durood* is sent on the holy Prophet (SAW) it includes his holy Progeny (pbut) as well. That is why the following ayah says that:

- *"Aur Hum ne un ka zikr khair baad ke aane walon main baaqi rakkha ke har taraf se **Aal-e-Yaseen per salaam hi salaam hai"** – (Surah-e-Sa'afat, ayah 129-130)*

  *"(And We perpetuated to them (praise) among the later generations. **Peace be unto the Aal-e-Yaseen.)"***

Allah (SWT) sends His *salams* to ***"Aal-e-Yaseen"*** appreciating their good deeds and He promises that their deeds would be perpetuated among the later generations. So **when we praise their good deeds we are obeying Allah's Wish** and thus take a step further in grooming ourselves.

Ibn-e-Abi Haatim and Ibn-e-Marduiya have quoted a tradition from the authority of Ibn-e-Abbas that ***Aal-e-Yaseen*** in the above ayah **refers to Aal-e-Mohammed (SAW**) (Ref: Durr-e-Mansoor, vol 5, P 286)

Fakhruddin Razi writes that the *Ahl-ul-bait* are at par with the Holy Prophet (SAW) in five things:

- Firstly in salutation, for Allah said, "Peace be unto thee, O Prophet", and He also said **"Peace be unto the *Aal-e-Yaseen*"**.
- Secondly in **invoking the blessings of Allah** during prayers, after each *'tashahud'*.

- Thirdly **in their purity**, for the Almighty said unto the Prophet *"Ta Ha"* (*Surah* 20) and He revealed the verse of Purification (33:33) for the *Ahl-ul-bait.*

- Fourthly in the ***Sadaqa*** **being forbidden.**

- Fifthly **in love,** for Allah says that **we should follow the Prophet and he would make Allah love u**s. He also said, **"Say, I ask of you no reward except that you love my kindred."**

  - (*Ref: Stairway to Heaven, Yousuf.N.Lalljee, December 1975, Bombay Edition, Page 38)*

The above mentioned ayahs are not the only occasions when Allah (SWT) has sent His salutations on *Ahl-ul-bait*. He again sends His *Mercy and Blessings* in the following ayah:

- *"**Ae Ahl-ul-bait (Nabuwwat**) tum per **Khuda ki rehmat wa Usski barkatein** (naazil ho)." – (Surah-e-Hud, ayah 73)*

  *"(**The Mercy of Allah and His Blessings** are on you, **O Ahl-ul-bait)"***

Whenever the holy Prophet (SAW) visited Mawla Ali (A.S)'s house, he would hold the door and say '**Assalam-alaykum Ya *Ahl-ul-bait*".** *(Ref: Durr-e-Mansoor, Mulla Jalaluddin Suyuti, Vol 5, Page 198-199)*

By showering His Mercy, His Blessings and His Grace on the *Ahl-ul-bait* on various occasions in Quran and also ordering the believers to send their salutations on the holy Prophet (SAW) and his Progeny (pbut), Allah (SWT) has shown us the importance of this Mandate. Shafei has further confirmed the above Quranic Mandate in the following words which showcases the importance of loving Ahl-ul-bait and sending *durood* on them:

- "O *Ahl-ul-Bait* of Allah's Messenger, **your love is a duty imposed upon us in the Holy Quran**. It is enough among your great privileges that **whoever does not bless you, his prayer is void**." - *(Ref: Ibn-e-Hajar's Sawaiq-e-Mohriqa, P 88, Nabahani's Sharaf-ul-Mo'abbad; Imam Abu Bakr Shahabuddeen's Rishfat-us-Saadi)*

➔ On one hand Allah (SWT) says that He has created *Jinn* and Men to worship Him; on the other He says that He is above all our prayers; then again He joins us in sending *'durood'* on the holy Prophet (SAW) and his holy Progeny (pbut). If we contemplate on this Act of Allah (SWT) we can infer that Allah (SWT) has created *Jinn* and Men to send salutations and *durood* on the holy Prophet (SAW) and his holy Progeny (pbut). ***Namaz* remains void and incomplete without the mention of *durood* at the end. It is a right given to them by the Almighty Allah** for **the sacrifices and hardships they have borne in propagating Islam**. When we look at the lives of Imams from the household of the holy Prophet (SAW) we would understand this better. Their lives where full of atrocities and all the 11 Imams (except the 12th Imam Mehdi (A.S), who is in occultation), were brutally martyred. They have been created as a role model for the *Ummah* and ***'durood'*** on the holy Prophet (SAW) and his pious Progeny (pbut) **is a protocol which we need to follow to remain in the good books of Allah (SWT).**

At the end of the first section we did infer that if we follow the Quranic Mandate of loving them and following them we would be groomed to be a good ambassador of Islam and **Allah (SWT) would also love us.** The love and attitude of people of other religions towards us is the measure of how good an ambassador of our religion we have become, but how do we measure Allah's love for us? Let us try to find the answer from Quran again:

- *"Wohi to hai jo **Khud tum per durood (rehmat) bhejta hai** aur **usske farishte bhi** taake tumko **kufr ki tarikiyon se nikaal kar (imaan) ki roshni main le jaaye** aur **Khuda to imaandaron per bada maherbaan hai.**" – (Surah-e-Ahzab, ayah 43)*

  *"(He it is **Who sends His blessings on you**, and **(so do) His angels**, that **He may bring you forth out of utter darkness into the light**; and **He is Merciful to the believers (Momineen))"***

Before contemplating on the above ayah, let us go back to the ayah 56 from *Surah-e-Ahzaab,* in which Allah (SWT) and His angels send their *durood* and salutations on the holy Prophet (SAW). We have already seen **that Allah (SWT) further addresses the believers** in that ayah and **also orders them to do so.**

Now let us contemplate on the above ayah. Here, again **Allah (SWT) and His angels send their *durood* (blessings) on the 'believers'** to bring them into the light of guidance from the darkness of ignorance. The ayah further says that Allah (SWT) is **Merciful to the believers**. There is a difference in both forms of *durood.* **The *durood* by Allah (SWT) and His angels on the Holy Prophet (SAW) and his Progeny (pbut) is <u>their Right</u>** while the ***durood* (blessings)** of **Allah**

**(SWT) and His angels** on the believers is **<u>Allah's Mercy on the believers</u>**. When **a believer completes the right of *durood* on the *Ahl-ul-bait*,** Allah (SWT) and His angels send their blessings on him, **they purify him a**nd thus **<u>he becomes worthy of Allah's Love</u>**.

The magnitude of purification a believer attains can be best measured by the following words of our beloved Prophet (SAW):

- "Whoever dies for the **love of *Aal-e-Mohammed*** shall be a **marty**r; and behold, whoever dies for the love of *Aal-e-Mohammed* shall die as one whose sins **have been forgiven**."

  He has further added that "And behold that whoever die for the love of *Aal-e-Mohammed*, Allah shall **make his grave the visiting place of the Angels of mercy"**. *(Ref: Zamakhshari in his Tafseer, Imam Sa'labi in Tafseer-e-Kabeer)*

➔ By contemplating on various ayahs we have understood the importance of following the Quranic Mandate of *'durood'* and love of *Ahl-ul-bait* in our lives. Every act which is important has various benefits attached to it. Let us see the benefits we get while we fulfill the act of *durood*.

In *Aasare Haideri*, Page 348-349 (Tafseer on Quran by 11th Imam Hasan Askari (A.S)) the following sermon of the holy Prophet (SAW) is mentioned addressing his *Ummah* on the importance of recitation of durood in their lives:

- "O the *Ummah* of Mohammed Beware! When there are sorrows and hardships you too keep mentioning ***"Mohammed wa Aale Mohammed"*** so that Allah the Almighty for this discourse would let your angels be helped & gain victory over the satans at the door of your trouble and with each one of you there is an angel to your right who keeps recording your good deeds and there is an angel to your left who records your evil deeds. And with each one from *Iblees's* side also there are two satans who try to take him astray by creating unrest in his heart, he should take the name of Allah and recite ***"La haul wa la kuwwata illa billa hil aliyeel azeem wa sallalaho ala Mohammediw wa aalehitayabeen"*** By this the two satans get rebuked and return to *Iblees laeen* and complain that we are fed up regarding this person's matter so help us through a few more satans. Then he, the rejected one (mardood), helps them to the extent that through such an exchange a thousand helpers are dispatched and they get together and come towards this slave of Allah and when they plan to act he recites the name of Allah and sends durood on "***Mohammed wa Aale Mohammed"*** and because of this those evil ones cannot find a way and they are unable to overpower him."

  Then our holy Prophet (SAW) says that "if you desire to always keep *Iblees* suffering from sore eyes and wounds then keep yourselves engrossed **in obedience of Allah and in mentioning His name and send *durood* on *"Mohammed wa Aale Mohammed"*** and if

you ignore this then you will be a prisoner of Iblees and a few of his notorious deciples shall always ride your back."

In *Mishkaat* a tradition is recorded from the authority of Hazrat Anas, as per him the holy Prophet (SAW) has shown the importance of reciting durood in following manner:

- "He who reads a single *Durood* upon me, Almighty Allah blesses him ten times, ten of his sins are forgiven, and he is increased ten times in stages."

In *Sahih-e-Tirmizi* from the authority of Hazrat Abdullah Ibn Ma'sud the following hadith of the holy Prophet (SAW) is mentioned.

- "On the Day of Qayamat, the closest to me from among the people will be those who have read the most amount of Durood Shareef."

In *Sahih-e-Bukhari* the importance of *durood* is mentioned as below:

- "When a prayer is made to Allah (SWT) it is never accepted unless praise of Allah Ta'ala and durood on the holy Prophet (SAW) is first of all recited."

➔ Let Allah (SWT) always guide us to fulfill the rights of sending *durood* on the holy Prophet (SAW) and his pious Progeny (pbut) and bless us with His limitless Grace in both the worlds for this act of ours. I would like to pray for all of us with the following prayer from Sahifa-e-Kamila and end my article:

"O Allah, O He who singled out Muhammad (SAW) and his Household for honour,
showed favour toward them with Messengerhood, specified them for the mediation,
appointed them the heirs to the prophets, sealed with them the executors and the Imams,
taught them the knowledge of what has been and what remains to be,
and made the hearts of the people incline toward them!

Bless Muhammad (SAW) and his Household, the pure, and act toward us with that of which Thou art worthy in religion, in this world, and in the next world!
*Thou art powerful over everything. Aamin*

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### મોત

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે મૂર્ખ લોકોની નજરોમાં એક કાયદો કે જે મસ્લેહત વગર અધૂરો છે બલ્કે ખામીયુક્ત છે, તે મોત છે અને મૂર્ખ લોકો માણસના મોતને એક મોટો જુલમ માને છે કે જે અલ્લાહ તરફથી માણસ ઉપર કરવામાં આવે છે. પરંતુ માણસના મોતમાં એક મસ્લેહત (સમાયેલી) છે. જો આ મોત ન હોત તો માનવજાત નાશ પામી ચૂકી હોત અને જૂના જમાનાના વૈજ્ઞાનિકો કે જેમણે મોતનો નાશ કરવાની કોશિશ કરી તેઓ સંગીન* ભૂલ કરી રહ્યા હતા અને હું ભવિષ્યમાં આવનારા વૈજ્ઞાનિકોને વસિયત કરું છું

* ઈમામ(અ.)ના ફરમાને આપણને **એલેક્ષી કાર્લ** (એક પ્રખ્યાત વૈજ્ઞાનિક અને આ પુસ્તકના પ્રકરણ **'માણસને ઓળખી શકાયો નથી'**ના લેખક)ની યાદ અપાવી દીધી છે કે જે મોતને ખતમ કરવા ઈચ્છતો હતો અને તેણે આ દિશામાં અસરકારક શોધખોળો પણ કરી છે પરંતુ પાછળથી તે લજ્જિત થયો અને મોતને ખતમ કરવા સંબંધિત કાર્યોને છોડી દીધાં હતાં. અમેરિકામાં છપાયેલ અધ્યાત્મિક જ્ઞાન વિષયક સામયિક **'કોલંબીયા'** એલેક્ષી કાર્લ વિષેના લેખમાં લખે છે કે તેમાં છે કે તેમાં બે માણસો એકબીજા સાથે લડી રહ્યા હતા એક વૈજ્ઞાનિક કે જે મોતને ખતમ કરવા ઈચ્છતો હતો અને બીજો દાર્શનિક કે જે વૈજ્ઞાનિકને કહેતો હતો કે તું મોતને શા માટે ખતમ કરવા ઈચ્છે છે ? શું તું એવા લોકોની ઉંમર વધારવા ઈચ્છે છે કે જે અહંકાર અને નિર્દયી છે ? જેમની ઈચ્છા ફક્ત એ જ હોય છે કે માલ અને દોલત એકઠાં કરે પછી ભલેને આ કાર્ય માટે તેમને પોતાના હજારો માણસોનું લોહી વહેવડાવવું પડે અને તું જાણે છે ખરો કે માણસની કિંમત તેની વિશેષતાને કારણે છે, નહીં કે તેની સંખ્યાના કારણે અને એક કિંમતી માણસ જો પોતાના જેવા બીજા માણસની સેવા કરે છે તો તેનું મહત્વ કિંમત વગરના લાખો માણસોની સેવા કરતાં વધારે છે. વૈજ્ઞાનિક અને દાર્શનિકની આ લડાઈમાં છેવટે દાર્શનિક વિજયી થયો અને એલેક્ષી કાર્લ માણસની ઉંમરની વૃધ્ધિ અંગેના સંશોધન માટેના પ્રાયોજનની વ્યવસ્થા કરતાં અટકી ગયો. ગમે તેમ પરંતુ તેનું આ સંશોધન કે જેમાં જો કોઈ યુવાનનું લોહી કોઈ ઘરડા પુરૂષને અથવા ઘરડી સ્ત્રીને આપવામાં આવે (એ શરતે કે લોહીના ગ્રૂપમાં પ્રતિકૂળતા ન હોય) તો વૃધ્ધોની ઉંમર વધી જાય છે અને આ બાબતનો બધા જ જીવશાસ્ત્રીઓ સ્વીકાર કરે છે. એલેક્ષી કાર્લે તેના સંશોધનના પ્રથમ ચરણમાં ઉંમરની વૃધ્ધિ માટે મરઘીનાં બચ્ચાંની માંસપેશીઓને તે પક્ષીઓથી અલગ કરી લીધી પછી એક ખાસ દ્રવ્યમાં મૂકી રાખી અને આજે તે માંસપેશીઓને સિત્તેર વર્ષનો સમયગાળો થઈ ચૂક્યો છે અને તે (અત્યારે પણ) પેલા પદાર્થમાં જીવિત છે અને તે કેટલાક દિવસોમાં તો બમણી થતી જાય છે. મહિનામાં એક વખત તેનો અડધો ભાગ ફેંકી દેવો પડે છે અને જો તેનો અડધો ભાગ ફેંકી દેવામાં ન આવતો હોત તો (આજે) તે માંસપેશીઓ એટલી હદે વધી ગઈ હોત કે આપણું સૌર મંડળ (Solar System) કે જે આટલું બધું વિશાળ છે તેમ છતાં ય તે માંસપેશીઓ તેમાં સમાઈ શકી ન હોત. એલેક્ષી કાર્લ મેડીકલ અને સર્જરીના ઈતિહાસમાં એવો પહેલો ડૉક્ટર છે કે જેણે શરીરને શુધ્ધ લોહી પહોંચાડનાર ધમનીનું અનુસંધાન કર્યું છે અને દાક્તરી વિદ્યામાં નોબેલ પ્રાઈઝ પણ પ્રાપ્ત કર્યું છે. તેણે હૃદયની મોટી ધમનીકાંડ(Aorta)ને ત્રણ મિનિટમાં જોડી દીધી હતી અને તેના પછી આજ સુધી એવો સર્જન (Surgeon) પેદા નથી થયો કે જે પંદર મિનિટથી ઓછા સમયમાં Aortaને જોડી દે. (આ કિતાબ લખાઈ તે વખતની આ વાત છે.) એલેક્ષી કાર્લ એ સમયના કુશળ વૈજ્ઞાનિકોમાંથી હતો. તે ઈ.સ. ૧૯૪૪માં મૃત્યુ પામ્યો હતો.

કે તેઓ મોતને ખતમ કરવા માટે ધ્યાન ન આપે કેમકે જો મોત નાશ પામશે તો માનવ વંશ તબાહ થઈ જશે.

અય અબુ શાકિર ! થોડી ક્ષણો માટે વિચાર કે જો મોત ન હોય અને માણસ એ જાણી લે કે તે હંમેશ માટે જીવિત રહેનારો છે તો જેવી આ વાત જાણશે કે માણસ મરવાનો નથી તો તરત જ જાલિમ લોકો બીજાઓનો માલ હડપવાની કોશિશ કરશે જેથી તેમના અંગત જીવનકાળમાં તેઓ હંમેશને માટે માલદાર બની રહે અને આ કારણે જો કમજોર લોકો પોતાના માલને બચાવવા માટે જાલિમોના વિરોધમાં સંગઠિત થશે અને મુકાબલો કરશે તો શક્તિશાળી પચાવી પાડનારા લોકો તેમને ખતમ કરી દેશે કારણ કે કુદરતી મોત તો નહીં હોય પરંતુ કતલ દ્વારા આવતું મોત તો હશે જ. માટે શક્તિશાળી પચાવી પાડનારા લોકો કમજોર લોકોને કતલ કરી દેશે. આજે કે જ્યારે દરેક શક્તિશાળી પચાવી પાડનાર માણસને ખબર છે કે તે એક દિવસ મરી જવાનો છે અને તેનું મોત વધારે દૂર નથી તેમ છતાંય તે માલ અને દોલત એકઠી કરવાનો મોહ રાખે છે અને જો હંમેશ માટે જીવિત રહેવાનું હોય તો આજની સરખામણીમાં એમનો મોહ ખૂબ જ વધારે થઈ જાત. વળી શક્તિશાળી લોકોમાં અંદરો અંદર જ લડાઈ ઝઘડા થઈ જાત અને છેવટે તો ફક્ત સૌથી શક્તિશાળી માણસ જ બાકી રહી શકત જેનો અર્થ એ થાત કે માનવવંશ જ નાશ પામી જાત.

જેવી રીતે કોઈ પ્રવૃત્તિ ન હોય તો આરામ કરવામાં કોઈ લહેજત નથી હોતી બસ એવી જ રીતે જો મોત ન હોય તો જીવનમાં કોઈના માટે કોઈ લહેજત હોત નહીં, જે બાબત લોકોના જીવનમાં આકર્ષણનું કારણ છે તે છે મોતનો ડર. અય અબુ શાકિર ! આજે માતા-પિતા પોતાના દીકરા ઉપર મહેરબાન એટલા માટે છે કે તેમને ખબર છે કે તેઓ પોતે તો મરી જવાના છે અને તેમનો દીકરો જીવિત રહેવાનો છે અને તેમના પછી તેમનો દીકરો આ દુનિયામાં તેમની યાદગાર બનશે અને પોતાના જીવનની સાથે સાથે તે પોતાના માતા-પિતાના નામને પણ આ દુનિયામાં રોશન કરશે.

હે અબુ શાકિર ! જો મોત ન હોય તો અલ્લાહની બંદગી કરનારા લોકો અલ્લાહથી ડરત નહીં. આજે જ્યારે કે દરેક એકેશ્વરવાદી અલ્લાહથી ડરે છે અને તેનું આજ્ઞાપાલન એટલા માટે કરે છે કે તેને ખબર છે કે જો તે અલ્લાહનું આજ્ઞાપાલન નહીં કરે અને તેના હુકમ પ્રમાણે અમલ નહીં કરે તો મોત પછી કયામતના દિવસે તે સજાને પાત્ર બનશે. પરંતુ જો મોત જ ન હોત તો તે કારણે કોઈ મરત જ નહીં પરિણામ સ્વરૂપે કયામતનો દિવસ પણ ન હોત કારણ કે કયામતના દિવસ માટે એ (બાબત) જરૂરી છે કે માણસ મર્યા પછી ફરીથી જીવિત થાય અને આ દુનિયામાં તેણે કરેલાં કર્મો પ્રમાણે અલ્લાહ તેને બદલો અથવા સજા આપે. મોતનો ડર અદ્વૈતવાદી લોકોને* અલ્લાહના આજ્ઞાપાલનની પ્રેરણા આપે છે અને જુલમથી રોકે છે.

અમે એવું નથી કહેતા કે જુલમનું અસ્તિત્વ જ ન હોત કારણ કે મોતનો ડર હોવા છતાં ય જુલમ ખતમ નથી થયો અને તે લોકો કે જેઓ અલ્લાહમાં શ્રધ્ધા નથી રાખતા તેઓ બીજાઓ ઉપર જુલમ તો કરે છે. જો કે એ માણસ કે જે અલ્લાહ ઉપર ઈમાન રાખે છે અને તેનું આજ્ઞાપાલન કરે છે તે બીજાઓ ઉપર જુલમ નથી કરતો. માટે જો મોત ન હોત અને એવું માની લેવામાં આવે કે માનવજાત બાકી રહેત તો જીવનની જે હાલત આપણે અત્યારે જોઈ રહ્યા છીએ તેનાથી તો ઘણી જ ખરાબ હોત.

* જીવાત્મા અને પરમાત્મા એક જ છે એવું માનનારા લોકોને

આવી પરિસ્થિતિમાં કોઈ પણ માણસ પોતાની જાતને ગરમ રણ પ્રદેશોમાં અથવા ઠંડા પ્રદેશોમાં જીવન વ્યતીત કરવાની તકલીફ આપત નહીં અને જે પ્રદેશો હવામાનની દૃષ્ટિએ સમશીતોષ્ણ હોય ત્યાં ચાલ્યો જાત અને ત્યાંના રહેવાસીઓને કતલ કરીને તેમની ખેતી ઉપર કબજો કરી લીધા પછી ત્યાં નિરાંતે જીવન વ્યતીત કરવા લાગત અને માણસ ફક્ત એવી પરિસ્થિતિમાં જ નવી જગ્યાએ વસવાટ કરત કે જ્યાં તે સ્થાનિક વસ્તીને ખતમ કરીને તેમની માલ મિલકત ઉપર કબજો જમાવી ન શકત.

જો આપણે એવું માની લઈએ કે મોત ન હોવાની પરિસ્થિતિમાં માનવજાત નાશ ન પામત તો ફક્ત થોડીક જ સદીઓમાં માનવ વસ્તી એટલી હદે વધી જાત કે માણસ ન કેવળ અન્ય જાનવરોને બલ્કે પોતાની ભૂખ સંતોષવા માટે બીજા માણસોને પણ ખાઈ જાત કારણ કે વસ્તી એટલી બધી વધી જાત કે જમીન ઉપર ખેતીવાડી માટે જગ્યા મળત નહીં કે જેના ઉપર હળ ચલાવીને લોકો બીજ વાવે. ખેતીવાડી ખતમ થઈ જાત અને માણસ ધીરે ધીરે પહેલાં તો જાનવરોને ખાવાનું શરૂ કરત અને જ્યારે બધાં જાનવરો ખતમ થઈ જાત તો ભૂખ સંતોષવા માટે માણસોને ખાધા સિવાય તેના માટે બીજો કોઈ વિકલ્પ બાકી ન રહેત. અને આ મોત જ (એવી વસ્તુ) છે કે જેના કારણે માનવ વસ્તી એટલી હદે નથી વધી જતી કે જમીન ઉપર ખેતીવાડી માટે કોઈ જગ્યા બાકી ન રહે અને આ મોત જ (એવું) છે કે જે માણસને અલ્લાહના હુકમ ઉપર ચલાવે છે અને આ મોત જ (એવું) છે કે જે માણસના દિલમાં પોતાના અને પરાયા માટે દયાનો ભાવ પેદા કરે છે અને આ મોત જ (એવું) છે કે જે પચાવી પાડનારા લાકોને બીજાઓનો માલ જુલમ વડે હડપવાથી રોકે છે. આ મોત જ (એવું) છે કે જે માણસો માટે જીવનને મધુર બનાવે છે.

અલ્લાહે જે વસ્તુઓ પેદા કરી છે એમાં એક અથવા તો તેનાથી વધુ મસ્લેહતો છુપાયેલી છે પછી ભેલેને તે વસ્તુ આપણી દૃષ્ટિએ નિરૂપયોગી અથવા હાનિકારક જ કેમ ન હોય. અય અબુ શાકિર! તું પથ્થરોથી ભરેલા પહાડોને નિરુપયોગી માને છે પરંતુ તેં ક્યારે ય તારી જાતને પૂછ્યું છે ખરું કે પહાડોનું સર્જન શા માટે થયું છે? અલ્લાહે તો મસ્લેહતોના અંતર્ગત જ પહાડોને પેદા કર્યા છે. જ્યાં જ્યાં પહાડ છે ત્યાં ત્યાં વહેતું પાણી પણ હોય છે કારણ કે પહાડની ઊંચાઈઓ પર વરસાદ અને બરફ પડે છે જેના કારણે (પાણીનાં) ઝરણાં અસ્તિત્વમાં આવે છે અને તે નદીઓનું રૂપ ધારણ કરે છે અને પહાડ ઉપરથી વહેતી આવતી નદીઓ ખેતરોને તૃપ્ત કરે છે આથી તો લોકો પહાડની તળેટીમાં વસવાટ કરે છે કે જેથી ખેતી કરી શકે કારણ કે ત્યાં પાણી મળતું રહે છે, ઉનાળામાં હવામાન ઠંડુ રહે છે અને આ જ કારણે જે લોકો ગરમ વિસ્તારોમાં રહે છે તેઓ ઉનાળામાં પર્વતીય વિસ્તારોમાં ચાલ્યા જાય છે જેથી તેઓ ગરમીથી સુરક્ષિત રહી શકે. પહાડની તળેટીમાં વસેલાં શહેરો, નગરો અને ગામડાંઓ પહાડની પીઠ તરફથી આવતા તોફાનોનો ભોગ બનતાં નથી કારણ કે પહાડ એવા તોફાનના માર્ગમાં એક મોટો અવરોધ (બનતો) હોય છે. (ક્રમશઃ)


**ચોપડાનું વિતરણ ચાલુ છે.**

**મક્તબા જાફરીયા દ્વારા તૈયાર કરવામાં આવેલ ચોપડાનું વિતરણ ચાલુ છે. જે મોમિન ભાઈ-બહેનોને જોઈતા હોય તેમણે નીચેના સ્થળેથી મેળવી લેવા વિનંતી.**

**૧ નંગ રૂા.૧૫/-** | **૧૨ નંગ રૂા.૧૮૦/-**

**::::: પ્રાપ્તિ સ્થાન :::::**

**સાબરકાંઠાના તમામ ગામોમાં**

**મો. ૯૨૨૭૭૮૬૪૪૦**

**મક્તબા જાફરીયા**

**ફોન : ૦૨૭૬૭-૨૮૭૨૨૨**

::::: સંપાદક :::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
::::: અનુવાદ :::::
મો.કાસમભાઈ વિજાપુરા


## મોમિનની સિફ્તો અને નિશાનીઓ

(ગતાંકનું ચાલુ)

જ્યારે (મોમિન) કોઈ સારી બાબતની ખબર મેળવે છે તો તેને છોડતો નથી અને બૂરાઈની સુધારણા કર્યા વગર નથી રહેતો. તે અમાનતદાર અને પરહેઝગાર હોય છે. તેનું બાતિન સાફ હોય છે અને લોકો તેનાથી રાજી રહે છે. તે ખતાકારોના ઉઝરને કબૂલ કરે છે અને સુંદર ઢબથી ઝિક્ર કરે છે. લોકોની સાથે સારું ગુમાન રાખે છે. ગુપ્ત કાર્યોને માલૂમ કરવાના શોખમાં પોતાના નફ્સ ઉપર ઈલ્ઝામ લગાવે છે. પોતાની દીનદારી અને ઈલ્મને કારણે ખુદાના માટે જ કોઈને દોસ્ત રાખે છે અને ખુદાના જ માટે તેમની સાથેનો સંબંધ તોડી નાખે છે કે જેઓ તેની સાથે બૂરાઈનો ઈરાદો ધરાવતા હોય છે. ખુશી તેને અક્કલ વગરનો બનાવતી નથી. રાહત તેને ખરાબ મિઝાજ ધરાવવા આકર્ષિત નથી કરતી. તે જગતને આખેરતની યાદ અપાવે છે અને અજ્ઞાનીને ઈલ્મ શીખવાડે છે. તેનાથી ન તો કોઈ મુસીબત નાઝિલ થવાનો ડર રાખવામાં આવે છે કે ન કોઈ અકસ્માતનો ડર. રાહે ખુદામાં દરેક કોશિશને તે પોતાના પ્રયત્નથી વધારે ખાલિસ (નિખાલસ) જાણે છે અને એવું સમજે છે કે દરેક નફ્સ તેની સાથે વધારે સદાચાર રાખે છે. તે પોતાના ઐબને જાણવાવાળો અને પોતાની આખેરતના ગમમાં મશગૂલ રહે છે. તે ખુદાના સિવાય કોઈના ઉપર ભરોસો નથી કરતો. તે આ દુનિયામાં મુસાફરના જેવી જિંદગી વીતાવે છે. તેને એકલવાયાપણું પસંદ હોય છે અને આખેરતની નજાત માટે ચિંતિત રહે છે. તે કોઈને દોસ્ત રાખે છે તો તે ખુદાની ખુશનૂદી ખાતર અને જેહાદ કરે છે તો અલ્લાહની રઝામંદી ખાતર. પોતાના નફ્સના માટે બદલો નથી લેતો. પરંતુ એવાં કાર્યોને તે ખુદા પર છોડી દે છે. તે કદી ખુદાના દુશ્મન સાથે દોસ્તી નથી કરતો. ગરીબ લોકોની મોહબ્બતની શોધખોળ કરનારો હોય છે. સત્યવાદી લોકોને મળે છે. તે હકવાળા લોકોનો મદદગાર, નિકટના લોકોનો સહાયક, યતીમોનો બાપ, વિધવાઓનો શૌહર અને મુસીબતમાં ફસાયેલા લોકો ઉપર મહેરબાન હોય છે. દરેક મુસીબતમાં લોકોને તેની પાસેથી મદદની આશા રહે છે. દરેક પ્રકારની સખ્તાઈમાં તે ઉમ્મીદ માટેનું સ્થાન રહે છે. ઉદાર મોઢાવાળો અને ખુશખુશાલ રહેતો હોય છે, ખાટા મોઢાવાળો અને ઐબ શોધનારો નથી હોતો. તે દીનના કાર્યમાં સહાયક, ગુસ્સા ઉપર અંકુશ રાખનારો, મુસ્કુરાવાવાળો, બારીક નજરવાળો (સુક્ષ્મદર્શી), સાવચેતીવાળો હોય છે. તે કંજૂસાઈને પસંદ નથી કરતો. તેનો હક આપવામાં લોકો કંજૂસાઈ કરે તો સબ્ર કરે છે, બૂરી બાબતોથી બચતો રહે છે. થોડામાં સંતોષ માનવાને કારણે તે બેનિયાઝ (નિસ્પૃહ) છે. તેની હયા (શરમ) તેની ઈચ્છા ઉપર ગાલિબ (વિજયી) રહે છે અને તેની મોહબ્બત હસદ(ઈર્ષા)ના મનોભાવને પેદા નથી થવા દેતી.

તેની બક્ષિસ તેના કીના(દ્વેષભાવ) ઉપર ગાલિબ આવે છે. તે સાચી વાત સિવાય કંઈ નથી બોલતો. તેનો પોષાક મધ્યમસરનો અને ચાલ વિનમ્રતાસભર હોય છે. તે પોતાની ઈતાઅતમાં પોતાના રબની સમક્ષ નમ્રતા અને વિનયને પ્રગટ

કરનારો છે અને દરેક હાલતમાં તેનાથી રાજી રહે છે. તેની નિય્યત ખાલિસ (નિખાલસ) અને તેના અમલમાં ન ઐબ હોય છે કે ન ફરેબ. તેની નજર ઈબ્રત પેદા કરે તેવી છે. તેના દિલની શાંતિ આખેરતની ચિંતા કરવામાં છે. તે નસીહત કરવાવાળો, ખર્ચ કરવાવાળો, બિરાદરી (ભાઈચારા)ને કાયમ રાખવાવાળો અને જાહેર તેમજ બાતિન, દરેક હાલતમાં નસીહત કરનારો હોય છે. તે મોમિન બિરાદર સાથેનો સંબંધ ન તો તોડી નાખે છે કે ન તો તેની ગીબત કરે છે અને ન તો તેની સાથે દગો કરે છે. જે વસ્તુ હાથમાંથી જતી રહી હોય તેના ઉપર અફસોસ કરતો નથી અને જે મુસીબત આવે છે તેના ઉપર રંજ નથી કરતો. તે એવી વસ્તુની ઉમેદ નથી રાખતો કે જેની ઉમેદ રાખવાનું જાએઝ નથી. કપરા સમયમાં સુસ્ત નથી હોતો. ઐશ પર છંછેડાતો નથી. હિલ્મ(નમ્રતા)ની સાથે ઈલ્મ ધરાવતો રહે છે અને અક્કલની સાથે તેના સબ્રને જોશો તો તેને તવક્કુલ(ભરોસા)થી દૂર જોવા પામશો. તે હંમેશાં ખુશ રહે છે. ઉમેદ તેની નજીક થઈ ગઈ. ભૂલો કરવાનું તેનાથી ઓછું થઈ ગયું. પોતાના મોતની આશા રાખનારો રહે છે. તેના દિલમાં ખુશૂઅ (ખાકસારી) હોય છે તે પોતાના રબનો ઝિક્ર કરાનારો હશે. તેના નફસમાં નમ્રતા હશે, અજ્ઞાનતાને રદ કરનારો હશે તેનું કાર્ય આખેરત માટે સરળ હશે. પોતાના ગુનાહોની કલ્પનાથી દુઃખી રહેતો હશે. તેની ખ્વાહિશ મરી ગયેલી હશે. તે ગુસ્સાને પી જનારો હશે. તેના અખ્લાક પાક હશે અને તેનો પડોશી તેના દ્વારા અમનથી ભરપુર હશે. તેનામાં તકબ્બુર (અભિમાન) નથી હોતું. ખુદાએ તેના માટે જે મુકર્રર કરી દીધું છે તેના ઉપર આત્મસંતોષી રહે છે. તેનું ઈમાન પાકું, દીન મજબૂત અને ઝિક્ર વધારે હોય છે. તે લોકોને મળે છે તો ઈલ્મ પ્રાપ્ત કરવા અને કોઈ સવાલ કરે છે તો સમજવા માટે, તિજારત (વેપાર) કરે છે તો નફો પ્રાપ્ત કરવા (ન કે સંગ્રહ કરવા), કોઈ ખબરને એટલે નથી સાંભળતો કે ફખ્ર કરે અને એટલા માટે નથી બોલતો કે અન્ય લોકો ઉપર પોતાની બુઝુર્ગીને જાહેર કરે. તે પોતે જ રંજ ઊઠાવે છે અને લોકો તેનાથી રાહત મેળવે છે. પોતાની આખેરતની બેહતરી માટે પોતાના નફસને દુઃખમાં નાખે છે અને બીજાઓને આરામ પહોંચાડે છે. અગર તેની સાથે બગાવત (વિદ્રોહ) કરવામાં આવે... તો સબ્ર કરે છે જેથી અલ્લાહથી આખેરતમાં અથવા આ દુનિયામાં ઈન્તેકામ (વેરનો બદલો) લે. તેનું દૂર રહેવું કોઈની સાથે માત્ર દીનના વિરોધથી અને ફસાદથી બચવા માટે હોય છે અને તેની નજદીકી નરમી અને રહેમતના માટે હોય છે. તેનું લોકોથી દૂર રહેવું તકબ્બુર અને અઝમતને પ્રગટ કરવા માટે નથી હોતું કે ન તો તેનો મેળ મેળાપ મકર અને ફરેબના માટે હોય. તે એવા સારા સોબતીઓની પયરવી કરે છે કે જે તેના પહેલાં હતા જેથી તે પોતાના પછીના નેકી કરનારાઓનો પેશવા હોય છે.

આ (બધું) સાંભળીને હુમામે એક ચીસ પાડી અને મડદું થઈને પડી ગયા. હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું, ખુદાની કસમ, મને આની બાબતમાં આ જ ડર હતો અને ફરમાવ્યું કે સ્વાર્થત્યાગ કરનારી નસીહતની લોકો ઉપર આવી જ અસર થતી હોય છે. કોઈ કહેનારે એવું કહ્યું કે અય અમીરુલ મોમિનીન ! આપે આ કેવું કેવું ફરમાવ્યું કે દરેક માણસના મોતનો સમય નિશ્ચિત છે કે જે ન ઘટે છે કે ન વધે છે અને દરેકના માટે મરવાનું એક કારણ હોય છે (આપે ફરમાવ્યું) ખામોશ થઈ જા. બેઅદબીભરી વાત ન કર. બેશક શેતાને તારી અંદર ફૂંક મારી દીધી છે કે જેના કારણે તારી જબાનથી આવા શબ્દો નીકળ્યા. (મુસ્તદ્રક,

સફા-૬૮, ઉસૂલે કાફી, જિલ્દ-૨, બાબા-૯૯)

### મોમિનનો પરિચય

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું,

ભાષાંતર : મોમિનો એ છે કે જેમણે પોતાના ઈમામને ઓળખી લીધા. પરિણામે તેમના હોઠ સૂકાયેલા અને આંખો ભીની અને તેમના રંગ બદલાતા રહેતા હોય છે. તેઓ ચહેરાઓ ઉપર આજીજી કરવાવાળાઓની ધૂળના લીધે ઓળખાય છે. તેથી તેઓ ખુદાના એવા બંદાઓ છે કે જેઓ જમીન ઉપર નરમીની સાથે ચાલે છે અને તેમણે તેને પોતાનો પોષાક ગણ્યો છે અને માટીને પોતાનું બિછાનું બનાવી દીધું છે. તેઓ દુનિયાને છોડીને મસીહ ઈબ્ને મરિયમ (ઈસા(અ.))ના તરીકા ઉપર આખેરતની તરફ મોઢું ફેરવી ચૂક્યા છે. અગર તેઓ હાજર રહ્યા તો ન ઓળખાયા અને ગાયબ (અદશ્ય) રહ્યા તો તેમને શોધી ન કઢાયા. અગર તેઓ બીમાર થયા તો તેમની અયાદત ન (ખબર અંતર ન પૂછવામાં) કરવામાં આવી. તેઓ સદાય રોઝાથી અને રાતના સમયે જાગનારા છે. તેમનાથી દરેક ફિત્નો (ઝઘડો) હલ થાય છે અને જમાનો રોશન રહે છે. તેઓ મારા અસ્હાબો છે તેથી તેમની શોધખોળ કરો અને અગર એમનામાંથી કોઈની મુલાકાત થાય અને તેને સવાલ કરો તો તે તમારા માટે ઈસ્તિગ્ફાર કરવા માંડે.


*ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ** : બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭


### ઈમાનના સ્તંભો

હઝરત અમીરુલ મોમિનીન(અ.)ને ઈમાન વિષે સવાલ કરવામાં આવ્યો તો આપ(અ.)એ ફરમાવ્યું,

'અલ્લાહ તઆલાએ ઈમાનના ચાર સ્તંભ ગણાવ્યા છે : **સબ્ર, યકીન, અદ્લ** અને **જેહાદ.** સબ્રની ચાર શાખાઓ (ડાળીઓ) છે : શૌક, ઈશ્તિયાક, ઝોહદ, અને તરક્કુબ(ઉમ્મીદ). જેણે જન્નતનો ઈશ્તિયાક(લાલસા) રાખ્યો, તેણે ખ્વાહિશોથી તસલ્લી(આશ્વાસન) પ્રાપ્ત કરી અને જે દોઝખથી ડર્યો તે મહરમાત(મનાઈ કરેલી બાબતો)થી બચ્યો અને જેણે દુનિયાથી સંબંધ તોડી નાખ્યો તે મુસીબતોને તુચ્છ સમજ્યો અને જેણે મોત ઉપર નજર રાખી તેણે નેકીઓ તરફ પહેલ કરી.

યકીનની ચાર ડાળીઓ છે : પોતાની અક્કલમંદીને (કુરાનની મુહકમાત (સ્પષ્ટ આયતો)થી) જાગતી રાખવી. ઈલાહી હિકમતમાં ચિંતન મનન, ઈબ્રતના પ્રસંગોની સનાખત (ઓળખ) અને આગળના જમાનાની ઉમ્મતોની સુન્નતોને નજર સમક્ષ રાખવી. જેણે અક્કલમંદી પર નજર રાખી તેણે હિકમતને ઓળખી લીધી. જેણે હિકમતના સાચા અર્થ સમજી લીધા તેણે ઈબ્રતને ઓળખી લીધી અને જેણે ઈબ્રતને ઓળખી લીધી તેણે અંબિયાની સુન્નતોને ઓળખી લીધી અને

જેણે સુન્નતોને ઓળખી લીધી તે જાણે કે અવ્વલીનની સાથે થઈ ગયો, અને એ માર્ગ તરફની હિદાયત મેળવી કે જે સૌથી વધારે મજબૂત છે અને નજાત મેળવનારની બાબતમાં એવાં કાર્યો ઉપર નજર રાખી કે કોઈ કારણે તેને નજાત મળી અને હલાક થનારો કોઈ કારણે હલાક થયો. ખુદાએ જેને પણ હલાક કર્યો, તેના ગુનાહોના કારણે અને જેને પણ નજાત આપી તેની ઈતાઅતના કારણે.

અદ્લની પણ ચાર શાખાઓ(ડાળીઓ) છેઃ ઊંડી સમજ, ઈલ્મમાં જાણકારી અને દાનાઈ, હુકમમાં ખીલેલા ફૂલ (જેવા) અને હિલ્મ (નમ્રતા)માં તરો તાઝા બાગ (જેવા) હોવું જે આવી સમજ ધરાવતો હશે તે ઈલ્મની તફસીર બયાન કરી શકશે, જે ઈલ્મવાળો હશે તે હુકમના માર્ગોને ઓળખી લેશે. તેણે કોઈ કાર્યમાં અલગતા ન કરી તે લોકોમાં પ્રિયપાત્ર અને પસંદગીપાત્ર થઈને રહ્યો. જેહાદે નફસનાં પણ ચાર સ્વરૂપો છે : પહેલું અમ્રબિલ મઅરૂફ, બીજું નહી અનિલ મુન્કર ત્રીજું દરેક પ્રસંગે સાચું કહેવું, ચોથું ફાસિકોથી દૂર રહેવું. તેથી જેણે લોકોને નેક કાર્યોની હિદાયત કરી તેણે મોમિનની કમરને મજબૂત કરી. જેણે લોકોને બૂરાઈઓથી રોક્યા તેણે મુનાફિકનું નાક રગડી નાખ્યું અને તેના મકર(ફરેબ)થી અમાનમાં રહ્યો અને જેણે દરેક જગ્યાએ સાચું કહ્યું તેણે એ હક અદા કર્યો કે જે તેના ઉપર હતો અને જેણે ફાસિકોને દુશ્મન રાખ્યા તે જાણે કે ખુદાની ખુશ્નૂદી માટે તેમના ઉપર ગઝબનાક થયો અને જે ખુદાના ખાતર ગઝબનાક થયો હશે, ખુદા તેના દુશ્મન ઉપર ગઝબનાક થશે. આમ આ ઈમાન છે અને તેના સ્તંભો અને ડાળીઓ છે. ❋

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૯ના જવાબો**

(૧) ઉમ્મુલ કુરા (૨) પ્રકાશિત (૩) હરામ (૪) ફી સબીલિલ્લાહ (૫) ઈમરાન (૬) મસ્જિદે સખ્રા (૭) મન્સૂરા (૮) ટાઈગ્રીસ નદી

## એસ.એસ.સી./એચ.એસ.સી./સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તથા ઈજનેરી શાખા અને ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓએ પારિતોષિકો માટે માહિતી મોકલવા બાબત.

સમગ્ર બાવીસી જમાઅતમાંથી માર્ચ-૨૦૧૨માં લેવાયેલ **એસ.એસ.સી.** (ભાઈઓ તથા બહેનો) **એચ.એસ.સી.** સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહના ભાઈઓ તથા બહેનો તથા સ્નાતક કક્ષાની બહેનો, તા.૧-૬-૨૦૧૧ પછી જેમણે બાવીસી જમાઅતમાંથી ઈજનેરી શાખાની કોઈ **ડિગ્રી, પી.એચ.ડી., એમ.એસ., એમ.ડી.**ની પદવી તથા **એમ.બી.બી.એસ., બી.એ.એમ.એસ., બી.ડી.એસ., વેટેનરી ડોકટર, હોમિયોપેથિક**ની ડીગ્રી મેળવી હોય તેમજ સાબરકાંઠામાંથી જેમણે **બી.ફાર્મ** કે **એમ.ફાર્મ**ની ડીગ્રી મેળવી હોય તેમણે પોતાના ગુણપત્રકોની પ્રમાણિત કરેલી નકલ તથા જો ફોટો છાપવાનો હોય તો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો(બહેનોએ ઓઢણી ઓઢેલ) મોડામાં મોડા તા.૧૦-૭-૨૦૧૨ સુધીમાં મળી જાય તે રીતે નીચેના સરનામે મોકલી આપવા. ફોટાની પાછળ પોતાનું નામ અને માર્કશીટની પાછળ નામ, સરનામું, ફોન નંબર અવશ્ય લખેલું હોવું જરૂરી છે. નામ સરનામું લખેલ ન હોય તો સંપર્ક કરવાની ખૂબ મુશ્કેલી પડે છે.

**સરનામુ : મો.ગુલામમહંમદ પટેલ 'માસૂમ' મહેરપુરી**

**સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પાછળ, મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા. પીન - ૩૮૩ ૦૦૧. મોબાઈલ : ૯૬૮૭૬૭૯૫૧૩**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૧૦૯**

**દેખો ને રે આશા એસી મન ધરની,**
**જું જમીઆં કી નેહા, પીત યું કરની.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે અય મોમિન બંધુઓ ! તમે તમારા મનમાં એવી આશા રાખજો કે જેવી આશા જમીન રાખી રહી હોય છે. જેવી રીતે જમીન વરસાદ સાથે નેહ અને પ્રીત ધરાવે છે તેવું તમે પણ કરજો.)

**કે જમીઆંકા સુહાગા, વે દેખોને મેહા,**
**વે કધીએ નાં દેવે જમીંકું રે છેહા.**

(તમે જુઓ કે બધા જ પ્રકારની જમીનોનો સુહાગ (સૌભાગ્ય) અર્થાત પતિનો પ્રેમ મેહ એટલે કે વરસાદ હોય છે. આ મેહુલો કદી પણ જમીનને દગો દેતો નથી.)

**ઉસકા રે બાસા જાં આસમાંન તાંહાં,**
**વે પીતસું જમીં કે બસે મન માંહાં.**

(આ મેહુલાનો - વરસાદનો વસવાટ તો આકાશમાં હોય છે પરંતુ જમીન પ્રત્યેની પ્રીતને લીધે તે જમીનના મનની અંદર વસેલો હોય છે.)

**એ રે સુહાગણ હે મેહા રે કેરી,**
**પીત લગાઈ એનો રે બોતેરી.**

(જમીન મેહની અર્થાત વરસાદની સુહાગણ છે તેણે એની સાથે ખૂબ જ પ્રીત લગાવી છે.)

**તો મેહા રે અસમાંન ચઢ કર આવે,**
**આશા રે જમીંકી યું રે પુરાવે.**

(આ પ્રીતને કારણે મેઘ-વરસાદ જમીનને મળવા માટે આકાશ પર ચઢીને આવે છે અને જમીનને જે આશા હોય છે વરસાદની તે આશાને પૂરી કરે છે.)

**જમીં માંહે પીત એસી રે કહીએ,**
**કે મેહા બિના મુઈ ઉસકું રે લહીએ.**

(તો જમીનની અંદર મેહ પ્રત્યેની-વરસાદ પ્રત્યેની પ્રીત આવા પ્રકારની હોય છે કે જો જમીન ઉપર વરસાદ જ ન પડે તો તે જમીન મરેલી જ કહેવાય છે. જમીન વરસાદને લીધે જ સજીવન થાય છે.)

**સાંસ બિના હો કર એસી રે રે'વે,**
**કે જીવતી જમીંકું કોઈ નાં કે'વે.**

(વરસાદ પડ્યા વગરની સૂકી ભઠ્ઠ જમીન શ્વાસ લીધા વગર મડદાની માફક પડી રહે છે અને એ વખતે તો કોઈ પણ માણસ જમીન જીવતી છે એવું કહેતો નથી.)

**હકીકતી સુન તું જમીઆંકા સુહાગા,**
**નેહ તો મેહકા કેણી પેર લાગા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે અય હકીકતી ! તું જમીનના આ સુહાગની વાત સાંભળ. જમીનને મેહનો-વરસાદનો નેહ કેવી રીતે લાગ્યો છે તે બાબત તું નિહાળ.)

**દાસ રે હો કર આસ એની રાખી,**
**જો પીત પીયાકી નેહસું રે ચાખી.**

(જમીને પોતાના પીયુની પ્રીતને નેહપૂર્વક ચાખી લીધી છે. તેથી તો તે જમીન વરસાદની દાસ બનીને તેની આશા રાખી રહી છે.)

**આસા નાં છોડે જમીઆં રે મનથી,**
**કે દુર હે મેહા વે આવેગા કાંથી ?**

(જમીન કદી પણ પોતાના મનથી વરસાદના આગમનની આશા છોડી દેતી નથી અને કદી એવું નથી કહેતી કે વરસાદ મારાથી ઘણો દૂર છે તેથી તે ક્યાંથી આવશે ?)

**નેહ રે મેહ સું એસા લગાયા,**
**કે દુર કું નઝદીક કરને દિખાયા.**

(જમીને વરસાદ સાથે એવો નેહ લગાવી દીધો છે કે ભલેને વરસાદ તેનાથી દૂર હોય પરંતુ તેને તો વરસાદ નજીકમાં જ છે એવું દેખાય છે.)

**યું જમીઆં ને ખોઈ ઉમર રે સારી,**
**પણ પીત રે મેહાકી કદી નાં બિસારી.**

(જમીને આવી રીતે વરસાદની રાહ જોઈ જોઈને પોતાની આખી ઉંમર ખોઈ નાખી તેમ છતાંય તેણે મેહ પ્રત્યેની તેની પ્રીતને કદી વિસારે પાડી નહીં.)

**સુખ તન અપને કા કદીએ નાં જાંના,**
**મેહ બિના જીવતા કછુ હે નાં પિછાંના.**

(જમીને પોતાના તનના સુખની જરા પણ પરવા કરી નહીં. વરસાદ વગર જીવતા રહેવા સિવાય બીજી કોઈ બાબતને ઓળખી નહીં.)

**મેહકા રે જમીં મન એસા બેરાગા,**
**મેહ બિના સોવે ને કદીએ નાં જાગા.**

(જમીનના મનમાં મેહનો - વરસાદનો એવા વૈરાગ્ય છે કે મેહ વગર તે કદીય ઊંઘતી નથી અને મેહની વાટ જોવામાં સતત જાગતી જ રહે છે.)

**મેહ બિના નાં ભાવે ઉસે દુનિયાઆંકા ચાવા,**
**મેહ બિના તન સબ યું રે ગમાવા.**

(મેહ વગર - વરસાદ વગર જમીનને દુનિયાની કોઈ ચાહના ભાવતી નથી. મેહ વગર તેણે પોતાના તનને આ રીતે ગુમાવી દીધું.)

**પણ કદીએ નાં છોડે મનસું રે આશા,**
**તો મેહ રે ઉસકું નાં કરે રે નિરાશા.**

(વરસાદ ન વરસે છતાં પણ જમીન પોતાના મનથી તેની આશા છોડી દેતી નથી. તો બીજી બાજુ વરસાદ પણ ન આવીને તેને નિરાશ કરતો નથી.)

**સહી પીત જમીઆં કેરી રે કહીએ,**
**અપનો રે મનસું પીયા યું લહીએ.**

**-: રે તુંહી :-**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે જમીનની વરસાદ સાથેની જે પ્રીત છે તે સાચી પ્રીત છે. તે પોતાના મનથી વરસાદને પોતાનો પીયુ ગણે છે.)

**નેહ જમીંકે મન બસે અને મેહા બસે આકાશ રે,**
**અને મેહા બસે આકાશ;**
**જો પીત જમીંકે મન બસે, વે આવે ઉસકે પાસ રે,**
**વે આવે ઉસકે પાસ.**

(જમીનના મનમાં વરસાદનો નેહ છે અને વરસાદ આકાશમાં વસે છે. જુઓ કે જમીનના મનમાં વરસાદ પ્રત્યેની પ્રીત વસેલી છે તેથી તો તે વરસાદ જમીનની પાસે આવે છે.)

## બયાન નં.૧૧૦

**હકીકતી સુન તું જમીઆં કેરી બાતી,**
**તો નીંદ ક્યું આવે પીયા બિના રાતી.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે અય હકીકતી ! તું સાંભળી લે કે જમીનની વાતો કેવી છે. તો તને પણ પીયુ વગર રાત્રે ઊંઘ કેમ આવે છે ?)

**ક્યું પીયાજી રે બિના જમીંકું સુખાવે,**
**પીયા બિના મુરખ નીંદ ક્યું આવે?**

(પીયુજી વગર જમીન પોતાની જાતને શા માટે સૂકવી નાખે છે. અય મૂરખ ! પીયુ વગર ઊંઘ કેવી રીતે આવી શકે ?)

**તનમેં રે જેનેં પીયુજી નાં પાયા,**
***વે સહી રે મુરખ પીયા બિના જનમ ગુમાયા.**

---

***વે સહી મુરખ પીયા બિન જીવ રે ગમાયા.**

(જેણે પોતાના શરીરમાં પીયુજીને પ્રાપ્ત કર્યો

નહીં હોય તે માણસ મૂરખો છે પીયુ વગર તેણે પોતાનો જીવ ગુમાવી દીધો છે.)

**જમીઆં કી દેખો એસી રે પીતા,**
**કે નેહ પીયા સંગ કેસા રે કીતા?**

(જમીનને પોતાના પીયુ વરસાદ સાથે કેવો પ્રેમ છે તે તમે જુઓ કે પોતાના પીયુની સાથે તેણે કેવો સંગ કર્યો છે ? કેવી સોબત કરી છે ?)

**છેટા તો અસમાંન જમીં કે રે કહીએ,**
**મેહ કેરા ઉભરાંન અતિ દુર લહીએ.**

(આસમાન અને જમીનની વચ્ચે ઘણું છેટું છે-ઘણું અંતર છે તેમજ વરસાદનો ઉભરો પણ ખૂબ જ દૂર છે.)

**પરંતુ જમીઆં કે મનથી દુર રે નાંહાં,**
**તો જીવ જમીંકા બસે મેહ માંહાં.**

(ભલે આસમાન અને જમીન વચ્ચે ખૂબ અંતર છે તેમ છતાંય જમીનના મનથી તે દૂર નથી કેમકે જમીનનો જીવ તો વરસાદની અંદર વસેલો છે.)

**જીવ જમીંકા જમીંમાં નાં જાંનો,**
**તો પાંણી રે બિના કાહે લીલા રે પિછાનો?**

(જમીનનો જીવ જમીનની અંદર છે એવું જો સમજતા ન હો તો પછી પાણી વગર તેને શા માટે લીલી સમજો છો ?)

**તો મેહ માંહે બસે જીવ જમીંકા,**
**જમીઆં કું દેખો એસા નેહ લગનકા.**

(તો સમજી લો કે જમીનનો જીવ મેહની અંદર-વરસાદની અંદર વસેલો હોય છે. જમીનની તરફ જુઓ કે તેને વરસાદના નેહની કેવી લગન લાગેલી હોય છે.)

**કે જીવ તો અપના લે મેહ માંહે દીતા,**
**યું ભી કર પીયુ કું નઝદીક કીતા.**

(જમીને પોતાનો જીવ લઈને મેહની અંદર - વરસાદની અંદર આપી દીધો અને આ રીતે તેણે (પોતાનો પીયુ દૂર હોવા છતાં) પીયુને પોતાની નજીક કરી દીધો.)

**તો હકીકતી દેખ તું પીયુ તુજ તનમાં,**
**તો દુર ક્યું રાખે મુરખ મનમાં.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે અય હકીકતના માર્ગ ઉપર ચાલનાર પથિક ! તું જો કે તારો પીયુ તો તારા તનમાં જ છે તો અય મૂરખ ! તું તારા મનથી તેને દૂર શા માટે સમજે છે ?)

**તો પીયુ બિના નીંદ તુજે કેસી હોવે ?**
**એક દમ પીયુ બિના તું ક્યું ખોવે ?**

(અય હકીકતી ! પીયુ વગર તને ઊંઘ કેવી રીતે આવે છે ? પીયુ વગરનો એકે એક શ્વાસ તું શા માટે ખોઈ નાખે છે ?)

**જે પીયુ બિના રે'વે વે નાંહી સુહાગા,**
**વે દુહાગણ દુરિજન હે રે અભાગા.**

(જે (સ્ત્રી) પોતાના પીયુ વગર રહેતી હોય તે સુહાગણ અર્થાત સૌભાગ્યવતી સ્ત્રી ન કહેવાય. એવી સ્ત્રી તો દુહાગણ અર્થાત પોતાના પતિની અણમાનીતી, દુષ્ટ અને બદનસીબ સ્ત્રી ગણાય.)

**જે નેહ રે બિના વે પીયું કું નાં જોવે,**
**તો દુહાગણ તનથી પીયુ કું રે ખોવે.**

(જે સ્ત્રી પીયુ તરફના નેહ વગરની હોય તેના તરફ તેનો પીયુ જોતો નથી તો આવી દુહાગણ-અણમાનીતી સ્ત્રી પોતાના તનથી પણ પોતાના પીયુને ગુમાવી દે છે.)

**જેને આપ તન માંહાં પીયુજી નાં જાંના,**
**થા એસા નજદીક પીયા નાં પિછાંના.**

(જેણે પોતાના તનની અંદર પીયુજીનો વાસ છે એવું જાણ્યું ન હોય, પીયુજી મારાથી આટલો બધો નજીક છે એ બાબતને ઓળખી ન હોય...)

**વે રે દુહાગણ, હે મુરખ ગમારા,**
**તો મનથી નાં પાયા પીયુજી હમારા.**

(...તો હે મૂરખ અને ગમાર ! એને તો

દુહાગણ કહેવાય કેમકે તેણે પોતાના મનથી પોતાના પીયુજીને પ્રાપ્ત કર્યો નથી.)

**જો તન માંહી પીયુજી, તો જુઆ ક્યું રે રે'ના?**
**તો તનમાં પીયુ દેખ, મનસું યું કર કે'ના.**

**-: રે તુંહી :-**

(જો પોતાના તનમાં જ પીયુજી હોય તો પછી પીયુથી જુદા શા માટે રહેવું ? પોતાના તનમાં પીયુજીને જોઈને મનથી આ પ્રમાણે કહેવું કે રે તુંહી. (તું જ એક માત્ર છે.))

**નજદીક પીયુ યું જાંનીયે, જું તન અપની દેહ રે,**
**જું તન અપની દેહ;**
**યાદ કર પીયુ પીયુ અપના, નાં કીજે નવલા નેહ રે,**
**નાં કીજે નવલા નેહ.**

(તારા શરીરમાં - તારા તનમાં જ પીયુજી હોય તો તું પીયુજીને તારા નજીકમાં જ છે એવું જાણજે. તું હંમેશાં તારા પીયુજીનું રટણ કરીને તેને યાદ કર્યા કર અને નવા પ્રકારનો કોઈ નેહ બતાવજે નહીં.)


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એકેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**



**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

**::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::**

વાયર કેબલ : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
એમ.સી.બી. : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
મોટર પમ્પ : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
લાઈટીંગ : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
ઈલેકટ્રીક એસેસરીઝ : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

**ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે**

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**



**સૈયદ રઝા સ્ટોન**

- મરજાન
- ફીરોઝા
- મોતી
- દુર્રે નજફ
- યાકૂત
- હદીદેચીની
- દાનએ ફરંગ
- મરચમી નંગ
- પુખરાજ
- નીલમ
- હુસૈની અકીક
- ઝર્દ અકીક
- પન્ના

**ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.**

**હસનૈન ઝૈદી**
મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

**મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.**

# સૈયદાએ આલમ(સલા.અ.)નો મોઅજિઝો શાયરી સ્વરૂપે

# معجزہ سیّدۂ عالم منظوم

મૌલાના સૈયદ અલીહસન સાહબ 'અખ્તર' અમરોહવી

مرتبہ فاطمہ زہرا کا تھا کیا پیشِ خدا
اس کو بتلا گئے دنیا کو رسولِ دوسرا

મર્તબા ફાતેમા ઝહરાકા થા ક્યા પેશે ખુદા,
ઈસકો બતલા ગયે દુન્યાકો રસૂલે દોસરા.

فاطمہ آتیں تو ہر بار رسالت اٹھتی
پئے تعظیم محمد کی نبوّت جھکتی

ફાતેમા આતી તો હર બાર રિસાલત ઉઠતી,
પયે તા'ઝીમ મોહંમદ કી નબુવ્વત ઝુકતી.

دیکھا معصوموں کے جھرمٹ میں جو زہرا کو کبھی
عرش سے آیۂ تطہیر اُتر کر آئی

દેખા માઅસૂમોંકે ઝુરમટમેં જો ઝહરાકો કભી,
અર્શ સે આયએ તત્હીર ઉતર કર આઈ.

اسی معصومہ کی عظمت کا ہے مقصود بیاں
اک عروسی تھی مدینہ کے یہودی کے یہاں

ઈસી માઅસૂમાકી અઝમતકા હૈ મકસૂદે બયાં,
એક અરૂસી થી મદીનાકે યહૂદીકે યહાં.

ساز و سامانِ عروسی کی فراوانی تھی
ایک دختر تھی بڑی دھوم کی مہمانی تھی

સાઝો સામાને અરૂસીકી ફિરાવાની થી,
એક દુખ્તર થી બડી ધૂમકી મહેમાની થી.

**પેશે ખુદા** : ખુદાની નજરમાં **દોસરા** : બન્ને જગત **પયે તા'ઝીમ** : સન્માન માટે **મકસૂદ** : હેતુ, આશય **અરૂસી** : શાદીનો પ્રસંગ **ફિરાવાની** : અધિકતા

اپنی دولت پہ تھا زردار یہودی مغرور
سوچا دختر کو محمد کی بلانا ہے ضرور

અપની દૌલત પે થા ઝરદાર યહૂદી મગરૂર,
સોચા દુખ્તરકો મોહંમદકી બુલાના હૈ ઝરૂર.

حالتِ فقر و فقیری میں جو شرکت ہوگی
صرف ان کی نہیں اسلام کی ذلت ہوگی

હાલતે ફક્રો ફકીરીમેં જો શિર્કત હોગી,
સિર્ફ ઉનકી નહીં, ઈસ્લામકી ઝિલ્લત હોગી.

سن کے یہ بات یہودی ہوئے مسرور تمام
بولے کیا خوب لطیفہ ہے یہ کیا خوب ہے کام

સુનકે યે બાત યહૂદી હુએ મસરૂર તમામ,
બોલે ક્યા ખૂબ લતીફા હૈ યે કિયા ખૂબ હૈ કામ.

وفد اک خدمتِ سرکارِ دو عالم میں گیا
با ادب ہو کے بڑھا اور یہودی نے کہا

વફ્દ એક ખિદમતે સરકારે દો આલમમેં ગયા,
બાઅદબ હો કે બઢા ઔર યહૂદીને કહા.

دخترِ رہبرِ اسلام کی شرکت کے لئے
آیا ہوں خدمتِ عالی میں اجازت کے لئے

દુખ્તારે રહબરે ઈસ્લામકી શિર્કતકે લિયે,
આયા હૂં ખિદમતે આલીમેં ઈજાઝતકે લિયે.

سن کے فرمایا کہ شرکت سے تو انکار نہیں
ہیں ولی ان کے علیؑ، ان کا میں مختار نہیں

ઝરદાર : પૈસાદાર **મગરૂર** : ઘમંડી **ફક્ર** : ગરીબાઈ **ઝિલ્લત** : બદનામ **મસરૂર** : આનંદી **લતીફા** : મઝેદાર બાબત **વફ્દ** : પ્રતિનિધિ **શિર્કત કરના** : ભાગ લેવો

સુન કે ફરમાયા કે શિર્કતસે તો ઈન્કાર નહીં,
હૈ વલી ઉનકે અલી, ઉનકા મૈં મુખ્તાર નહીં.

وفد یہ بارگہِ شیرِ خدا میں پہنچا
عرض کی خدمتِ اقدس میں نبی نے بھیجا

વફદ યે બારગાહે શેરે ખુદામેં પહુંચા,
અર્ઝકી ખિદમતે અકદસામેં, નબીનો ભેજા.

میری دختر کی عروسی میں نبی زادی کو
اذنِ شرکت ہو عطا چاند لگے شادی کو

મેરી દુખ્તારકી અરૂસીમેં નબીઝાદી કો,
ઈઝને શિર્કત હો અતા, ચાંદ લગે શાદી કો.

سُن کے اِصرار یہودی کا علیؑ نے یہ کہا
اس میں ہے فاطمہ زہراؑ کی رضا میری رضا

સુન કે ઈસરાર યહૂદીકા અલીનો યે કહા,
ઉસમેં હૈ ફાતેમા ઝહરાકી રઝા, મેરી રઝા.

ان کی گر شرکتِ شادی پہ رضامندی ہے
میری جانب سے نہ انکار نہ پابندی ہے

ઉનકી ગર શિર્કતે શાદી પે રઝામંદી હૈ,
મેરી જાનિબસે ન ઈન્કાર ન પાબંદી હૈ.

کچھ تسلّی سی یہودی کو ہوئی باتوں سے
خوش ہوا دونوں بزرگوں کی ملاقاتوں سے

કુછ તસલ્લી સી યહૂદીકો હુઈ બાતોંસે,
ખુશ હુવા દોનોં બુઝુર્ગોંકી મુલાકાતોંસે.

جا کے گھر قصّہ یہودی نے یہ زوجہ سے کہا
اور خدمت میں اِسے بنتِ نبیؐ کے بھیجا

**મુખ્તાર** : અધિકારપ્રાપ્ત **અકદસ** : પવિત્ર **ઈઝન** : રજા, પરવાનગી **ઈસરાર** : આગ્રહ

જાકે ઘર કિસ્સા યહૂદીને યે ઝૌજાસે કહા,
ઔર ખિદમતમેં ઈસે બિન્તે નબીકે ભેજા.

دیکھا بیٹھی ہیں مُصلّے پہ نبیؐ کی دخترؑ
ایک ڈالے ہوئے بوسیدہ سی سر پر چادر

દેખા, બૈઠી હૈ મુસલ્લે પે નબીકી દુખ્તાર,
એક ડાલે હુએ બોસીદા સી સર પર ચાદર.

دیکھ کر چہرۂ اقدس پہ جلالت کے نشاں
مدعا کر نہ سکی رعبِ جلالت سے بیاں

દેખ કર ચહેરએ અકદસ પે જલાલતકે નિશાં,
મુદ્દઆ કર ન સકી રોઅબે જલાલતસે બયાં.

ہنس کے فرمایا کہ کیا فکر و پریشانی ہے
ہم کو منظور ہے گر دعوتِ مہمانی ہے

હંસકે ફરમાયા કે ક્યા ફિક્રો પરેશાની હૈ,
હમકો મંઝૂર હૈ ગર દા'વતે મહેમાની હૈ.

ہے اگر خالق و معبود کو میرے منظور
آئے گی فاطمہؑ کل آپ کی شادی میں ضرور

હૈ અગર ખાલિકો માઅબૂદકો મેરે મંઝૂર,
આયેગી ફાતેમા કલ આપકી શાદીમેં ઝરૂર.

شاد ہو کر چلی اس گھر سے یہودن زردار
بولی اس خلق و مروّت پہ مری جان نثار

શાદ હો કર ચલી ઉસ ઘરસે યહૂદન ઝરદાર,
બોલી ઈસ ખુલ્કો મુરવ્વત પે મેરી જાન નિસાર.

ઝૌજા : પત્ની **મુદ્દઆ** : રજૂઆત **શાદ હોકર** : ખુશ થઈને **ખુલ્કો મુરવ્વત** : સદાચાર અને સજ્જનતા

ہوئیں مصروف اسی وقت سے تیاری میں
رات بھر سجدے ہوئے بارگہِ باری میں

હુઈ મસારૂફ ઉસી વક્ત સે તૈયારી મેં,
રાત ભર સજદે હુએ બારગાહે બારીમેં.

اٹھے پھر بہرِ دُعا چادرِ تطہیر سے ہاتھ
یا رب مشکل میں ہر اک تو نے دیا ہے مرا ساتھ

ઊઠે ફિર બહરે દુઆ ચાદરે તત્હીરસે હાથ,
યા રબ ! મુશ્કિલમેં હરેક તૂને દિયા હૈ મેરા સાથ.

میرے معبود مرے خالق و رحمٰن و رحیم
تو ہی بخشندۂ ہر عزّت و ذلت ہے کریم

મેરે માઅબૂદ, મેરે ખાલિકો રહેમાનો રહીમ,
તૂ હી બખ્શન્દહે હર ઈઝ્ઝતો ઝિલ્લત હૈ કરીમ!

اپنی نادار کنیزوں کی بھی عزّت رکھ لے
اپنے محبوبؐ کی دختر کی تو عظمت رکھ لے

અપની નાદાર કનીઝોંકી ભી ઈઝ્ઝત રખલે,
અપને મહેબૂબકી દુખ્તરકી તૂ અઝમત રખલે.

ہو رہی تھی یہ دعا صبح کا تارا چمکا
دینِ اسلام کی قسمت کا ستارہ چمکا

હો રહી થી યે દુઆ, સુબ્હકા તારા ચમકા,
દીનો ઈસ્લામકી કિસ્મતકા સિતારા ચમકા.

ہوئیں حورانِ جناں گلشنِ جنت سے رواں
لے کے سب حُلّۂ جنّت پئے خاتونِ جناں

મસરૂફ : કાર્યમાં વ્યસ્ત, પરોવાયેલ **બહરે દુઆ** : દુઆ માટે **બખ્શન્દા** : બક્ષવાવાળો **નાદાર** : કંગાળ

હુઈ હૂરાને જિનાઁ ગુલ્શને જન્નતસે રવાં,
લેકર સબ હુલ્લએ જન્નત પયે ખાતૂને જિનાઁ.

عطرِ جنّت کا مَلاحلّہ جنّت پہنا
عصمت و خلق کا معصومہؑ نے پہنا گہنا

ઈત્ર જન્નતકા મલા, હુલ્લએ જન્નત પહેના,
ઈસ્મતો ખુલ્કકા માઅસૂમાને પહેના ગહેના.

لے کے حوروں کو عروسی میں جو معصومہؑ چلی
یا محمدؐ تھا زباں پر تو کبھی نادِ علیؑ

લેકે હૂરોંકો અરૂસીમેં જો માઅસૂમા ચલી,
‘યા મોહંમદ’ થા ઝબાં પર તો કભી નાદે અલી.

حوریں چلائیں کہ تشریف رسالت لائی
بند آنکھیں کرو خاتونِ قیامت آئی

હૂરેં ચિલ્લાઈ કે તશરીફ રિસાલત લાઈ,
બંદ આંખેં કરો ખાતૂને કયામત આઈ.

داخلِ خانہ ہوئیں بنتِ رسولؐ دوسرا
صحنِ خانہ سے اُبلنے لگا سیلابِ ضیا

દાખિલે ખાના હુઈ બિન્તે રસૂલે દોસરા,
સહ્ને ખાનાસે ઉબલને લગા સૈલાબે ઝિયા.

ہوش جاتے رہے جب حسن کو آتے دیکھا
دامنِ فاطمہؑ حوروں کو اُٹھاتے دیکھا

હોશ જાતે રહે જબ હુસ્નકો આતે દેખા,
દામને ફાતેમા હૂરોંકો ઊઠાતે દેખા.

**હૂરાને જિનાઁ** : જન્નતની હૂરો **પયે** : માટે **હુલ્લા** : જન્નતી પોષાક **ઇસ્મતો ખુલ્ક** : પવિત્રતા અને સદાચાર **ગહેના** : ઘરેણું **ખાના** : ઘર **સહ્ન** : આંગણું **સૈલાબે ઝિયા** : નૂરનો પ્રવાહ

نکلی گھبرا کے دلھن چاند زمیں پر دیکھا
نوچ کر حسنِ خود افراز کا زیور پھینکا

નિકલી ગભરાકે દુલ્હન, ચાંદ ઝમીં પર દેખા,
નોંચ કર હુસ્ને ખુદ અફરાઝકા ઝેવર ફેંકા.

غش پہ غش آنے لگے نزع کا ہنگام ہوا
شادمانی کا سماں موت کا پیغام ہوا

ગશ પે ગશ આને લગે નઝ્અકા હંગામ હુવા,
શાદમાની કા સમાં મૌતકા પૈગામ હુવા.

نالۂ غم کی صدا اُٹھنے لگی شادی سے
جشنِ آبادی مُبدّل ہوا بربادی سے

નાલાએ ગમકી સદા ઉઠને લગી શાદીસે,
જશ્ને આબાદી મુબદ્દલ હુવા બરબાદી સે.

شرکتِ فاطمہ زہرا پہ پشیمان ہوا
کیوں بُلایا تھا، عبث گھر مرا ویران ہوا

શિર્કતે ફાતેમા ઝહરા પે પશેમાન હુવા,
ક્યું બુલાયા થા, અબસ ઘર મેરા વિરાન હુવા.

دخترِ رحمتِ عالم نے جو دیکھی یہ فضا
سب سے فرمایا کہ ہٹ جاؤ ذرا بہرِ خدا

દુખ્તારે રહમતે આલમને જો દેખી યે ફિઝા,
સબસે ફરમાયા કે હટ જાઓ ઝરા બહરે ખુદા.

اپنی چادر کا مصلّیٰ کیا میّت کے قریں
پیشِ خلّاقِ دو عالم یہ کہا رکھ کے جبیں

**નોચ કર:** ખેંચી નાખીને **અફરાઝકા :** કાઢી નાખેલું **નઝ્અકા હંગામ :** જીવ નીકળવાની પરિસ્થિતિ **શાદમાની :** ખુશી **મુબદ્દલ :** બદલાઈ ગઈ **પશેમાન:** શરમીંદા **ફિઝા :** વાતાવરણ **બહરે ખુદા :** ખુદા ખાતર

અપની ચાદરકા મુસલ્લા કિયા મૈયત કે કરીં,
પેશે ખલ્લાકે દોઆલમ યે કહા, રખ કે જબીં.

تیری درگاہ میں آئی ہوں طلبگارِ کرم
لوگ سمجھیں گے کہ ہے بنتِ نبیؐ سبز قدم

તેરી દરગાહમેં આઈ હૂં તલબગારે કરમ,
લોગ સમઝેંગે કે હૈ બિન્તે નબી સબ્ઝ કદમ.

بسترِ مرگ سے معبود اٹھا دے اس کو
اپنے محبوبؐ کے صدقے میں جلا دے اس کو

બિસ્તરે મર્ગસે માઅબૂદ ઊઠા દે ઈસકો,
અપને મહબૂબકે સદકેમેં જિલા દે ઈસકો.

ہو رہی تھی یہ دعا دخترِ زردار اٹھی
یا علیؑ کہہ کے اٹھی قدموں پہ زہراؑ کے گری

હો રહી થી યે દુઆ દુખ્તરે ઝરદાર ઊઠી,
યા અલી કહે કે ઊઠી કદમોં પે ઝહરાકે ગીરી.

چوم کر خاکِ قدم رو کے کہا بنتِ رسولؐ
کیجئے بندی کو للہ کنیزی میں قبول

ચૂમ કર ખાકે કદમ રો કે કહા, બિન્તે રસૂલ!
કીજીયે બંદીકો લિલ્લાહ કનીઝીમેં કબૂલ.

گھر کا گھر دیکھ کے یہ صاحبِ ایمان ہوا
مجمع جتنا تھا عروسی میں مسلمان ہوا

ઘરકા ઘર દેખ કે યે, સાહેબે ઈમાન હુવા,
મજમા જિતના થા અરૂસીમેં મુસલમાન હુવા.

**સબ્ઝ કદમ:** અપશુકનિયાળ પગલાંવાળી **બિસ્તરે મર્ગ:** મોતની પથારી **લિલ્લાહ:** અલ્લાહ ખાતર **સાહબે ઈમાન:** ઈમાન ધરાવનાર

کارِ تبلیغِ رسالت سے نبی زادی نے
ہو کے فارغ کہا معبود سے شہزادی نے

કારે તબ્લીગો રિસાલતસે નબીઝાદીને,
હોકે ફારિગ કહા માઅબૂદ સે શેહઝાદીને.

میرے معبود ترے لطف و کرم کے قرباں
فاطمہؑ سے ترے انعام کا ہو شکر کہاں

મેરે માઅબૂદ ! તેરે લુત્ફો કરમ કે કુરબાં,
ફાતેમા સે તેરે ઈન્આમકા હો શુક્ર કહાં.

حوریں واپس ہوئیں یہ قصہ فلک تک پہنچا
چاند تاروں نے سُنا حور و ملک تک پہنچا

હૂરેં વાપિસ હુઈ યે કિસ્સા ફલક તક પહુંચા,
ચાંદ તારોંને સુના હૂરો મલક તક પહુંચા.

شورِ احسنت کا تا عرشِ خدا جاتا تھا
ہر ملک سجدۂ شکرانہ بجا لاتا تھا

શોર અહસનતકા તા અર્શે ખુદા જાતા થા,
હર મલક સાજદએ શુક્ર બજા લાતા થા.

یہ کہانی نہیں، قصہ نہیں اک راز ہے یہ
فاطمہ زہرؑا سی معصومہ کا اعجاز ہے یہ

યે કહાની નહીં, કિસ્સા નહીં એક રાઝ હૈ યે,
ફાતેમા ઝહરા સી માઅસૂમાકા એઅજાઝ હૈ યે.

معجزہ پڑھ کے جو اختر یہ سنا دیتا ہے
مشکل آساں نہیں مُردے کو جلا دیتا ہے

મોઅજિઝા પઢ કે જો **'અખ્તર'** યે સુના દેતા હૈ,
મુશ્કિલ આસાં નહીં, મુર્દેકો જિલા દેતા હૈ.

**કારે તબ્લીગ** : પ્રચાર કાર્ય **લુત્ફો કરમ** : કૃપા અને મહેરબાની **ફલક** : આકાશ **અહસનતકા** : મરહબાનો, શાબાશીનો **એઅજાઝ** : ચમત્કાર

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી**

### ચુકાદો નંબર-૯

**જાસૂસ**

મુશરિકોનો એક જાસૂસ રસૂલે કરીમ(સ.)ની તરફ જાસૂસી કરવાની નિય્યતથી આવ્યો અને એ વખતે હઝરત(સ.) એક મંઝિલ ઉપર રોકાયેલા હતા. જ્યારે તે પાછો જવા લાગ્યો તો રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'આ માણસને પકડીને મારી પાસે લાવો અને તેને કતલ કરી દો.'

અય્યાસ કહે છે,

'મારા પિતાએ તેની તરફ ઘોડો દોડાવ્યો અને તેને પકડીને કતલ કરી નાખ્યો. રસૂલે કરીમ(સ.)એ તે કતલ થયેલા જાસૂસનો સર સામાન કતલ કરનારને માલે ગનીમત સ્વરૂપે આપી દીધો.'

હઝરત અલી(અ.) કહે છે,

'એક વખત રસૂલે કરીમ(સ.)એ મને, ઝુબૈરને અને મીકદાદને હુકમ કર્યો કે તમે લોકો ઝડપથી રવાના થઈ જાઓ. રોઝાખાખ પર પહોંચી જાઓ. ત્યાં તમને એક સ્ત્રી મળશે તેની પાસે એક પત્ર હશે તે તેની પાસેથી લઈ લેજો અને તેને છોડી દેજો અને જો તે તમને પત્ર ન આપે તો તેની ગરદન ઉડાવી દેજો.'

હઝરત અલી(અ.) કહે છે,

'અમે બધા તૈયાર થઈને રવાના થયા અને રોઝાખાખ પર પહોંચી ગયા. પછી ત્યાં અમને એક સ્ત્રી નજરે પડી. અમે તેને કહ્યું કે તું પત્ર અમને તરત જ આપી દે નહિતર અમે તારાં કપડાંની તલાશી લઈશું. આ સાંભળીને તેણે તરત જ પત્ર કાઢીને આપ્યો.'

જ્યારે અમે આ પત્ર રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં લાવ્યા તો તે પત્ર હાતિબ બિન અબી બલ્તગાનો નીકળ્યો. પત્રમાં મક્કાના મુશરિકોને રસૂલે કરીમ(સ.)ના મામલાઓથી સૂચિત કરવાની કોશિશ કરવામાં આવી હતી.'

આ જોઈને રસૂલે કરીમ(સ.)એ હાતિબને કહ્યું,

'હાતિબ ! આ બધું હું શું જોઈ રહ્યો છું ?'

હાતિબે અરજ કરી,

'અલ્લાહના રસૂલ મારી બાબતમાં ઉતાવળ ન કરે. પરિસ્થિતિ એવી છે કે મારો કુરૈશના લોકો સાથે કોઈ નસબી સંબંધ નથી પરંતુ હું તો એમની સાથે ખાલી જ પરોવાઈ ગયો છું. આપની સાથે જે મુશરિકો છે તેમનો મક્કામાં સગાઈ સંબંધ છે જેના કારણે તેમનાં બાળકોની અને માલની હિફાઝત થઈ જાય છે. મેં વિચાર કર્યો કે મારો નસબી સંબંધ તો તેમની સાથે છે જ નહીં તેથી તેમને એહસાનમંદ કરીને મારા બાળકોની હિફાઝતની વ્યવસ્થા કરી દઉં. આ કાર્ય ન તો કુફ્રના કારણે થવા પામ્યું છે કે ન તો ધર્મ પરિવર્તનને કારણે થયું છે કે ન તો ઈસ્લામ સ્વીકાર પછી કુફ્રથી કોઈ દિલી સંબંધના કારણે આ પગલું ભર્યું છે.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તેણે તમને સાચે સાચું કહી દીધું છે.'

કિતાબ અહેવાલમાં છે કે તે સ્ત્રીનું નામ સારહ હતું અને રસૂલે કરીમ(સ.)એ મક્કાના વિજયના દિવસે તેના કતલનો હુકમ ફરમાવ્યો હતો.

### ચુકાદો નંબર-૧૦

**કાસિદ અને કુફ્ફારોની સાથે વફાદારીની પ્રતિજ્ઞા**

મુસન્નફ અબૂ દાઉદમાં છે કે મુસિલ્મા કઝઝાબે રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં કાસિદોન હાથમાંથી ઝડપેલો એક પત્ર મોકલ્યો. જ્યારે પત્ર મળ્યો અને

પત્ર વાંચી ચૂક્યા તો આપ(સ.)એ કાસિદોને કહ્યું,

'તમે લોકો કયા અકીદા પર છો ?'

તેઓ બોલ્યા,

'મુસિલ્મા જે કંઈ કહે છે તે અમે પણ કહીએ છીએ.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'અગર કાસિદોને કતલ કરી દેવાનું કાનૂનની દૃષ્ટિએ સહીહ હોત તો હું જરૂર જરૂરથી તમારા લોકોની ગરદનો ઉડાવી દેત.'

અબુ રાફેહ કહે છે,

'મને કુરૈશના લોકોએ રસૂલે કરીમ(સ.)ની તરફ મોકલ્યો. જ્યારે મેં આં હઝરત(સ.)ની ઝિયારત કરી તો મારા દિલમાં ઈસ્લામની લગન પેદા થઈ ગઈ. મેં કહ્યું, યા રસૂલિલ્લાહ ! હવે હું એ બાજું નહીં જાઉં.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું કે અહદને તોડી નાખવો અને કાસિદોના કાર્યને નિરર્થક કરવું શક્ય નથી. હા, એવું થઈ શકે છે કે તમે આ વખતે તો પાછા ચાલ્યા જાઓ. પછી પણ જો દિલની આવી હાલત રહી તો પાછા આવી જજો.

અબુ રાફેહ કહે છે કે હું ચાલ્યો ગયો અને પાછા આવીને કાયદેસર રીતે ઈસ્લામ ધર્મ કબૂલ કર્યો.

અબૂ જંદલ (નામના સહાબી) પગમાં સાંકળો સાથે હાજર થયા પરંતુ રસૂલે કરીમ(સ.)એ તેમને મક્કાની તરફ પાછા મોકલી દીધા, એ કોલ કરારના કારણે કે જે આપ(સ.) મક્કાના મુશરિકો સાથે કરી ચૂક્યા હતા કે અગર તેમનામાંથી કોઈ આ બાજુ આવશે તો તેને પાછો મોકલી દેવામાં આવશે.

વળી એવું પણ લખેલું છે કે અબૂ જંદલને તેમના બાપ સુહૈલના હવાલે કરી દેવામાં આવ્યા એ કોલ કરારના કારણે કે જે હુદૈબિયાના દિવસે રસૂલે કરીમ(સ.) અને મક્કાના મુશરિકો વચ્ચે થયો હતો. કોલ કરારની ત્રણ શરતો હતી :

(૧) અગર મુશરિકોમાંથી કોઈ રસૂલ(સ.)ની તરફ આવે તો તેને પાછો મોકલી દેવામાં આવશે. પરંતુ અગર મુસલમાનોમાંથી કોઈ આ બાજુ આવી જશે તો તેને પાછો નહીં મોકલાય.

(૨) રસૂલે કરીમ(સ.) આગલા વર્ષે મક્કા આવશે અને તેમનું મક્કામાં રોકાણ ત્રણ દિવસથી વધારે નહીં હોય.

(૩) જ્યારે મક્કામાં મોહંમદ(સ.)ના અસ્હાબો દાખલ થશે તો તેમનાં શસ્ત્રો મ્યાનમાં હશે.

અબૂ જંદલના પાછા આવવાના સંદર્ભમાં રસૂલે કરીમ(સ.)એ એવું પણ ફરમાવ્યું હતું,

'આ કોલ કરાર અમારી વચ્ચે ઉંબરાના બે બારણાં બરાબર છે કે જેનો થોડોક ભાગ પણ જો અલાયદો થઈ ગયો તો સમજી લેજો કે બધું બગડી ગયું અને અબૂ જંદલનું આવવું, સુહૈલનું જવું એ અહદનામાના લખાણના પહેલાંનું હતું (તેથી તેમનું પાછા આવવું જરૂરી છે.)

મુફસ્સિલનું કહેવું છે કે હુદૈબિયાના દિવસે સબીઆ (નામની એક સ્ત્રી) મુસલમાન બનીને મક્કાથી ચાલી આવી અને તેનો પતિ તેને પાછી લેવા માટે મદીના પહોંચ્યો અને કહેવા લાગ્યો,

'અય મોહંમદ ! મારી પત્ની મને પાછી આપી દો. હજુ તો અહદનામાની સહી પણ સૂકાઈ નથી. (કે તમે તો અહદ તોડવાનું શરૂ કરી દીધું.)'

આ સંદર્ભમાં કુરઆનની આયત પણ નાઝિલ થઈ કે જેના લીધે રસૂલે કરીમ(સ.)એ તે સ્ત્રીને સોગંદ ખવડાવવાની ઈચ્છા વ્યક્ત કરી. તે સ્ત્રીએ સોગંદપૂર્વક અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! ખુદાએ વાહેદની કસમ છે, મને ઈસ્લામની મોહબ્બત અને અકીદત આપની તરફ લાવી છે. મારા આવવામાં કોઈ કોમી જંગ અથવા તો પતિની અદાવતની કોઈ ડખલગીરી નથી.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ તેના શૌહરને તેની (શાદીની) મહ્ર અને જે કંઈ તેણે તેના ઉપર ખર્ચ કર્યો હતો તે બધું પાછું આપી દીધું અને તે સ્ત્રીને પાછી ન મોકલી. *

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**મોટા નવાસા જનાબે ઈમામ હસન(અ.)નાં યશોગાન.**

(૯) જનાબે અલી(અ.) ઝિક્ર કરે છે કે જ્યારે હસન(અ.) પેદા થયા તો અમોએ તેમનું નામ અમારા કાકા હમ્ઝાના નામ પર હમ્ઝા રાખ્યું અને જ્યારે હુસૈન(અ.) પેદા થયા તો તેમનું નામ તેમના કાકાના નામ ઉપરથી જાફર રાખ્યું. પછી આં હઝરત(સ.)એ મને બોલાવીને ફરમાવ્યું કે મને હુકમ થયો છે કે હું મારા બન્ને બેટાઓનાં નામ બદલી દઉં. મેં અરજ કરી, અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણનાર છે. આથી આં હઝરત(સ.)એ તેમનાં નામ હસન અને હુસૈન રાખ્યાં.

(૧૦) અસ્મા બિન્તે ઉમૈશથી રિવાયત છે કે હું જનાબે હસન(અ.)ની વિલાદતમાં હઝરત સૈયદાની દાઈ હતી. જનાબે રસૂલિલ્લાહ(સ.)એ તશરીફ લાવીને મને ઈરશાદ ફરમાવ્યો, અય અસ્મા ! મારા બેટાને મને બતાવ. મેં જનાબે હસન(અ.)ને હઝરતની ગોદમાં આપી દીધા. મેં તેમને પીળા કપડામાં લપેટેલા હતા. હઝરતે તે કપડુ ઉતારીને ફેંકી દીધું અને ફરમાવ્યું, શું મેં તમારાથી અહદ લીધો ન હતો કે કોઈ બાળકને પીળા કપડામાં લપેટ્યા કરશો નહીં. પછી મેં તમને સફેદ કપડામાં લપેટી દીધા. હઝરતે તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત પઢી. પછી જનાબે અમીર(અ.)ને પૂછ્યું, તમે મારા દીકરાનું નામ શું રાખ્યું છે ? જનાબે અમીર(અ.)એ અરજ કરી, હું આ કાર્યમાં હુઝૂર(સ.)થી પહેલ કરી શકતો નથી. આપે ઈરશાદ કર્યો, હું પણ આ કાર્યમાં મારા રબ પર પહેલ કરતો નથી. ત્યાર પછી જિબ્રઈલ(અ.)એ નાઝિલ થઈને કહ્યું, ખુદા તઆલાએ આપને સલામ કહ્યા છે અને ફરમાવ્યું છે કે અલી આપની સાથે હારૂનના દરજ્જે છે પરંતુ તેઓ આપના પછી નબી નથી. આપ આપના બેટાનું નામ હારૂનના બેટાના નામ ઉપર રાખો. હઝરત(સ.)એ ફરમાવ્યું, હારૂનના બેટાનું નામ શું હતું ? જિબ્રઈલ(અ.)એ કહ્યું, શબ્બર. હઝરત(સ.)એ ફરમાવ્યું, મારી ભાષા અરબી છે. જિબ્રઈલ(અ.) કહેવા લાગ્યા, આપ તેમનું નામ હસન રાખો. હઝરત(સ.)એ હસન (નામ) રાખ્યું. બીજું વર્ષ પસાર થયા પછી જ્યારે જનાબે હુસૈન(અ.) પેદા થયા અને હઝરત(સ.) તશરીફ લાવ્યા તો એવી જ પરિસ્થિતિ પેદા થઈ કે જેવી જનાબે હસન(અ.)ના જન્મ સમયે પેદા થઈ હતી. જિબ્રઈલ(અ.)એ તેમનું નામ હઝરત હારૂન(અ.)ના પુત્ર શબ્બીર પરથી હુસૈન બતાવ્યું. હઝરત(સ.)એ એવું જ કર્યું અને એમનું નામ હુસૈન રાખ્યું.

(૧૧) જનાબે અમીર(અ.) રિવાયત કરે છે કે જ્યારે હસન(અ.) પેદા થયા તો અમે તેમનું નામ હરબ રાખ્યું. ત્યાર પછી સરવરે આલમ(સ.) તશરીફ લાવ્યા અને ફરમાવ્યું, મને બતાવો કે મારા બેટાનું નામ શું રાખ્યું છે ? અમે અરજ કરી, હરબ. આપે ફરમાવ્યું તેનું નામ હસન છે. પછી જ્યારે હુસૈન પેદા થયા તો અમે તેમનું નામ હરબ રાખ્યું. પછી આં હઝરત(સ.) તશરીફ લાવ્યા અને ફરમાવ્યું, મને બતાવો કે મારા બેટાનું નામ તમે શું રાખ્યું છે ? અમે અરજ કરી, હરબ. આપે ફરમાવ્યું, તેનું નામ

હુસૈન છે.

(૧૨) રિવાયત છે સલમાન(રઝી.અ.)થી કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું કે હઝરત હારૂને પોતાના બન્ને બેટાઓનાં નામ શબ્બર અને શબ્બીર રાખ્યાં હતાં. મેં મારા બન્ને બેટાઓનાં નામ હસન અને હુસૈન રાખ્યાં છે.

(૧૩) ઈમરાન બિન સુલયમાન કહે છે કે સરવરે દીનો દુન્યા(સ.)એ ફરમાવ્યું છે કે હસન અને હુસૈન બે નામ છે એહલે જન્નતથી. જાહેલિયત(ના જમાના)માં અરબોએ કદી આ નામ રાખ્યું નથી.

(૧૪) જનાબે અબૂ મોહંમદ અસ્કરી ફરમાવે છે કે આં હઝરત(સ.)એ જનાબે ઈમામ હસન(અ.)નું નામ હસન અને તેમની કુન્નિયત અબૂ મોહંમદ રાખી હતી અને આ કુન્નિયત જાહેલિયત(ના જમાના)માં કદી પણ કોઈની ન હતી.

(૧૫) આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે હસન સિબ્ત છે અસ્બાતમાંથી.

(૧૬) આપના ઘણા ઈલ્કાબોમાંથી **સૈયદ** અને **નકી** અને **તૈયબ** અને **ઝકી** અને **વલી** અને **મુજતબા** છે.

**જનાબે ઈમામ હસન(અ.)નો હુલ્યો મુબારક :**

આપની આંખો કાળી, મોટી મોટી, પાંપણોથી ઢંકાયેલી, ખુશનૂમા હતી. ગાલ પાતળી પાતળી ચામડીવાળા અને કિતાબી ખત જેવા હતા. હાથ ગોળમટોળ હતા, દાઢી ઘટાદાર, કાનની બૂટ સુધી વળ ખાતી હતી. ગરદન સરાણની ચાકની માફક સફેદ અને ઊંચી હતી. ભૂજાઓ ભરાવદાર હતી. છાતી પહોળી હતી. કદ ન મોટું કે ન ઠીંગણું પરંતુ મધ્યમસરનું હતું. આપની સૂરત ખૂબ જ પાકીઝા હતી. ખિઝાબ કરેલા આપના બાલ વાંકડીયા હતા. બદન ખૂબસૂરત અને સુડોળ હતું.

**જનાબે હસન(અ.)નું બધા લોકો કરતાં આં હઝરત(સ.) સાથે વધારે મળતાપણું હોવું :**

(૧) જનાબે અમીર(અ.)થી મનકૂલ છે કે હસન(અ.) છાતીથી લઈને માથા સુધી બધા લોકો કરતાં સૌથી વધારે આં હઝરત(સ.)ની સાથે મળતા આવતા હતા અને હુસૈન(અ.) તેનાથી નીચે અર્થાત છાતીથી લઈને પગ સુધી હુઝૂર(સ.)ની સાથે સૌથી વધારે મળતા આવતા હતા.

(૨) અનસ બિન માલિક(રઝી.અ.)થી મરવી છે કે ઈમામ હસન(અ.)થી બીજો કોઈ વધારે આં હઝરત(સ.)નો હમશકલ હતો નહીં.

(૩) ઉકબા બિન અલ હારિસથી રિવાયત છે કે અમે એક દિવસ જનાબે અબુબકર(રઝી.)ની સાથે અસરની નમાઝ પઢીને મસ્જિદમાંથી બહાર નીકળ્યા. અલી(અ.) પણ તેમની સાથે હતા. તો ઈમામ હસન(અ.)ને જોયા કે તેઓ લોન્ડીઓની સાથે રમી રહ્યા હતા. અબુબકરે તેમને ખભા ઉપર ઉઠાવ્યા અને કહ્યું, મને મારા બાપની કસમ છે, આ આં હઝરત(સ.)ને મળતો આવે છે, અલીનો હમશકલ નથી અને અલી(અ.) હસી રહ્યા હતા. *

**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**
**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય
### સૂરા નં.૭૪ સૂરએ મુદસ્સેર

૫૬ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**અય તું (વહીની હયબતથી) કામળી ઓઢેલા (રસૂલ !) (૧)**

**ઊઠ અને (લોકોને) બીવરાવ. (૨)**

**અને તારા પરવરદિગારની મોટાઈ વર્ણવ. (૩)**

**અને તારાં લૂગડાં પાક કરી નાખ. (૪)**

**અને નાપાકીનો ત્યાગ કર. (૫)**

અય લિબાસ ઓઢવાવાળા ! ઊઠો અને પોતાની કોમને ડરાવો. અલ્લામા તબરસી સાહેબ મજમઉલ બયાનમાં ફરમાવે છે કે અલ્લાહ પોતાના નબીઓની તરફ સ્પષ્ટ દલીલોની સાથે વહી ફરમાવે છે અને નબીને ખબર હોય છે કે મારા ઉપર વહી થઈ રહી છે તે વખતે નબીને ન તો ડર લાગે છે કે ન તો તે ગભરાય છે અને જે લોકો એમ કહે છે કે નબી ગભરાય છે અને ધ્રુજે છે તો તે વાત ઠીક નથી. હઝરત(સ.)ના જે નામોનું કુરાન શરીફમાં વર્ણન થયું છે તેમાંનું એક નામ મુદસ્સીર પણ છે.

તું ઊઠ અને લોકોને ખુદાના અઝાબથી ડરાવ કે જેઓ ખુદા સિવાય બીજાની પૂજા કરે છે, તારા પરવરદિગારની મોટાઈ યાદ કર. આ આયત નાઝિલ થઈ તો હઝરતે **અલ્લાહો અકબર** કહ્યું અને જનાબે ખુદયજા પણ તકબીર કહીને ખુશ થયાં.

**વસેયાબક ફતહ્હીર** (અને પોતાના કપડાંને પાક રાખો) આ સંબોધન જો કે હુઝૂર(સ.)ને છે પણ તેનો હેતુ તમામ ઉમ્મત છે અને સેયાબનો હેતુ નફસ પણ લેવામાં આવ્યો છે એટલે નફસને ગુનાહોથી પાક કરો અને કેટલાકોએ સેયાબથી મુરાદ સ્ત્રીઓ લીધી છે કે તેણીઓને નેકીની હિદાયત કરો અને અહલે-બૈત(અ.)ની રિવાયતમાં છે કે આ સ્થળે ચાદર અથવા ઈજારને લાંબી રાખવાથી રોકવામાં આવ્યા છે એટલે જમીન ઉપર ઢસડીને તેને નજિસ ન કરો.

**'રૂજઝ'** (નજાસત)ને મૂકી દો. રૂજઝનો અર્થ અઝાબ થાય છે. તેનો ભાવાર્થ એ કે જે કામથી ગુનાહ થાય, તે ન કરે. આ બધું ઉમ્મતના માટે છે. હઝરત(સ.) તો દરેક વસ્તુથી પાક સાફ હતા.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને વધારે મેળવવાની આશાએ ઉપકાર ન કર. (૬)**

**અને તારા રબ(ની ખુશી મેળવવા) માટે સહન કર. (૭)**

**કારણ કે જયારે સૂર ફૂંકવામાં આવશે.(૮)**

**ત્યારે તે દિવસે એક સખત દિવસ હશે.(૯)**

**નાસ્તિકો માટે તે આસાન નહીં હોય. (૧૦)**

**મેં જેને એકલો પેદા કર્યો છે તેની સાથે મને ભોગવી લેવા દે. (૧૧)**

**અને તેને મેં પુષ્કળ દોલત આપી. (૧૨)**

કેટલાક લોકો કોઈને કંઈક આપે છે તે એટલા માટે કે તેના બદલામાં કંઈ વધારો કરીને આપે. તો અલ્લાહે આ ટેવથી રોક્યા છે અને મુશરિકો દુ:ખ આપે છે તે ઉપર તારા પરવરદિગારની ખુશી મેળવવા માટે સબ્ર કર કારણ કે જ્યારે સૂર ફૂંકવામાં આવશે ત્યારે એ દિવસ સખત હશે અને કાફરો માટે તે દિવસ આસાન નહીં હોય. લખે છે કે તે દિવસ મોમિનો માટે ઘણો આસાન હશે.

**'ખલકતો વહીદન'** (જેને મેં એકલો પેદા કર્યો) બીજો અર્થ એ પણ થઈ શકે છે કે જ્યારે તે પેદા થયો ત્યારે એકલો હતો અને વલીદ બિન

મોગીરા વિશે છે અને સાદેકીન(અ.)થી વર્ણન છે કે તે વલદુઝ્ઝીના (વ્યભિચારથી પેદા થયેલો) છે.

પછી ખુદા એ જ વ્યક્તિ વિષે ફરમાવે છે કે અમે તેને પુષ્કળ માલ આપ્યો અને મક્કા અને તાએફ વચ્ચે તેનાં ઊંટો, ઘોડા, બકરાં વગેરે બેહિસાબ હતાં એ સિવાય બાગ-બગીચા અને નોકર ચાકર હતા.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને નજર સામે રહેનાર પુત્રો આપ્યા. (૧૩)**

**અને તેના મામલા વ્યવસ્થિત કરી દીધા.(૧૪)**

**છતાં એ એવી લાલચ આપે છે કે હું હજી પણ તેમાં વધારો કરું ! (૧૫)**

**હરગિઝ એક નહીં થાય. બેશક તે અમારી નિશાનીઓનો વિરોધી છે. (૧૬)**

**નજીકમાં જ હું તેને ઊંચી ઊંચાઈ પર ચઢાવીશ (અર્થાત સખત શિક્ષામાં સપડાવીશ).(૧૭)**

**બેશક તેણે વિચાર કર્યો અને અંદાજો બાંધ્યો. (૧૮)**

**માટે તેનો નાશ થાઓ, તેણે કેવો અંદાજો કર્યો ! (૧૯)**

**પછી પણ તેનો નાશ થાઓ, તેણે કેવો અંદાજો કર્યો ! (૨૦)**

અને અમોએ તેની તહેનાતમાં હાજર રહેનારા છોકરા આપ્યા તો તેને જોઈને તે ખુશ થયો હતો અને તે દસ છોકરા હતા અને દરેક તેની મહેફિલમાં હાજર રહેતા.

અમોએ તેના માટે બિછાનું બિછાવ્યું એટલે કે તેનો મામલો વ્યવસ્થિત કરી દીધો છતાં પણ તે વધારે દોલત મેળવવાની લાલચ રાખે છે. તેને આટલી બધી દોલત આપવા છતાં સંતોષ ન માનતાં હજુ વધારે દોલત મેળવવાની લાલચ રાખે છે.

હરગિઝ નહીં. એમ નહીં થાય કારણ કે તેણે અમારી નેઅમતોની નાશુક્રી કરી, અમારી આયતોનો ઈન્કાર કર્યો. આ આયત નાઝિલ થવા પછી તેના માલ વગેરેનો નાશ થઈ ગયો અને ટૂંક સમયમાં જ તે મોહતાજ થઈ ગયો અને તેના કેટલાક છોકરા મરણ પામ્યા અને જે જીવતા હતા તે તેનાથી ફરી ગયા અને તે પણ જહન્નમમાં પહોંચી ગયો.

પછી ફરમાવે છે કે તેને **'સઉદ'** ઉપર પહોંચાડીશ (સઉદ દોઝખમાં અગ્નિના પહાડનું નામ છે) અને ત્યાં સખતમાં સખત અઝાબ થશે, તેને ત્યાં અગ્નિની સાંકળથી બાંધીને ખેંચવામાં આવશે અને ગદા મારવામાં આવશે.

પછી અલ્લાહ તેના દુર્ગુણો વિષે ફરમાવે છે કે તેણે કુરાન ઉપર જાત-જાતના આક્ષેપ કર્યા અને મેણાં મારવા લાગ્યો અને દિલમાં નિશ્ચય કર્યો કે હવે શું કરવું ? માટે તેનો નાશ થાઓ અને કેવો અંદાજો કર્યો.

પછી તેના વિષે ફરમાવે છે કે તે હંમેશના અઝાબમાં ગિરફ્તાર થાય તેના ઉપર લા'નત થાય, તેણે કેવો નિશ્ચય કર્યો ? (ક્રમશઃ)

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૨૮

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَاَيُّوْبَ اِذْ نَادٰى رَبَّهٗٓ اَنِّىْ مَسَّنِىَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ۝٨٣

**વ અય્યૂબ ઈઝ્ નાદા રબ્બહુ અન્ની મસ્સનેયઝ્ ઝુર્રો વ અન્ત અરહમર રાહેમીન.**

(પારો-૧૭, સૂરએ બની અંબિયા, આયત-૮૩)

અર્થ : અને (હે રસૂલ !) ઐયુબ(નો કિસ્સો યાદ કર કે) જે વખતે તેણે પોતાના પરવરદિગારને પોકાર્યો કે નિઃસંશય મને હાનિ પહોંચી છે, અને તું સર્વે દયા કરનારાઓ કરતાં ઉત્તમ દયા કરનાર છે.*

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Recitation (તિલાવત)

گر تو قرآن بـریـن نمط خوانی
ببـری رونـق مـسـلـمـانـی

**ગર તૂ કુર્આનો બારીન નમત ખ્વાની,
બબારી રોનક મુસલમાની.**

(જો તમે કુર્આનની તિલાવત આવી જ રીતે કરશો તો તમે ઈસ્લામની જે રોનક છે તેને જ બગાડી નાખશો.)

## Relatives (સગા સંબંધીઓ)

چون نبود خویش را دیانت وتقوی
قطعِ رَحِـم بهتـر از مـودّت قربـی

**ચૂન નબૂદ ખવીશ રા દિયાનત વ તકવી
કત્એ રહેમ બેહતર અઝ મોવદ્દતે કુરબી**

(જો કોઈના સગા સંબંધીઓ અધાર્મિક અને અપવિત્ર હોય તો એના કરતાં તો તેમની સાથેનો સંબંધ તોડી નાખવો બેહતર છે.)

هزار خویش که بیگانه از خدا باشد
فـدای یـک تن بیگانه کآشنا باشـد

**હઝાર ખવીશ કે બેગાના અઝ ખુદા બાશદ
ફિદાઈ યક તન બેગાના કાશના બાશદ**

(જે અલ્લાહનો એકરાર કરતો હોય એવા અજાણ્યા માણસ માટે એક હજાર સગા સંબંધીઓની કુરબાની આપી દેવી જોઈએ.)

## Repetition (પુનરાવર્તન)

سخن گرچه دلبـنـد و شیرین بـود
سزاوار تـصـدیـق و تـحسـیـن بـود
چو یک بار گـفـتی، مگو باز پـس
که حلوا چو یک بار خوردند، بـس

**સુખન ગર ચે દિલબંદ વ શીરીન બૂદ
સઝાવાર તસ્દીક વ તહ્સીન બૂદ
ચૂ યક બાર ગુફ્તી, મગૂ બાઝ પસ
કે હલ્વા ચૂ યક બાર ખુરદન્દ બસ**

(તમારી વાણી ભલેને ગમે તેટલી મીઠી અને મોહક કેમ ન હોય અને ભલેને તે વખાણવા યોગ્ય અને પ્રશંસાપાત્ર કેમ ન હોય, એક વખત બોલી દીધા પછી તેનું પુનરાવર્તન કરતા નહીં કારણ કે મીઠાઈ એક વખત ખવાઈ ગઈ હોય તો તે એટલી જ પૂરતી છે(વધારે ખાવાની જરૂર નથી).)

## Reputation (આબરૂ/ઈજ્જત)

یکی کـرده بـی آبرویی بـسـی
چـه غـم دارد از آبـروی کـسـی ؟

**યકી કર્દા બી આબારૂઈ બાસી,
ચે ગમ દારદ અઝ આબારૂઈ કસી?**

(એ માણસ કે જેણે પોતાની ઈજ્જત ગુમાવી દીધી હોય તે માણસ બીજાઓની ઈજ્જતની પરવા કેવી રીતે કરવાનો ?)

هر که عَلَم شد به سـخـا و کـرم
بـنـد نشایـد کـه نـهد بـر دِرَم
نـام نکـویی چـو بـرون شد به کوی
در نـتـوانـی کـه ببـندی بـه روی

**હર કે અલમ શદ બો સખા વ કરમ
બંદ નશાયદ કે નહદ બર દરમ
નામ નકવી ચૂ બારૂન શદ બો કવી
દર નતવાની કે બબાન્દી બો રવી**

(જે કોઈ માણસે સખી (દાનવીર) અને દયાળુ માણસ બનવાની ઈજ્જત પ્રાપ્ત કરવી હોય તો તેણે પોતાના નાણાંની કોથળીને બાંધેલી રાખવી જોઈએ નહીં. જ્યારે તમારા નામની બોલબાલા શેરીઓની

અંદર થતી હોય ત્યારે (તમારી ઈજ્જત અનુસાર તમારે જીવવું જોઈએ અને) લોકો તમારા ઘેર આવે તો દરવાજા બંધ ન કરી દેવા જોઈએ.)

## Retribution (સજા)

بـر غلامی که طـوع خدمت تست
خشـم بی حد مران و طیره مگـیر
که فضیـحت بـود به روز شـمـار
بنــده آزاد و خــواجه در زنـجـیر

**બાર ગુલામી કે તુઅ ખિદમત તસ્ત**
**ખશમ બિહદ મરાન વ તીરહ મગૈર**
**કે ફઝીહત બૂદ બે રોઝે શુમાર**
**બંદા આઝાદ વ ખ્વાજા દર ઝંજીર**

(જે ગુલામ ઉપર તમારો સંપૂર્ણ કાબૂ હોય તેના તરફ અતિશય ગુસ્સો કે કડકાઈ ન બતાવો કેમકે કયામતના દિવસે તમારા માટે એ બાબત જોવી બદનામી ભરેલી જણાશે કે ગુલામને તો આઝાદ કરી દેવામાં આવ્યો છે અને તમને સાંકળોથી જકડી લેવામાં આવ્યા છે.)

نه هر که قوّت بـازو و منـصبی دارد
به سلطنت بخورد مال مردمان به گزاف
توان به حلق فرو بردن استخوان درشت
ولی شکم بدرد چــون بگیرد اندرنـاف

**ન હર કે કુવ્વતે બાઝૂ વ મુન્સબી દારદ**
**બે સલ્તનત બખૂર્દ માલ મર્દમાન બે ગિઝાફ**
**તવાન બે હલક ફરૂ બર્દન ઈસ્તખ્વાન દુરશ્ત**
**વલી શિકમ બદરદ ચૂન બગીરદ અંદર નાફ**

(દરેક જણ કે જે શક્તિ અને સલ્તનતની સત્તા ધરાવતો હોય તે માઠા પરિણામોથી મુક્ત રહીને લોકોની સંપત્તિને હડપ કરી શકતો નથી. કોઈ માણસ મોટું હાડકું તો ગળી શકે તેમ છે પરંતુ તેની ડુંટીમાં ફસાઈ જવાને લીધે તે તેના પેટને ચીરી નાખશે.)

نه هر بازو که در وی قوّتی هست
بـه مردی عاجـزان را بشکند دست
ضعـیفان را مکـن بـر دل گزنـدی
که در مانـی بـه جـور زورمـنـدی

**ન હર બાઝૂ કે દર વી કુવ્વતી હસ્ત**
**બે મર્દી આજિઝાન રા બશિકંદ દસ્ત**
**ઝઈફાન રા મકન બાર દિલ ગુઝન્દી**
**કે દર માની બે જૂર ઝોરમંદી**

(જે લોકો નબળા હોય તેમના હાથ મરડી નાખવા એ શક્તિશાળી માણસ માટે યોગ્ય બાબત નથી. નબળા માણસોને સંતાપવા માટેનું કારણ ન બનતા, રખેને તમારે પોતાને પણ એવા માણસના હાથે સહન કરવાનો વારો આવે કે જે તમારા કરતાં ય વધારે બળવાન હોય.) *

પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)
બેસ્ટ રેડીમેડ
ક્લોથ એન્ડ ટેલર્સ
● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.
● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ
● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.
૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## મક્કામાં પયગમ્બર(સ.)ની ફરજોને પૂર્ણ કરવામાં અમીરુલ મોમિનીન(અ.)નો સહયોગ

(આ સિલસિલાનું એક બીજું ઉદાહરણ) પયગમ્બરે ઈસ્લામ(સ.)ની ઈમાનદારી એટલી હદે ઊંચાઈની મંઝિલો ઉપર પહોંચી ગઈ હતી કે કુરૈશ તેમને પોતાના અમાનતદાર કહેતા હતા અને પોતાનો માલ અને દોલત હુઝૂર(સ.)ની પાસે અમાનત તરીકે મૂકતા હતા. પરંતુ જ્યારે એવી પરિસ્થિતિ પેદા થઈ કે આપને મક્કાથી હિજરત કરીને મદીના જવું પડ્યું તો આપ(સ.) મુસલમાનોમાંથી અને પોતાના ખાનદાનના લોકોમાંથી અમીરુલ મોમિનીન સિવાય કોઈને પણ ભરોસાપાત્ર ન સમજ્યા કે કુરૈશની અમાનતો તેને આપી દઈને હિજરત કરે. હુઝૂર(સ.)એ તેમને (અમીરુલ મોમિનીનને) પોતાના નાયબ એટલા માટે મુકર્રર કર્યા કે તેઓ દુનિયાનો એ માલ કે જે કુરૈશના લોકોએ હુઝૂર(સ.)ની પાસે અમાનત તરીકે મૂક્યો હતો તેને તેના અસલ માલિકોને પાછો આપી દે અને જે કર્ઝ હુઝૂર(સ.)એ લીધું હતું તેને પણ આપ (એટલે કે અમીરુલ મોમિનીન) પાછું આપી દે. એ વખતે આપ(સ.)એ પોતાની બેટીઓ, પોતાની પત્નીઓ અને ખાનદાનની બીજી સ્ત્રીઓને એકઠી કરી અને તેમની હિજરતના હુકમો (અમીરુલ મોમિનીનને) આપ્યા.

હુઝૂર(સ.) એવું સમજતા હતા કે આ એવી જવાબદારીઓ છે કે જેને અંજામ સુધી પહોંચાડવાનું કાર્ય તેમના (એટલે કે અમીરુલ મોમિનીનના) સિવાય બીજો કોઈ કરી શકે તેમ નથી. આવી રીતે હુઝૂર(સ.) હઝરત અલી(અ.)ના વિશ્વાસને ભરોસાપાત્ર સમજ્યા. હુઝૂર(સ.)ને તેમની બહાદુરી અને શક્તિનો અંદાજો હતો તેથી હુઝૂર(સ.)એ ખાનદાનના લોકોના જાન માલની સુરક્ષાની જવાબદારીઓ (પણ અમીરુલ મોમિનીનને) સોંપી દીધી હતી અને બધા લોકોની હિજરતની દેખરેખ રાખવાનું કાર્ય પણ તેમને સોંપ્યું હતું કેમકે હુઝૂર(સ.) આપના ઉપર ભરોસો ધરાવતા હતા. એટલા માટે ખાનદાનના લોકોની સુરક્ષા અને ખાસ કરીને ખાનદાનની ઓરતોની જવાબદારી આપને સોંપી હતી. હુઝૂર(સ.) આપની પરહેઝગારીનો અને ખુદાના ભયનો સ્વીકાર કરવાવાળા હતા અને એવું સમજતા હતા કે તેઓ પોતાની ફરજોને કોઈ પણ ભોગે પૂરી કરશે.

હઝરત અલી(અ.)એ તે ફરજોને સારી રીતે અદા કરી. આપે અમાનતોને તેમના માલિકો સુધી પહોંચાડી દીધી. આપે તે તમામ દેવાં ભરપાઈ કરી દીધાં કે જે લોકો પાસેથી કર્ઝ તરીકે લેવામાં આવ્યાં હતાં. આપે પયગમ્બર(સ.)ની બેટીઓ અને બીબીઓ અને અન્ય સ્ત્રીઓની હિફાઝત કરી અને તેમને પોતાની સાથે લઈને મક્કાથી મદીના સુધી હિજરત કરી. જ્યારે હિજરતના માટે કાફલો નીકળી રહ્યો હતો ત્યારે આપ પોતે પગપાળા સફર કરી રહ્યા હતા જેથી કુફફારોથી પરદાનશીન સ્ત્રીઓની હિફાઝત કરી શકાય. આપે આ સફરમાં પોતાની સોહબતને અને ઈસાર(સ્વાર્થત્યાગ)ને ભરપૂર રીતે પ્રદર્શિત કરી અને આ કાફલો ખેરીયતની સાથે મદીના પહોંચી ગયો. આપે કાફલાવાળાઓની સંપૂર્ણ સુરક્ષાની અને દેખરેખની ફરજોને પૂરી કરી અને કાફલાના લોકોને એવું યકીન થઈ ગયું કે આપ એ બધાયના હમદર્દ,

હમસફર છે અને આપે કાફલાની જે વ્યવસ્થા ગોઠવી હતી તે બેમિસાલ હતી.

જ્યારે આ કાફલો મદીના પહોંચી ગયો તો પયગમ્બર(સ.)એ આપને પોતાની સાથે રહેવાનું કહ્યું. આ રીતે આપ ખાનદાનની સઘળી પરદાનશીન ઓરતો અને બાળકોમાં ખૂબ જ લોકપ્રિય બની ગયા. પયગમ્બર(સ.)ને જે વસ્તુ પસંદ હતી, આપ (અમીરુલ મોમિનીન) તેને પણ તેમાં શામેલ કરી લેતા હતા. પોતાની અંગત બાબતોને હુઝૂર(સ.) આપનાથી (એટલે કે અમીરુલ મોમિનીનથી) છૂપી રાખતા ન હતા. આ બધા એવા સદ્ગુણો છે કે જે અમીરુલ મોમિનીન સિવાય કોઈ બીજા માણસને પ્રાપ્ત થયા ન હતા, ન તો કોઈ રસૂલ(સ.)ના સહાબીને કે ન તો બની હાશિમના કોઈ માણસને કે ન તો કોઈ મુસલમાનને કે ન તો કોઈ ઈતાઅત કરનારને કે ન તો અલ્લાહની મખ્લૂકાતમાંથી કોઈને આવી ફઝીલત મળી હતી કે જેવી આપને (અમીરુલ મોમિનીનને) મળી હતી. ફઝીલતની બાબતમાં આપની નજીક કોઈ ફરકી શકે તેમ ન હતો. આ બધી ખૂબીઓ તો એ સદ્ગુણો ઉપરાંતની છે કે જેનું વર્ણન પહેલાં કરી દેવામાં આવ્યું છે કે જેમની બેપનાહ ખૂબીઓ અને ઉચ્ચ સદ્ગુણોનાં ચિહ્નો લોકોના દિલો ઉપર કોતરાઈ ગયેલાં છે.

## અમીરુલ મોમિનીન(અ.)એ ખાલિદ બિન વલીદના ઘણા બધા અપરાધોને રોકી લીધા

આવી જ રીતે (બીજું ઉદાહરણ) એવું છે કે અલ્લાહ તઆલાએ એવા કામ માટે આપને (અમીરુલ મોમિનીનને) મુકર્રર કર્યા કે જે લોકોએ પયગમ્બરે ખુદા(સ.)ના હુકમોનો વિરોધ કર્યો હોય તેમનાં ખોટાં કાર્યોને અને તેમના અપરાધોને સહીહ કરે અને તેમની સુધારણા કરે અને જે ખરાબીઓ પેદા થઈ હોય તેને દુરસ્ત કરે. આવી રીતે આપના હાથે ઈમાનદારી અને સદાચારને ફરી વાર કાયમ કરવામાં આવ્યો. આ કામ આપે ખૂબ જ સારી રીતે પૂરું કર્યું. આપે સુધારકાર્યને ખૂબ જ ક્રમબધ્ધરીતે અને સફળતાપૂર્વક ફરીથી પૂર્ણ કરી દઈને મુસલમાનોની બગડેલી પરિસ્થિતિઓને દુરસ્ત કરી દીધી. આપની સતત કોશિશનું પરિણામ એ આવ્યું કે દીનના સ્તંભો મજબૂત થઈ ગયા.

પયગમ્બરે ખુદા(સ.)એ ખાલિદ બિન વલીદને બની જઝીમાની પાસે એવો પયગામ લઈને મોકલ્યા હતા કે તે લોકો ઈસ્લામ કબૂલ કરી લે. હુઝૂર(સ.)એ તેમને જંગ કરવા મોકલ્યા ન હતા. તેમણે હુઝૂર(સ.)ના હુકમથી વિરૂધ્ધ કાર્ય કર્યું અને આપ(સ.)ના અહદને છોડી દીધો. મઝહબના વિરૂધ્ધ બગાવત કરી અને એવા લોકોને કતલ કરી નાખ્યા કે જે મુસલમાન હતા. તેણે એવા લોકોના દરજ્જાઓને નષ્ટ કરી દીધા હતા કે જે દરજ્જાઓ માટે ઈસ્લામ લાવ્યા બાદ પોતાના જાન અને માલની સુરક્ષા માટે શરીઅતની દૃષ્ટિએ તેઓ હકદાર હતા. આવી રીતે તેણે જંગલના એ કાનૂનોને પોતાનું ઉચ્ચ કાર્ય બનાવી દીધું કે જે જાહેલિયતના જમાનામાં જોવા મળતા હતા. તેણે એવા સઘળા ઉચ્ચ તરીકાઓ અપનાવ્યા કે જે કુફ્ફાર લોકોના અને દીનના દુશ્મનોના તરીકાઓ હતા.


તેની બદકારીઓનું પરિણામ એ આવ્યું કે ઈસ્લામ ખરાબ રીતે પ્રભાવિત થયો અને એ લોકો કે જેઓ પયગમ્બર(સ.)ની કોશિશોથી મુસલમાન થઈ ગયા હતા તેઓ આવી બદકારીઓથી બેહદ બુઝદિલ થઈ ગયા. તે લોકો ઈતાઅતથી છેડો ફાડવા લાગ્યા અને એવાં ચિહ્નો દેખાવા લાગ્યાં કે દીનની જે વ્યવસ્થા છે તે અસ્તવ્યસ્ત થઈ જશે કે જેનું કારણ માત્ર તે (ખાલિદ બિન વલીદ)ની બદકારીઓ અને અપરાધો હતા. આવી નાજુક પરિસ્થિતિઓને સુધારવા માટે (જે અપરાધો આચરવામાં આવ્યા હતા) પયગમ્બર(સ.) એ બાબતને સુધારવાનું યોગ્ય સમજ્યા. અલ્લાહ તઆલાએ ખૂંબહા માટે

જે કાનૂન બનાવ્યો છે તેને અમલમાં મૂકવા માટે હુઝૂર(સ.)એ અમીરુલ મોમિનીન(અ.)ને મોકલ્યા જેથી તેઓ છિન્ન ભિન્ન થઈ ગયેલા લોકોને રાજી કરી લે, તેઓ લોકોના દિલોમાંથી નફરતની ભાવનાને કાઢી નાખે અને લોકોની સાથે સદાચારથી કામ લે જેથી તે લોકોનાં ઈમાન ફરીથી મજબૂત બની શકે. હુઝૂર(સ.)એ આપને (એટલે કે અમીરુલ મોમિનીન(અ.)ને) એવી હિદાયત કરી કે જેમને કતલ કરવામાં આવેલા છે તેમનો ખૂંબહા આપવામાં આવે જેથી કરીને તેમના નજીકના સગા સંબંધીઓનો ગુસ્સો શાંત કરી શકાય (કે જેઓ વેર વાળવા ભડકી ઉઠ્યા હતા).

અમીરુલ મોમિનીન(અ.)ને જબરદસ્ત સફળતા મળી. આપે હકદાર લોકોને મુકર્રર કરેલી રકમો કરતાંય કેટલીય વધારે રકમ પોતાના ખિસ્સામાંથી અદા કરી અને લોકોને સંતોષી બનાવી દીધા. આપે તે લોકોને ફરમાવ્યું,

'તમારામાંથી જે કતલ થયેલા છે તેમનો ખૂંબહા હું તમને આપી રહ્યો છું અને ખૂંબહાની મુકર્રર રકમ કરતાં ય વધારે રકમ તમને આપી રહ્યો છું. તેને તમે લોકો તમારા વારસદારોને આપી શકો છો જેથી અલ્લાહ તઆલા પોતાના રસૂલ(સ.)થી ખુશ થઈ જાય અને તમે લોકો પણ પયગમ્બર(સ.)ની ઉદારતાથી ખુશ થઈ જાઓ. અલ્લાહના રસૂલ(સ.)એ મદીનામાં ખાલિદ બિન વલીદના અપરાધોને સખત શબ્દોમાં વખોડી કાઢ્યા. એ અપરાધોની માહિતી રસૂલિલ્લાહ(સ.)ને મદીનામાં મળી ચૂકી હતી અને તે અપરાધોની જે નિંદા પયગમ્બર(સ.)એ કરી તેની ખબર કતલ થનારાઓના સ્વજનોને પણ મળી ગઈ. ખાલિદના અપરાધોની જે નિંદા રસૂલિલ્લાહ(સ.)એ કરી અને બીજી બાજુ અમીરુલ મોમિનીન(અ.)નાં સુધાર કાર્યો અને આર્થિક મદદે લોકોના દિલોના ઝખમોને રૂજવવાનું કામ કર્યું. આવી રીતે તેઓ ફરીથી ઈસ્લામને અનુસરનારા બની ગયા. ત્યાં ફરીથી સદ્ભાવના અને અદ્લ કાયમ થઈ ગયાં અને જે લોકોએ અપરાધો આચર્યા હતા તેમણે પસ્તાવો કરવાનો સામનો કરવો પડ્યો. આ એવી જવાબદારીનું કામ હતું કે જે અમીરુલ મોમિનીન(અ.) સિવાય બીજો કોઈ માણસ કરી શકે તેમ ન હતો કેમકે જમાઅતમાં આટલી બધી ફઝીલતો ઉપર બિરાજમાન બીજો કોઈ માણસ હતો જ નહીં કે જેટલી ફઝીલતો અમીરુલ મોમિનીન ધરાવતા હતા. આવી કામીયાબી અમીરુલ મોમિનીન સિવાય બીજા કોઈના ભાગમાં ન આવી. આ સઘળી કામીયાબીઓમાં કોઈ બીજો માણસ તેમનો ભાગીદાર ન હતો. આવા પ્રકારનાં કાર્યોમાં એક પણ દેખીતું કાર્ય કોઈ બીજી વ્યક્તિએ કર્યું ન હતું. *


LIC



ઝાકીરહુસૈન જી મોમીન

એલ.આઈ.સી. જીવન વીમા સલાહકાર
(કાકોશીવાળા)

મોબાઈલ. ૯૪૨૮૧ ૧૩૩૬૬

- નવા તથા જુના વીમાના કામકાજ માટે.
- બચત તથા રોકાણની સાથે વીમાના રક્ષણ માટે.
- પ્રીમીયમ ભરવા માટે.

સરનામુ

૧૦૪-૧૦૫, પહેલો માળ, શહજાનંદ ટ્રેડ સેન્ટર,
કોઠાવાલા ફ્લેટ્સની સામે, પાલડી, અમદાવાદ - ૭.

આજે જ સંપર્ક કરો...

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### જમાઅતી જીવન

ઈસ્લામ ધર્મ માત્ર એક ધર્મ જ નથી પરંતુ એક સંપૂર્ણ અને પરિપૂર્ણ જીવન તરફ દોરી જતો એક માર્ગ પણ છે, જીવન વ્યવસ્થા પણ છે. અહીં ઈસ્લામી સામાજિક જીવન વિષે ચર્ચા કરવામાં આવી છે. ઈસ્લામી જમાઅતી જીવન એવું હોય છે કે જેમાં રહેનારી પ્રત્યેક વ્યક્તિએ એવી આચારસંહિતાઓને અપનાવવાની હોય છે એવાં ધારા ધોરણો પ્રમાણે જીવવાનું હોય છે કે જેથી કરીને બધા જ મુસલમાનો એક બીજા સાથે બંધાયેલા રહે, સંગઠિત રહે.

સમાજની એવી વ્યાખ્યા કરવામાં આવે છે કે સમાજ લોકોનો એવો એક સમૂહ છે કે જે એક પ્રકારની સામાજિક એકતા રચતો હોય છે કે જેની દરેક વ્યક્તિની જાતિ સમાન હોય, ધર્મ સમાન હોય, વિચારધારા સમાન હોય.

ઈસ્લામ ધર્મની વાત કરીએ તો આ એક એવો ધર્મ છે કે જે અલ્લાહ તઆલા તરફથી માનવજાતને મળેલી એક ભેટ છે, જેથી આ ધર્મમાં માનનારાઓ એક બીજા સાથે હળી મળીને શાંતિપૂર્વક અને સુમેળપૂર્વક રહીને જીવન જીવે. આવા પ્રકારનું સામૂહિક જીવન ત્યારે જ શક્ય બને છે કે જ્યારે આખા ય સમાજમાં સંપ અને એકતા હોય અને વ્યક્તિગત રીતે પણ દરેક જણ એકતા રાખે.

જો આવું જમાઅતી જીવન જીવવું હોય તો બધાએ એક જ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે હળી મળીને જ કામ કરવું પડે. ઉદાહરણ તરીકે કોઈ ક્રિકેટ ટીમે અથવા ફૂટબોલ ટીમે સફળતા પ્રાપ્ત કરવી હોય તો પ્રત્યેક ખેલાડીએ એક બીજાના સહકારથી કામ કરવું પડતું હોય છે અને જો આખી ટીમે સારો દેખાવ કરવો હોય તો દરેક ખેલાડીએ વ્યક્તિગત રીતે પણ સારી રમત રમવી પડતી હોય છે. બસ એવી જ રીતે ઈસ્લામ ધર્મે પણ એક સુખી સામાજિક જીવનના જે માર્ગની ખાત્રી આપી છે તે ત્યારે જ શક્ય બને કે જ્યારે દરેક મુસલમાન, ઈસ્લામે જે આચારસંહિતા દર્શાવેલી છે, જે ધારા ધોરણો બતાવ્યાં છે તે મુજબ વ્યક્તિગત રીતે જીવન જીવે જેથી કરીને તેની અસર આખી કોમ ઉપર થાય.

સમાજમાં અથવા કોમમાં રહીને જીવન જીવવું એ કોઈ પણ માણસ માટે કસોટી છે, પરીક્ષા છે, અજમાઈશ છે, કારણ કે માણસે દરેક તબક્કે કોઈને કોઈ કસોટીમાંથી પસાર થવું પડતું હોય. આ બાબતને વધુ સારી રીતે સમજવા માટે નીચે આપેલ એક ઉદાહરણ જોઈએ.

એક માણસ હતો. એક દિવસ તે બધા જ લોકોથી દૂર, સમાજથી દૂર જંગલમાં આવેલી એક ગુફામાં રહેવા માટે ચાલ્યો ગયો. તે હંમેશાં એ ગુફામાં જ રહેતો અને તે ગુફામાં રહીને નમાઝો પઢતો અને રોઝા રાખતો અને આ રીતે તે પોતાનું જીવન પસાર કરતો. એક દિવસ તે ગુફા પાસે થઈને જતા એક વટેમાર્ગુએ તેને જોયો અને પૂછ્યું,

'કેમ ભઈ ! તમે આવી નિર્જન જગ્યાએ એકલા કેમ રહો છો કે જ્યાં કોઈ માનવ વસ્તી જ નથી ?'

*જમાઅતથી જુદા પડશો નહીં કેમકે જે સાચા લોકોથી છૂટો પડે છે તે શયતાનનો શિકાર થઈ જાય છે, જેવી રીતે વિખૂટી પડેલી બકરીને વરૂ ખાઈ જાય છે એવી જ રીતે એકલાને શયતાન પકડી લે છે. – હઝરત અલી(અ.)*

પેલા માણસે જવાબ આપ્યો,

'જુઓ ભઈ ! આ ગુફામાં એકલા રહેવાથી મને ઘણા બધા ફાયદા થાય છે. અહીં હું ગુનાહ કરવાથી બચું છું, હું અલ્લાહને રાજી રાખું છું. અહીં રહીને મેં કોઈની ગીબત નથી કરી કે નથી કર્યો કોઈની સાથે ઝઘડો ફિસાદ. હું અહીં ગુસ્સે પણ થતો નથી અને કોઈ પાડોશીનું અપમાન પણ કર્યું નથી. હું એક પવિત્ર જીવન જીવી રહ્યો છું.'

આ સાંભળીને પેલો વટેમાર્ગું તો હસવા લાગ્યો અને કહેવા લાગ્યો,

'અરે ભઈ ! તમે તો તમારી જાતને બેવકૂફ બનાવી રહ્યા છો. તમે અહીં એક ઉમદા પરિસ્થિતિમાં રહ્યા છો તેનું એક માત્ર કારણ એ છે કે તમને ગાળો દે તેવું કોઈ અહીં હાજર નથી. ઝઘડો થાય એવો કોઈ માણસ અહીં નથી. વળી માણસ તરીકેની તમારી જે જવાબદારીઓ અલ્લાહે સોંપેલી છે તે જવાબદારીઓ નિભાવવાથી તમે છટકી રહ્યા છો. જુઓ, લોકોની વચ્ચે રહેવું, સમાજની સાથે રહેવું તે એક એવી કસોટી છે, અજમાયશ છે કે તમે તેમની સાથે રહીને તમારી જાતને કેવી રીતે અંકુશમાં રાખી શકો છો. કોઈ ખરાબ માણસને તમે માફ કરી શકો છો કે ગીબત કરવાથી તમારી જાતને તમે રોકી શકો છો અથવા તો કોઈને ચીડવવાથી તમે તમારી જાતને રોકી શકો છો. અહીં ગુફામાં રહીને તમે તો માત્ર એટલું જ કરી રહ્યા છો કે તમે અજમાયશથી - કસોટીથી દૂર ભાગી રહ્યા છો. તમારી જે જવાબદારીઓ છે તેનાથી છટકી રહ્યા છો. આવા મઠવાસીપણાને, સન્યાસી જેવા આવા જીવનને ઈસ્લામ સ્વીકારતો નથી.'

પેલા વટેમાર્ગુએ વધુમાં ઉમેર્યું,

'આ તો તમે એવું કર્યું કે પરીક્ષાનો સમય આવ્યો ત્યારે તમે શાળામાંથી દૂર ભાગી ગયા અને પછી મા-બાપને તમે એવું કહો છો કે જુઓ, હું પરીક્ષામાં નાપાસ થયો નથી. હકીકત તો એ છે કે તમે એકાદી ય પરીક્ષામાં બેઠા જ નથી.'

ગુફામાં રહેનારને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

ઈસ્લામી સમાજનું - ઈસ્લામી કોમનું દિલ ઈમાન છે કે જે કોમમાં રહેનારાઓને એકત્રિત રાખે છે, સંગઠિત રાખે છે અને અલ્લાહની ઈબાદત કરવાની તાલીમ આપે છે. તેથી જ તો ઈસ્લામ ધર્મમાં જમાઅત સાથે નમાઝ પઢવા ઉપર અને મજલિસો અને મેળાવડાઓમાં શામેલ થવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ઈસ્લામ ધર્મ અલ્લાહ તઆલાનો પસંદીદા ધર્મ છે અને અલ્લાહ તરફથી જ મળેલો છે અને તે ધર્મમાં રહીને ઈબાદત કરવાનો આદેશ અલ્લાહ તઆલાએ આપેલ છે :

અલ્લાહ(સુ.વ.ત.) કુરાન શરીફમાં આપણને હિદાયત કરતાં ફરમાવે છે : (અનુવાદ)

**'નિઃસંશય, આ ઈસ્લામ જ તમારો ધર્મ છે કે જે એક જ ખરો ધર્મ છે અને હું તમારો પરવરદિગાર છું માટે મારી જ ઈબાદત કરો.'** (સૂરએ અંબિયા, આયત-૯૨)

કોઈ પણ કોમની તાકાત તેની એકતા ઉપર ટકેલી છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે - 'United we stand, divided we fall.' જો આપણે સંગઠિત હોઈશું તો ટકી રહીશું અને જો વિભાજિત

**ગર ન બુદે ઝાતે હક્ક અંદર વજુદ,**
**આબો ગીલરા ક્યું મલક કરદેહ સુજુદ?** - મૌલાના રૂમ

(જો (હઝરત આદમ(અ.)ની અંદર) ખુદાની ઝાતે પાક હાજર ન હોત તો ફરિશ્તાઓ માટી અને પાણીને સિજદો શાના કરત ?)

થઈ જઈશું તો આપણું પતન થશે. Union is strength. એકતામાં જ શક્તિ રહેલી છે. કુરાન શરીફે પણ અલ્લાહની રસ્સીને મજબૂત રીતે પકડી રાખવાની અને અંદરો અંદર વિખવાદ ન કરવાની વાત કરી છે.

દુનિયામાં અન્ય ધર્મોના લોકોની સાથે આપણે રહેવાનું છે. તેમની સાથે પણ હળી મળીને રહેવાનું છે. આવું કરવા માટે અમુક બાબતોમાં સમાધાન કરવાની પણ છૂટ આપણને મળેલી છે પરંતુ ઈસ્લામી શરીઅત આપણને જેટલી છૂટ આપે છે એટલી જ છૂટ લેવી જોઈએ. ઈસ્લામી સિધ્ધાંતોના ભોગે કોઈ બાબત સાથે કદી સમાધાન આપણે ન કરી શકીએ. આ બાબત માટે ઈમામ હુસૈન(અ.)એ કરબલાના મેદાનમાં જે સબક આપણને શીખવાડ્યો છે તેને નજર સમક્ષ રાખવો જોઈએ.

ઈસ્લામી સમાજમાં રહેવું આપણા માટે એક અજમાયશ છે તો સાથે સાથે તેમાં સવાબ પણ રહેલો છે કારણ કે માણસ પોતાની જાતને એવા સાચા મિત્રો અને હમદર્દો સાથે ઘેરાયેલી રાખે છે કે જેઓ જરૂર પડે ત્યારે તેને મદદ કરે છે અને સવાબના હકદાર બને છે. અલ્લાહ તઆલા કુરાન શરીફમાં સૂરએ હુજરાત આયત નં.૧૩માં ફરમાવે છે :

**'હે લોકો ! નિઃસંશય અમોએ તમને એક પુરૂષ અને સ્ત્રી(ના સમાગમ)થી પેદા કર્યા અને તમને જુદી જુદી કોમો તથા કબીલાઓ બનાવી દીધા કે જેથી તમે એકબીજાને ઓળખી શકો; બેશક અલ્લાહની પાસે તમારામાંથી વધારે માનવંત એ જ છે કે જે વધારે પહેઝગાર છે...'** (ક્રમશઃ)

## નુસ્ખા

### ઉલટી

* તુલસી અને આદુનો રસ મધ સાથે લેવાથી ઉલટી મટે છે.
* લીંબું કાપીને તેના ઉપર સૂંઠ, સિંધવ મીઠું નાખી ગરમ કરી ચૂસવાથી અજીર્ણની ઉલટી મટે છે.
* એક એક તોલો દ્રાક્ષ અને ધાણા વાટીને પાણીમાં એક રસ કરી પીવાથી પિત્તની ઉલટી મટે છે.
* આમલીને પાણીમાં પલાળીને તેનું પાણી એક કલાક પછી પીવાથી પિત્તની ઉલટી મટે છે.
* કાંદાનો રસ થોડા પાણીમાં પલાળીને તેનું પાણી ગાળીને પીવાથી પિત્તની ઉલટી મટે છે.
* ચોખાના ઓસામણમાં જાયફળ ઘસીને પીવાથી ઉલટી-ઉબકા મટે છે.
* અડધો કપ ગરમ પાણીમાં ૧ ગ્રામ ખાવાના સોડા નાખી પીવાથી ઉલટી મટે છે.

## શબ્દ પરિચય

### ઈન્તિક઼ાલ


**ઈન્તિક઼ાલ** ( انتقال ) : આનો ઉચ્ચાર **ઈન્તેક઼ાલ** પણ થાય છે. ઈન્તિક઼ાલ અરબી શબ્દ છે. તેનો અર્થ થાય (૧) એક સ્થાનેથી બીજા સ્થાને જવું, સ્થળાંતર કરવું (૨) મરી જવું (૩) એકથી બીજાને પહોંચાડવું. **ઈન્તેક઼ાલ**નું બહુવચન **ઈન્તેક઼ાલાત** થાય. **ઈન્તેક઼ાલ કરના :** (૧) સ્થળાંતર કરવું (૨) મૃત્યુ પામવું **ઈન્તેક઼ાલે અરાઝી :** જમીનનું એકની મિલકતમાંથી બીજાની મિલકતમાં જવું. જમીનની માલિકીની ફેરબદલી-ફેરફાર **ઈન્તેક઼ાલે જાયદાદ :** મિલકતનું એક વ્યક્તિના કબજામાંથી બીજી વ્યક્તિના કબજામાં જવું **ઈન્તેક઼ાલે ઝહની :** (૧) વિચારનું એક જગ્યાએથી બીજી જગ્યાએ કેન્દ્રિત થવું (૨) વિચાર વિમૂઢતા (૩) એક વિચારમાંથી બીજા વિચારમાં સરી પડવું, વિચારસરણી બદલવી. **ઈન્તેક઼ાલે બહી :** મિલકતની હેરફેરનો, અદલાબદલીનો હિસાબનો ચોપડો **ઈન્તેક઼ાલે માઅની :** શબ્દના અર્થમાં થયેલો ફેરફાર, અર્થભેદ **ઈન્તેક઼ાલે રેહન :** ગીરો-હકમાં ફેરફાર **ઈન્તેક઼ાલે મકાની :** સ્થળ બદલવું, મકાન બદલવાં, વગેરે

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે... :**





સેદ્રાણા નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ યારમદ કડીવાલા** મુ.તા.૨, રબી.આખર-૧૪૩૩, તા.૨૫-૨-૨૦૧૨ને શનિવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) અને પીરો મુરશિદના ચાહક હતા. --->



<---બાદરપુર નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ અલાદભાઈ બટ્ટી** મુ.તા. ૨૮, રબી.આખર-૧૪૩૩, તા.૨૨-૩-૨૦૧૨ને ગુરૂવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા.


જેઠીપુરા નિવાસી **મર્હૂમ મો.શરીફભાઈ પીરમહંમદભાઈ માણસીયા** મુ.તા.૩, જમા.અવ્વલ-૧૪૩૩, તા.૨૭-૩-૨૦૧૨ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ચાલુ સાલે ઉમ્રહ હજ-ઝિયારત માટે ગયા હતા અને સફર દરમિયાન બીમાર થતાં અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા હતા. મર્હૂમ શરીફભાઈને સિરીઆમાં આવેલ અલ હસનીયા કબ્રસ્તાન(સૈનીયા)માં પૂર્વ દિશા તરફ કબર નં.૬૫૩૯માં દફન કરવામાં આવેલ છે. --->





<---કાકોશી નિવાસી **મર્હૂમા મો.હાજીયાણી સકીનાબેન હાજી નશીરભાઈ સેલીયા (ભૂરા)** મુ.તા.૨૮, જમા.અવ્વલ, તા.૨૧-૪-૨૦૧૨ને શનિવારના રોજ લાંબી બીમારી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા હજ અને ઝિયારતથી મુશર્રફ થયેલાં હતાં. તેઓ પીરો મુરશિદ તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં. તેઓ હરઘડીએ એહલેબયત અને પીરો મુરશિદનો ઝિક્ર કરતાં હતાં અને પાંચ ટાઈમની નમાઝનાં પાબંદ હતાં. તેઓ સ્વભાવે મિલનસાર હતાં.

કેશરપુરા નિવાસી **મર્હૂમ મો.નુરભાઈ દાઉદભાઈ રાજપુરા (ફતે)** મુ.તા.૩૦, જમા.અવ્વલ-૧૪૩૩, તા.૨૩-૪-૨૦૧૨ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ચાલુ સાલે ઉમ્રહ હજ-ઝિયારત માટે ૧૭ માર્ચના રોજ વતનથી રવાના થયા હતા અને મક્કા-મદીનામાં ઉમ્રહ હજ-ઝિયારત કરી સિરીઆ ગયા અને ત્યાં તેમની તબીયત બગડી હતી અને સારવાર લેવાથી સારું થઈ ગયું હતું. ત્યાંથી કાઝમૈન અને સામરાહ તથા કરબલાની ઝિયારતથી મુશર્રફ થયા અને આંતરડામાં પંકચર થવાથી તાત્કાલીક કરબલામાં હુસૈની હોસ્પિટલમાં પંકચરનું ઓપરેશન કરાવીને ડૉક્ટરની સલાહ મુજબ વતન પરત આવવું પડેલ. આમ મર્હૂમ નુરભાઈ ચાલુ મુસાફરીમાં બીમાર પડ્યા અને વતનમાં આવ્યા પછી દવાખાનામાં જ અલ્લાહની રહમતે પહોંચ્યા છે. --->





←---- ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન દાઉદભાઈ ખણુશીયા** મુ.તા.૨, જમા.આખર-૧૪૩૩, તા.૨૫-૪-૨૦૧૨ને બુધવારના રોજ ૫૭ વર્ષની વયે લાંબી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર અને ખૂબ જ મહેનતકશ હતા. તેઓ પીરો મુરશિદ અને અઈમ્મએ માઅસૂમીન(અ.)ના ચાહક હતા. મોહર્રમ માસ તેમજ અન્ય ધાર્મિક અને સામાજિક પ્રસંગોએ જમણ બનાવવામાં સહાયરૂપ થતા હતા. તેમણે ગામના દરેક કોમના માણસોના હૃદયમાં પોતાનું સ્થાન મેળવેલ હતું. મર્હૂમના અવસાનથી જમાઅતે એક ઉમદા મોમિન ગુમાવ્યો છે.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ લોઢા** મુ.તા.૨૨, જમા.અવ્વલ-૧૪૩૩, તા.૧૪-૫-૨૦૧૨ને સોમવારના રોજ લીવરની બીમારથી આશરે ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, નેક દિલ, મિલનસાર અને મહેમાનનવાઝ હતા. એસ.એસ.સી. પાસ કર્યા બાદ હિંમતનગર ખાતે ગંગારામ પટેલની જયવીર કંપનીમાં નિષ્ઠાપૂર્વક નોકરી કરી અને અનુભવથી ઈલેકટ્રીક પેનલો બનાવવામાં નિપુણતા પ્રાપ્ત કરી હતી. મર્હૂમના જનાઝામાં ગંગારામ પટેલનો પરિવાર અને અન્ય કોમના લોકો શામેલ થયા હતા. મર્હૂમની ઝિયારતમાં હિંમતનગર સિરામિક ગ્રૂપ તેમજ વિજાપુર અને મહેસાણા કોટન મિલોના માલિકો અને અન્ય ગૈર મુસ્લિમ બિરાદરોએ હાજરી આપી હતી. મર્હૂમ ઉમ્રહ ઝિયારતથી મુશર્રફ થયા હતા અને તેમણે પોતાના ખર્ચે તેમના કુટુંબના સભ્યોને પણ ઉમ્રહ ઝિયારત કરાવી હતી.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


Shokatbhai - 94283 84286 M: (Shop) 97229 01460
Faizahemad - 97147 64194

Dashawadawala
**APANA**
**CUTLERY STORE**

**Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.**

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

**કામયાબ સેલ્સ એન્ડ સર્વિસ**



મીનરલ વૉટર
(આર.ઓ.પ્લાન્ટ),
ગેસ ગીઝર, ગેસ સગડી,
લાઈટર, ગેસ પાઈપો મળશે
તથા રીપેરીંગ કરી
આપવામાં આવશે.

મીનરલ વોટર પ્લાન્ટનો વાર્ષિક કોન્ટ્રાક્ટ લેવામાં આવશે.

એક જ ફોનથી ઘરે બેઠાં સર્વિસ આપવામાં આવશે.

જાફરઅલી વાય. લશ્કરી મો.૯૯૨૪૭ ૮૫૭૮૫
શબ્બીરઅલી વાય. લશ્કરી મો.૯૭૨૩૨ ૨૪૮૪૮
(શેખપુરવાળા)

બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર